Website : www.rakhewaldaily.com
Email : rakhewal@gmail.com

વર્ષ : 33 ● અંક : ૨૨૩
તા.૧૯-૦૯-૨૦૧૭, મંગળવાર
સંવત ૨૦૭૩ ભાદરવા વદ - ૧૪
પાના : ૮ ● કિંમત રૂ.૨-૦૦

સૂર્યોદય : ૦૬:૩૦ સૂર્યાસ્ત : ૦૬:૪૦

| તાપમાન | | | |
|---|---|---|---|
| ડીસા | ૩૫.૪ | વડોદરા | ૩૩.૮ |
| અમદાવાદ | ૩૫.૨ | સુરત | ૩૧.૬ |
| ગાંધીનગર | ૩૫.૦ | નલિયા | ૩૨.૬ |

ચાંદી : ૪૧,૦૦૦ સોનું : ૩૦,૫૦૦

P.R.No. GBK/06/2015-17 RNI No 20508/71
Facebook.com/rakhewal

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક
# રખેવાળ

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭ જનસેવાની પરંપરાના ૩૩ વર્ષ...

# માયા કોડનાની વિધાનસભા અને સોલા સિવિલમાં હાજર હતા

## વિચાર વૈભવ...

### કોમ્પ્યુટરનાં મૂળિયાં

કયારેક પ્રશ્ન થાય કે આદિ માનવ પહેલીવાર જૂઠું કયા સંજોગોમાં બોલ્યો હશે. સમાજમાં ખાનગી માલિકી, રાજયવ્યવસ્થા, લગ્નસંસ્થા, નિશાળ, ન્યાયાલય ને દેવળો ન હોય તો કોઈ માણસ માટે જૂઠું બોલવાનું માનીએ તેટલું સહેલું જણાતું નથી. અસત્યના મૂળમાં સંસ્કૃતિ નહિ હોય? અસત્ય જેમ વધારે ને વધારે વ્યવસ્થિત બનતું જાય, સંસ્થાગત બનતું જાય અને સ્વીકાર્ય બનતું જાય તેમ તેમ આપણી કહેવાતી સંસ્કૃતિ વિકાસ પામતી રહે એવું તો નહિ હોય ને! કુંભારનો ચાકડો હવે ફલાયવ્હીલ બનીને આપણી સમક્ષ ફરતો રહે છે. ચાકડો કાયમ માટીના સંપર્કમાં રહેતો. ફલાયવ્હીલને તો માટી સાથે હવે ઉપરછલ્લી ઓળખાણ પણ રહી નથી અને કુંભારનો તો કયાંય પત્તો જ નથી!

કૂતરો પગલાં સૂંઘીસૂંઘી ગુનેગાર સુધી પહોંચી જાય એ રીતે માણસ કયારેક પોતાનાં મૂળ સુધી પહોંચી જવા ઝંખે છે. આવી ઝંખનાને 'ઊર્ધ્વમૂલ' ગણાવીને એના પર બ્રહ્મવિદ્યાની ગહનતાનું આરોપણ કરવાનું પણ ટાળવા જેવું છે. સાહજિકતા, જ્ઞાનના વહેમ હેઠળ દબાઈ મરે એના કરતાં તો જે કાંઈ અજ્ઞાન મારા તાબામાં છે તેને સાચવી રાખવાનું હું પસંદ કરૂં. મૂળ સુધી પહોંચવાની આ ઝંખના ગુરૂત્વાકર્ષણ જેટલી સહજ જણાય છે. ન્યુટને ગુરૂત્વાકર્ષણ નામની ઘટના પર નિયમો રચ્યા તે જ રીતે માણસની આ મૂળગામી ઝંખના પર ઘણાં શાસ્ત્રો રચાયાં છે.

શિકાર કરીને જીવનાર આદિમાનવે જે હિંસા કરી તે એની જીવન ટકાવી રાખવાની મથામણની અનિવાર્યતા હતી. સદીઓ પછી રાજય નામની સંસ્થાનો જન્મ થયો ત્યારે શિકારીને ક્રીડાનો દરજ્જો મળ્યો. ક્રીડા ખાતર પ્રાણીઓને મારવાની શરૂઆત થઈ ને આજે ક્રીડા ખાતર માણસોને મારવામાં આવે છે. ચલચિત્રોમાં ઘાતકી ખલનાયક કોઈને મારે તેય સ્ટાઈલપૂર્વક! બિલાડી ઉંદરને રમાડે એમ પોતાના સકંજામાં આવેલા માણસને મારતાં પહેલાં રમાડતો હોય એવા સંવાદો ખલનાયક બોલે છે. ઈદી અમીને કેટલાય માણસોને ખાલી શોખ ખાતર જ મારી નાખેલા.

આપણા મૂળને પામવાની સહજ ઝંખના એ આપણો સ્વભાવ છે. સ્વ-ભાવ ગુમાવી દઈને માણસ 'સ્વ' ની શોધ શી રીતે કરી શકે? એ જવાબદારી હવે એણે કવિઓ પર છોડી દીધી જણાય છે. 'સ્વ' ની ગુમાવી દીધા પછીના સ્વ- રાજયમાંય ખરી મજા નથી હોતી. સ્વ-રાજય ભોગવવાના આપણા પ્રયત્નોનું પણ કંઈક એવું જણાય છે.

એક માણસ બીજા માણસનો વિશ્વાસ નથી કરતો પરંતુ એને કોમ્પ્યુટર પર પૂરો ભરોસો હોય છે. દુકાનના ગલ્લા પર માનવ સંચાલિત ત્રાજવા પર એને વિશ્વાસ નથી બેસતો પરંતુ સ્ટેશન પર પોતાનું વજન કરનારા યંત્ર પર એને વહેમ નથી પડતો. જેને તાવ ચઢ્યો હોય તે માણસ પર ભારોભાર અવિશ્વાસ હોય તો ય એનો તાવ માપનાર થરમોમિટર પરની એની શ્રદ્ધા અકબંધ જણાય છે. અણુબોમ્બની વિનાશકતામાં અશ્રદ્ધા રાખવાને કારણ નથી પણ એ બનાવનાર પર ભરોસો મૂકવાનું મુશ્કેલ. કોમ્પ્યુટરનાં મૂળ શોધતાં શોધતાં આપણે કયારેક આપણાં મૂળ સુધી પહોંચી જઈશું- કોલમ્બસ અમેરિકા પહોંચી ગયેલો તેમ!

- ગુણવંત શાહ

## માયાબહેન કોડનાનીની હાજરી મુદ્દે અમિત શાહની મહત્વની જુબાની : માયાબહેનની તરફે બચાવ પક્ષના સાહેદ તરીકે અમિત શાહની જુબાની અને ઉલટતપાસ પૂર્ણ : શાહની બચાવ પક્ષના પુરાવાને સમર્થન આપતી જુબાની



અમદાવાદ

નરોડા ગામના ચકચારભર્યા રાયોટીંગ કેસના ટ્રાયલ દરમ્યાન આજે ભારે ઉત્તેજનાપૂર્ણ માહોલ વચ્ચે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહની જુબાની અને ઉલટતપાસ પૂર્ણ કરાઇ હતી. લગભગ ૫૮ મિનિટ સુધી શાહની જુબાની અને ઉલટતપાસ ચાલ્યા હતા. માયાબહેન તરફે બચાવપક્ષના સાહેદ તરીકે અમિત શાહને કોર્ટ રૂબરૂ તપાસવામાં આવ્યા હતા. જેમાં અમિત શાહે સાફ શબ્દોમાં કોર્ટ સમક્ષ સ્પષ્ટ કર્યું હતું કે, માયાબહેન કોડનાની બનાવના દિવસે વિધાનસભા અને સોલા સિવિલ હોસ્પિટલ ખાતે હાજર હતા. એ દિવસે ગોધરાકાંડમાં માર્યા ગયેલા મૃતકોને લઇ સોલા સિવિલ હોસ્પિટલ ખાતે ઉમટેલા તેમના પરિવારજનો અને નાગરિકોમાં આક્રોશ હતો અને તેથી પોલીસ મને અને માયાબહેનને કોર્ડન કરી પોલીસજીપમાં લઇ ગઇ હતી. નરોડા ગામ કેસમાં આરોપી માયાબહેન કોડનાની તરફે બચાવપક્ષના સાહેદ તરીકે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહની જુબાની એડવોકેટ અમિત શાહે લીધી હતી. અમિત શાહે કોર્ટ સમક્ષ આપેલી શબ્દશઃ જુબાની કંઇક આ પ્રમાણે છે. "ગત તા.૨૭-૨-૨૦૦૨ ના રોજ ગોધરા મુકામે સાબરમતી એક્સપ્રેસ ટ્રેનમાં ડબ્બો બાળવાનો બન્યો હોવાની માહિતી પ્રાપ્ત થઇ હતી.

### માયાબેનને બચાવવા આવ્યો છું એ વાત સાચી નથી : શાહ

અમદાવાદ

નરોડા ગામના રાયોટીંગ કેસમાં બચાવપક્ષની જુબાનીનો તબક્કો પૂરો થયા બાદ પ્રોસીક યુશન પક્ષ તરફથી ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહની ઉલટતપાસ કરવામાં આવી હતી અને તેમાં કેટલાક ફેરવીતોળવીને પ્રશ્નો પૂછાયા હતા પરંતુ અમિત શાહે તમામ પ્રશ્નોનો સાફ શબ્દોમાં અને ભારે મક્કમતા સાથે જવાબો આપ્યા હતા. પ્રોસીકયુશન પક્ષ તરફથી ઉલટતપાસમાં એવો મહત્વનો પ્રશ્નો પૂછાયો હતો કે, તમે અને માયાબહેન એક જ પક્ષના હોવાથી તમે તેમને બચાવવા માટે જુબાની આપવા આવ્યા છો? જેના પ્રત્યુત્તરમાં અમિત શાહે સાફ સાફ શબ્દોમાં પ્રોસીકયુશનપક્ષના સ્પેશ્યલ પીપીને સુણાવી દીધું હતું કે, એ વાત ખરી નથી કે, માયાબહેન અને હું બંને એક જ પક્ષના કાર્યકરો હોવાના કારણે તેમને બચાવવા માટે હું આજે જુબાની આપવા આવ્યો છું. શાહે પોતાની ઉલટતપાસમાં એ પણ સ્પષ્ટ કર્યું હતું કે, તેમણે વિધાનસભા ગૃહમાં અને સોલા સિવિલ હોસ્પિટલ ખાતે માયાબહેનને જોયા તે દરમ્યાન તેઓ કયાં હતા તેની મને ખબર નથી.

## ફેકટરી માલિક- કોન્ટ્રાકટરની બેદરકારીનો ભોગ કામદાર બન્યા

# અમદાવાદની વટવા GIDCમાં ગેસ ગળતરથી ચારના મોત થતા દહેશત

### પ્લાન્ટમા બેભાન થઈ પડેલા કામદારને બહાર કાઢવા જતા અન્ય પણ પ્લાન્ટમા પડ્યા : પોલીસ દ્વારા માલિક સામે ફરિયાદ : એફલ્યુઅન્ટ પ્લાન્ટમાં બનાવ

અમદાવાદ

અમદાવાદ શહેરના પૂર્વ વિસ્તારમા આવેલા વટવા વિસ્તારની જીઆઈડીસી ફેઝ-૨ની એક બંધ ફેકટરીમા આજે બપોરના સુમારે અચાનક ગેસ ગળતરને પગલે ત્યાં હાજર એવા આઠ જેટલા કામદારો બેભાન થવા પામ્યા હતા આ ઘટનાને પગલે તમામને મણિનગર ખાતે આવેલી એલ.જી.હોસ્પિટલ ખાતે સારવાર માટે ખસેડવામા આવ્યા હતા જે દરમિયાન ચાર કામદારોના મોત થવા પામ્યા છે જ્યારે ચારની હાલત ગંભીર છે.આ અંગે મળતી માહિતી અનુસાર,શહેરના પૂર્વ વિસ્તારમા આવેલી વટવા જીઆઈડીસી ફેઝ-૨મા એડવાન્સ ડાય સ્ટફ નામની ફેકટરી આવેલી છે આ ફેકટરીમા આવેલા એફલ્યુઅન્ટ પ્લાન્ટ પાસે બપોરના સુમારે આઠેક જેટલા કામદારો ઉભા હતા તે સમયે અચનાક કેમીકલ ભરેલા પ્લાન્ટમાંથી ગેસ ગળતર થતા એક કામદાર બેભાન થઈ પ્લાન્ટમા પડતા અન્ય કામદારો દ્વારા તેને બહાર કાઢવાનો પ્રયાસ કરવામા આવતા બીજા કામદારો પણ પ્લાન્ટમા પડતા તેઓ પણ બેહોશ થવા પામ્યા હતા.બીજી તરફ ફેકટરીમા બનેલી આ ઘટનાને પગલે ફાયરબ્રિગેડને જાણ કરવામા આવી હતી ફાયરની ટીમ બચાવ કામગીરી માટે પહોંચે એ પહેલા જ બેભાન હાલતમા તમામ આઠ જેટલા કામદારોને સારવાર માટે મણિનગરમા આવેલી એલ.જી. હોસ્પિટલ ખાતે ખસેડવામા આવ્યા હતા જ્યાં સારવાર દરમિયાન ચાર કામદારોના મોત થવા પામ્યા હતા જ્યારે ચારની હાલત ગંભીર હોવાનુ હોસ્પિટલ સત્તાવાળાઓ દ્વારા જાણવા મળ્યુ છે.શહેરના વટવા વિસ્તારમા આવેલી જીઆઈડીસી ફેઝ-૨ની આ ફેકટરીમા બપોરે એકના સુમારે બનેલી આ ઘટનાને પગલે અમદાવાદ ફાયર વિભાગની ટીમ ઉપરાંત ઉચ્ચ પોલીસ અધિકારીઓ પણ ઘટનાના સ્થળે તેમજ એલ જી હોસ્પિટલ ખાતે પહોંચી ગયા હતા.

## પેપરવોટની ફરજિયાત ગણતરી ન કરવાનો પણ નિર્ણય લેવાયો

# ગુજરાત અને હિમાચલ ચૂંટણીમાં વીવીપેટનો ઉપયોગ કરવા તૈયારી

### ચૂંટણી પંચ હાલ ચોક્કસ ટકાના મતદાનવાળા કેન્દ્રો ઉપર ફરજિયાત વીવીપેટ પેપરવોટની કાઉન્ટિંગ કરવાની તરફેણમાં નથી : ઘણી દુવિધા અકબંધ

નવીદિલ્હી

ગુજરાત અને હિમાચલ વિધાનસભા ચૂંટણીમાં વીવીપેટ મશીનોથી કરાવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. અલબત્ત ચોક્કસ મતદાન કેન્દ્રો ઉપર આમાથ નિકળનાર પેપરવોટની ફરજિયાત કાઉન્ટિંગ થશે નહીં સુત્રોએ માહિતી આપતા કહ્યું છે કે, ચૂંટણી પંચ હાલમાં એક ચોક્કસ ટકાના મતદાન કેન્દ્રો ઉપર ફરજિયાત વીવીપેટ પેપર વોટની કાઉન્ટિંગ કરાવવાની તરફેણમાં નથી. તેનું ધ્યાન માત્ર નવી વ્યવસ્થાને યોગ્યરીતે અમલી કરવા ઉપર કેન્દ્રિત છે. ઈવીએમ વોટિંગ મશીન સાથે વીવીપેટ મશીન ગોઠવવામાં આવે તેવી માંગણી લાંબા સમયથી ઉઠી રહી છે. આ વર્ષના અંત સુધીમાં ગુજરાત અને હિમાચલ પ્રદેશમાં વિધાનસભાની ચૂંટણી યોજાનાર છે. ચૂંટણી પંચના એક વરિષ્ઠ અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે, અમને તબક્કાવારરીતે આગળ વધવાની જરૂરીયાત દેખાઈ રહી છે. ગોવામાં પ્રથમ વખત ઉપયોગ કરવામાં આવ્યા બાદ ગુજરાત અને હિમાચલ પ્રદેશની ચૂંટણીમાં મોટાપાયે નવા પ્રયોગ કરવાની હિલચાલ ચાલી રહી છે. ગોવામાં પ્રથમ વખત ઉપયોગ કરવામાં આવ્યા બાદ ગુજરાત અને હિમાચલની ચૂંટણી મોટા રાજ્યોની એવી પ્રથમ ચૂંટણી હશે જ્યાં ૧૦૦ ટકા વીવીપેટ આધારિત મતદાન થશે. તેમણે કહ્યું હતું કે, દરેક વિધાનસભામાં મતદાન કેન્દ્રોની ચોક્કસ સંખ્યા પર પેપરટ્રેલના કાઉન્ટિંગથી પહેલાઆ નવી વ્યવસ્થાને યોગ્યરીતે અમલી કરવાની બાબત જરૂરી બની છે.

## શંકરસિંહ વાઘેલા સક્રિય રાજકારણમાં પરત ફરશે

ગાધીનગર

કોંગ્રેસ સાથે છેડો ફાડયા બાદ થોડા વિશ્રામ પછી શંકરસિંહ વાઘેલા ગુજરાતના સક્રિય રાજકારણમાં પાછા ફરવાનો નિર્ણય કર્યો છે. જેની જાહેરાત તેઓ આવતીકાલે મંગળવારના રોજ કરશે તેવું તેમના વિશ્વસનીય સુત્રોએ જણાવ્યું છે. કોગ્રેસ દ્વારા જયારે લાંબા સમય પછી ગુજરાત ભાજપને ટક્કર આપવાની સ્થિતિ ઊભી થઈ છે ત્યારે બાપુની રાજકારણમાં રીએન્ટ્રી કોંગ્રેસનો ખેલ બગાડી શકે છે. સુત્રોના જણાવ્યા પ્રમાણે મંગળવારના રોજ શંકરસિંહ વાઘેલા ગુજરાતના રાજકારણમાં પોતાની ભૂમિકા સ્પષ્ટ કરશે, જો કે તેઓ વિધાનસભાની ચૂંટણી જાતે લડવાને બદલે ભાજપ કોંગ્રેસની સામે વધુમાં વધુ ઉમેદવાર ચૂંટણી લડે તેવી વ્યવસ્થા કરશે.

## ત્રીજી ઓકટોબરે કેન્દ્રીય સ્કીનીંગ કમીટીની બેઠકેમાં જાહેરાત થવાની સંભાવના

# વિધાનસભા ચુંટણી : કોંગ્રેસ ૯૦ થી ૯૫ ઉમેદવારોની યાદી ટુંકમાં જાહેર કરશે

રાજકોટ

ગુજરાત પ્રદેશ કોંગ્રેસની ઈલેકશન કમીટીની આજે ૪ વાગ્યે મીટીંગ મળી રહી છે અને આવતીકાલે સંભવત સ્કીનીંગ કમીટી પ્રદેશ ઈલેકશન કમીટીના સભ્યોને મળશે ત્યારે એક અહેવાલ એવા મળી રહયા છે કે ત્રીજી ઓકટોબરના રોજ કદાચ ૪૩ વર્તમાન ધારાસભ્યો અને અને ૪૫ થી ૫૦ ઉમેદવારોની ટીકીટ જાહેર થઈ શકે છે. રાજયસભાની ચુંટણીમાં કોંગ્રેસ પ્રત્યે વફાદારી દાખવીને અહેમદભાઈ પટેલની જીતમાં મહત્વનું યોગદાન આપનાર ૪૩ વર્તમાન ધારાસભ્યોને પ્રથમ તબક્કામાં જ પુનઃ ટીકીટ ફાળવી દેવાશે

ચૂંટણી કાઉન્ટ ડાઉન •૨૦૧૭•

આ ઉપરાંત જે ધારાસભા બેઠકો ઉપરથી કોંગ્રેસ ૧૯૯૦ બાદ કયારેય વિજયી બની ન હોય તેવા વિસ્તારના મૂરતીયાને પુરતો સમય આપી ચુંટણી પ્રચાર વ્યવસ્થીત રીતે ગોઠવી શકે તે માટે વહેલા જ જાહેર કરી દેવાશે. પ્રદેશ પ્રમુખ ભરતસિંહ સોલંકીએ અગાઉ જ જાહેર કરી દીધું છે કે તેઓ ધારાસભાની ચુંટણી નહી લડે ત્યારે પ્રદેશ નેતાઓ સિધ્ધાર્થ પટેલ, અર્જુનભાઇ મોઢ વાડીયા, શકિતસિંહજી ગોહીલ સહીતના નેતાઓની જાહેરાત પણ ત્રીજી ઓકટોબરે થઈ શકે છે. કોંગી વર્તુળોમાં ચર્ચાતી વિગતો મુજબ કેન્દ્રીય સ્કીનીંગ કમીટીની બેઠક ગુજરાતમાં જ યોજવા રાહુલ ગાંધીની સુચના છે અને કોઇ પણ નિર્ણય લોકો વચ્ચે જ થવા જોઇએ તેવી નીતી અપનાવાશે.

# આખરે દિનાકરણના ૧૮ સમર્થક ધારાસભ્યો ગેરલાયક

ચેન્નાઈ

તમિળનાડુમાં ચાલી રહેલી રાજકીય ખેંચતાણ વચ્ચે ટીટીવી દિનાકરણ-વીકે શશીકલા છાવણીને આજે મોટો ફટકો પડ્યો હતો. વિધાનસભા અધ્યક્ષ પી ધનપાલ ટીટીવી દિનાકરણના ૧૮ સમર્થકોની મેમ્બરશીપ રદ કરી દીધી છે. વિધાનસભા અધ્યક્ષે બંધારણની કલમ ૧૦ હેઠળ આ ધારાસભ્યોને ગેરલાયગ જાહેર કરીદીધા છે. અધ્યક્ષ તરફથી આ કાર્યવાહી કરવામાં આવ્યા બાદ પલાની સામીના નેતૃત્વવાળી રાજ્ય સરકાર ઉપર સંકટના વાદળો ઘેરાઈ ગયા છે. વિધાનસભા સચિવ દ્વારા જારી કરવામાં આવેલા નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, વિધાનસભા અધ્યક્ષે પક્ષાંતર કાયદા હેઠળ આ કાર્યવાહી કરી છે. હવે આ તમામ ૧૮ ધારાસભ્યોને અયોગ્ય જાહેર કરી દેવામાં આવ્યા છે. સાથે સાથે તેમની વિધાનસભાની મેમ્બરશીપ ખતમ થઇ ગઇ છે. મુખ્યમંત્રી પલાનીસામી અને પનીરસેલ્વમની સામે મોરચો ખોલનાર દિનાકરણ માટે આને એક મોટા ફટકા તરીકે જોવામાં આવે છે. વિધાનસભા અધ્યક્ષે તમામ ધારાસભ્યોને પોતાની સામે ઉપસ્થિત થવા માટે કહ્યું હતું પરંતુ માત્ર કેટલાક ધારાસભ્યો અધ્યક્ષની સામે ઉપસ્થિત રહ્યા હતા.

# વિરમપુરના પેડછોડી માર્ગ પર અકસ્માત



સંજય જોષી



### બે બાઈક સામસામે ટકરાતાં ૨ ના મોત ૩ ઘાયલ

પાલનપુર

અમીરગઢ તાલુકાના વિરમપૂર નજીક પેડછોડી ગામ તરફ જવાના માર્ગ ઉપર ગઈકાલે બે બાઈક સામ સામે ટકરાતા બે યુવકોના મોત નિપજયા હતા. જયારે અન્ય ત્રણ યુવકોને ઈજા થતાં પાલનપુર સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. અમીરગઢ તાલુકાના વિરમપુર પંથકમાં આવેલ પેડછોડી ગામના માર્ગ ઉપર ગઈકાલે બે બાઈક સામ સામે ટકરાયા હતા. જેમાં બંને બાઈક ઉપર સવાર બે યુવકોના ઘટના સ્થળે મોત નિપજયા હતા. જયારે અન્ય ત્રણ યુવકોને ગંભીર ઈજા થઈ હતી. આ બનાવના પગલે ઘટના સ્થળે લોકોના ટોળે ટોળા એકઠા થઈ ગયા હતા. અને ઘાયલોને સારવાર માટે પાલનપુર સિવિલમાં ખસેડ્યા હતા. અમીરગઢ પોલીસને જાણ કરતા પોલીસે ઘટના સ્થળે દોડી આવી હતી.

#### મૃતકના નામ

ચંદુ ગલબાભાઈ સોલંકી ઉ.૪૨ રહે.ભેદલા તા.અમીરગઢ, બાબુભાઈ.એ.ગમાર ઉ.૪૦ રહે.કાનપુરા તા.અમીરગઢ
ઘાયલના નામઃ માલાભાઈ બુમ્બડિયા ઉ.૪૫ રહે.આબ, નારણભાઈ મંછાભાઈ ખરાડી ઉ. ૪૦ રહે. કાનપુરા,દિપક ચંદુભાઈ સોલંકી ઉ.૨૦ રહે. ભેદલા.

## ઠરાવ કરાવવા રાજકારણ અને સમાધાન માં પણ રાજકારણ આવ્યું..

# બનાસકાંઠા જિલ્લા શિક્ષણ સંઘની ચૂંટણી ઠરાવ બાદ પણ ન યોજાતા ખળભળાટ

### જિલ્લા શિક્ષણ સંઘ નું ઇલેક્શન કરવા ઠરાવ થયો અને થયું સિલેક્શન..

પાલનપુર

બનાસકાંઠા જિલ્લા શિક્ષણસંઘ ની ચૂંટણી માં રાજકીય રંગ આવી જવા પામ્યો છે.વર્ષો થી બિન હરીફ થતા આ શિક્ષણ સંઘ આ વખતે રાજકારણ નો ભોગ બનતા ચૂંટણી માટે ઠરાવ કરવો પડ્યો જોકે બાદ માં રાજકીય સમાધાન થતા ઠરાવ કરેલ હોવા છતાં ચૂંટણી કરવાનું ટાળી દેવામાં આવ્યું છે.જેને લઈને જિલ્લા માં રાજકીય ગરમાવા સાથે વિવાદ વકરી જવા પામ્યું છે..




ભરત સુંદેશા

બનાસકાંઠા જિલ્લા શિક્ષણ સંઘ ની ચૂંટણી યોજવા પ્રથમ વખત જિલ્લા પંચાયત કારોબારી માં રાજકીય ઈશારે ઠરાવ કરવામાં આવ્યું હતું જેમાં ૨૯ મેં ના રોજ કારોબારી ની મિટિંગ માં એક માસ માં ચૂંટણી પૂર્ણ કરવા નો ઠરાવ કરાયો હતો જોકે બાદ માં શિક્ષકો ના આ સંઘ માં રાજકારણ આવી ગયું હતું અને જેમાં બનાસકાંઠા ના મોટાગજા ના ભાજપ ના નેતાઓ મેદાન માં આવી ગયા હતા અને આ શિક્ષકો ના સંઘ માં રાજકારણ લાવી દીધેલ બાદ માં વર્ષો થી સત્તા પર બેઠેલા શિક્ષક નેતાઓ ના હાથ માંથી સત્તા ન જાય તે માટે સમાધાન ની પ્રક્રિયા કરેલ જેમાં રાજનેતાઓ ના ક્યાં મુજબ હોદ્દાઓ ની વહેંચણી કરી ઈલેકશન ના બદલે સિલેકશન કરી દઈ કાગળ પર સિલેકશન થયું અને જેમાં હોદ્દેદારો ની યાદી જિલ્લા પંચાયત અને શિક્ષણ વિભાગ માં મૂકી દીધેલ.જોકે ઠરાવ થયા બાદ ચૂંટણી કરવાની હોય છે તે બાબતે જિલ્લા વિકાસ અધિકારી અમિત અરોરા ને પૂછતાં તેઓ આ બાબતે કશું જ કહેવા તૈયાર ન હતા .આ બાબત ને લઈને સમગ્ર જિલ્લા માં રાજકીય ગરમાવો આવી જવા પામ્યું હતું જોકે

અનુસંધાન પાના નં.૬

#### ડૉ. દિપક દરજીઃ (જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી,બનાસકાંઠા)

શિક્ષણ અધિકારી ને પૂછતાં તેઓ ચૂંટણી બાબતે ઈલેકશન ની જગ્યા એ સિલેકશન થઈ ગયું હોવાનું કહ્યું હતું જોકે આ પ્રક્રિયા કાયદા ની બાબત માં કેટલી યોગ્ય છે તે બાબત કહી ન શકાય તેવું કહી આ બાબત ને દબાવવાની કોશિશ કરી હતી..

#### લક્ષ્મીબેન કરેણ : (વિરોધ પક્ષ નેતા જિલ્લા પંચાયત બનાસકાંઠા)

આ બાબતે જિલ્લા પંચાયત વિરોધ પક્ષ ના નેતા એ રાજકીય ઈશારે ઠરાવ થયો હતો અને રાજકીય ઈશારે સમાધાન થયો છે.જોકે તેમને ભાજપ ની સરમુખત્યાર સાહિ જે ચાલી રહી છે તેની અસર હવે શિક્ષણ સંઘ ની ચૂંટણીઓ માં થવા લાગી છે.તેવા ગંભીર આક્ષેપ કરી ૧૪,૦૦૦ શિક્ષકો ને મત નો અધિકાર ભાજપ ના નેતાઓ દ્વારા છીનવી લેવાયો હોવાના અને જ્યારે સમગ્ર દેશ માં ચૂંટણી નું.મતદાન યોગ્ય રીતે થાય તે માટે શિક્ષકો ફરજ બજાવતા હોય છે ત્યારે શિક્ષકો ના મત ના અધિકારવાળા શિક્ષણ સંઘ માં ભાજપે રાજકારણ લાવીને ૧૪ હજાર શિક્ષકો ને નારાજ કર્યા છે જેનું પરિણામ આવનારી ચૂંટણી માં આ શિક્ષકો નેતાઓ ને આપશે..

#### હું આ બાબતે કશું જ કહેવા માંગતો નથી : જિલ્લા વિકાસ અધિકારી

**સૂર્યોદય - ૬.૩૦ સૂર્યાસ્ત - ૬.૪૦**

## તિથિદર્શન
ભાદરવા વદ-૧૪ મંગળવાર ૨૦૭૩




વિક્રમ સંવત : ૨૦૭૩, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૩ ભાદરવા વદ : ચૌદસ મંગળવાર નક્ષત્ર :પૂર્વ ફાલ્ગુની રાત્રે ૧૧.૦૧ પછી ઉત્તર ફાલ્ગુની યોગ :સાધ્ય કરણ:ચતુષ્પાદ આજે જન્મેલા બાળકની રાશી સિંહ (મ.ટ.) અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોકત છે.

- જયોતીષી બંસીલાલ એચ.લોધા

## ચિંતન
- સુરેશ પ્રા.ભટ્ટ

### નિયોગિ ભિર્વિના રાજ્યં નાસ્તિ ભૂપે હિ કેવલે તસ્માદ્‌ભી વિદ્યાતવ્યા રક્ષિતવ્યાં પ્રયત્નતઃ

સુભાષિત રત્ન ભાંડાગારના ત્રીજા પ્રકરણ 'રાજનીતિ' નો આ શ્લોક છેઃ- 'દૂત વગેરે વાણીમાં કુશળ માણસો રાજ્યમાં ન હોય અને રાજા એકલો જ બધા વ્યવહાર સંભાળતો હોય તો તે રાજ્ય રાજ્ય રહેતું નથી, માટે રાજાએ પોતાના રાજ્યમાં સારા, સ્વચ્છ અને બુદ્ધિમાન માણસોની નિમણૂક કરવી જોઈએ અને તેમને પ્રયત્નપૂર્વક સાચવી તેમનું રક્ષણ પણ કરવું જોઈએ. રાજ્યની તિજોરીમાં બચત કરવાનો હેતુ નહીં, પણ એવા કહ્યાગરા અધિકારીઓને બોર્ડ-નિગમમાં મૂકી માત્ર પોતાની જ સત્તા ચાલે એવી ગોઠવણ રાજા એટલા માટે કરતો રહે છે- જે સરકારી નિયમો- કાયદાને બાજુએ મૂકી ખર્ચ કરવાનો હોય તે બીજાના ખભા પર બંદૂક રાખી ફોડવાથી ઈજા- મુશ્કેલી તકલીફ થાય તોપણ પેલો કહ્યાગરો અધિકારી જ પીડા વેઠે (પેન્શન બંધ કે જેલ!). જ્યાં જ્યાં બોર્ડ- નિગમો કે સ્વતંત્ર નિર્ણય લઈ શકતા અધિકારીઓ મૂકવાના હોય તે જગ્યાઓ ખાલી રહેલાં કોઈ સાહસનાં કે મોટાં કામ થતાં નથી. રાજાએ રિક્ત જગ્યાઓ પર પોતાના વિશ્વાસુ, નિષ્ઠાવાન બીજા કાર્યકરોને મૂકી પોતાના કાર્યને વિસ્તરણ સાથે વિકસાવવું જોઈએ. બધામાં 'હું' 'હું' ને 'હું' થી રાજ્ય નાશ પામે છે.

સુરેશ પ્રા.ભટ્ટ

## આપની આજ
- કનકચંદ્ર છગનલાલ વ્યાસ

**મેષ : (અ.લ.ઈ.) ગૃહસ્થ જીવનમાં આનંદ રહે. વણસેલા સંબંધો સુધરે.**
**વૃષભ : (બ.વ.ઉ.) કોર્ટ-કચેરીના કાર્યમાં લાભ થાય. રોકાયેલા નાણા છૂટા થાય.**
**મિથુન :(ક.છ.ઘ.) વ્યર્થ ચિંતા દૂર થાય. આનંદપૂર્ણ દિવસ વિતે.**
**કર્ક : (ડ.હ.) મહત્વના કાર્યમાં સફળતા મેળવી શકો. તકનો લાભ ઉઠાવજો.**
**સિંહ : (મ.ટ.) લાંબા સમયથી અટકી પડેલા કાર્યો પૂર્ણ થાય. મનની મૂંઝવણ દૂર થાય.**
**કન્યા : (પ.ઠ.ણ.) વ્યર્થ ક્રોધથી દૂર રહેવું. આંધળો વિશ્વાસ મૂકીને કામકરવાની વૃતિ ટાળવી.**
**તુલા : (ર.ત.) યશ, માનના ભાગીદાર બનશો. આર્થિક લાભ મળે.**
**વૃશ્ચિક :(ન.ય.) સ્વભાવમાં ઉગ્રતા રહે. ધારી સફળતામાં વિલંબ રહે.**
**ધન : (ભ.ફ.ધ.) મનની મૂંઝવણ મનમાં રહે. વ્યર્થ ક્રોધ રહે.**
**મકર : (ખ.જ.) અચાનક પ્રવાસ થાય. મહામહેનતે કાર્યોમાં સફળતા મળે..**
**કુંભ : (ગ.શ.સ.) કાર્યબોજ વિશેષ રહે. શેર-સટ્ટા, લોટરીમાં લાભ મળે.**
**મીન : (દ.ચ.જ.થ.) આર્થિક લાભ રહે. મનની મુરાદ બર આવે.**

## આજનો દિન મહાન
- યશવંત કડીકર

અંગ્રેજ સાહિત્યના સુપ્રસિધ્ધ નવલકથાકાર, વૈજ્ઞાનિક, પત્રકાર, કટાક્ષકાર, કેળવણીકાર અને ભવિષ્ટદષ્ટા તરીકે વિશ્વવિખ્યાત બનેલા એમ.જી.વેલ્સની જન્મજયંતી છે. એમનો જન્મ ૨૧-૯-૧૮૬૬ ના રોજ ઈંગ્લૅન્ડ કૅન્ટ પરગણાના બ્રામલે ગામમાં થયો હતો. તેમની નવલકથાની શ્રેણી મુખ્યત્વે બે પ્રવાહોમાં અદ્યતન બનીને સ્મરણીય બની છે. આધુનિક વિજ્ઞાનનો સૂચક અને કલ્પના કે તરંગપ્રધાન 'વર્ડબ્રેઈન' નામો વિશ્વકોશ એ એમનું એક મોટું અને યશસ્વી પ્રદાન હતું.૧૩-૮-૧૯૪૩ ના રોજ એમનું અવસાન થયું.

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**
**માનવમંદિર, ડીસા.** ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
**અમદાવાદ ઓફીસ :-** ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
**પાલનપુર ઓફીસઃ-** ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

**'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.**




## નિફ્ટી ફ્યુચર ૧૦૨૫૦ પોઈન્ટ મહત્વની સપાટી...!!!

**તા ૧૮.૦૯.૨૦૧૭ ના રોજ નિફ્ટી ફ્યુચર બંધ ભાવ (૧૦૧૮૧) :- આગામી સંભવિત નિફ્ટી ફ્યુચર ૧૦૨૧૭ પોઈન્ટના પ્રથમ અને ૧૦૨૫૦ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીગ સંદર્ભે ૧૦૧૪૪ પોઈન્ટ થી ૧૦૧૩૧ પોઈન્ટ, ૧૦૦૯૯ પોઈન્ટ ની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૧૦૨૫૦ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી...!!**

## તેજી સંદર્ભે ખરીદવાલાયક સ્ટોક ધ્યાને લઈએ તો...

**૧) કોટક બેન્ક (૧૦૨૧) :- બેન્ક ગ્રુપની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૧૦૦૯ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૧૦૦૧ સ્ટોપલોસથી ખરીદવાલાયક આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૧૦૩૭ થી રૂ.૧૦૪૫ નો ભાવ નોંધાવે તેવી શક્યતા છે....!! રૂ.૧૦૪૭ ઉપર તેજી તરફી ધ્યાન...!!!**

**૨) ACC લિમિટેડ (૧૮૨૯) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૧૮૧૮ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ..!!! રૂ.૧૮૦૮ ના સપોર્ટથી ખરીદવાલાયક આ સ્ટોક રૂ.૧૮૪૭ થી રૂ.૧૮૬૦ નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે...!!**

**૩) HDFC લિમિટેડ (૧૭૭૮) :- રૂ.૧૭૬૧ પ્રથમ તેમજ રૂ.૧૭૪૪ ના બીજા સપોર્ટથી ફાઇનાન્સ સેક્ટરનો રોકાણલક્ષી રોકાણલક્ષી આ સ્ટોક રૂ.૧૭૯૩ થી રૂ.૧૮૦૩ સુધીની તેજી તરફી રુખ નોધાવશે....!!**

**૪) ઇન્ડસિન્ડ બેન્ક (૧૭૪૫) :- બેન્ક સેક્ટરના આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીગલક્ષી રૂ.૧૭૬૧ થી રૂ.૧૭૭૫ ના ભાવની સંભાવના ધરાવે છે.!! રૂ.૧૭૨૩ નો સ્ટોપલોસ ધ્યાને લેવો........!!**

**૫) ઓરબિન્દો ફાર્મા (૭૬૦) :- રૂ.૧ ની ફેસવેલ્યુ ધરાવતા ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક રૂ.૭૪૪ ના સ્ટોપલોસ આસપાસ રોકાણલક્ષી ખરીદવાલાયક ..!! ફાર્મા સેક્ટરના આ સ્ટોકમાં તેજી તરફી રૂ.૭૭૯ થી રૂ.૭૮૫ આસપાસ નફાલક્ષી ધ્યાન ઉત્તમ......!!**

## મંદી સંદર્ભે વેચાણલાયક સ્ટોક ધ્યાને લઈએ તો...

**૧) HDFC બેન્ક (૧૮૫૫) :- ટેકનીકલ ચાર્ટ મુજબ બેન્ક સેક્ટરનો આ સ્ટોક રૂ.૧૮૬૭ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૧૮૨૮ થી રૂ.૧૮૦૯ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીગલક્ષી રૂ.૧૮૮૧ સ્ટોપલોસ ધ્યાને લેવો....!!**

**૨) એશિયન પેઈન્ટ (૧૨૫૬) :- રૂ.૧૨૭૧ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૧૨૮૮ ના સ્ટોપલોસે વેચવાલાયક ....!! તબક્કાવાર રૂ.૧૨૩૩ થી રૂ.૧૨૧૯ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૧૨૮૯ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!**

**૩) લ્યુપિન લિ. (૧૦૧૦) :- ફાર્મા સેક્ટરનો આ સ્ટોક છેતરામણા ઉછાળે રૂ.૧૦૩૭ ના સ્ટોપલોસથી વેચાણ લાયક ...!! પ્રત્યાઘાટી ઘટાડે રૂ.૯૯૬ થી રૂ.૯૯૦ ના ભાવની આસપાસ નફો બુક કરવો....!!**

**૪) રિલાયન્સ કેપિટલ (૭૫૭) :- ટેકનીકલ ચાર્ટ મુજબ ફાઈનાન્સ સેક્ટરનો આ સ્ટોક રૂ.૭૭૧ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૭૩૭ થી રૂ.૭૩૦ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીગલક્ષી રૂ.૭૭૮ સ્ટોપલોસ ધ્યાને લેવો......!!**

**૫) રિલાયન્સ ઇન્ડ. (૮૫૦) :- રૂ.૮૬૧ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૮૬૮ ના સ્ટોપલોસે વેચવાલાયક ....!! તબક્કાવાર રૂ.૮૩૭ થી રૂ.૮૩૦ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૮૭૩ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!**

ખાસ નોંધ : - ડિસ્ક્લેમર / પોલીસી / શરતો WWW.INVESTMENTPOINT.IN ને આધીન...!!

# સુરતના મહિધરપુરામાં હીરાદલાલની મારપીટના વિરોધમાં સજ્જડ બંધ પાળ્યો

સુરત

સુરતના મહિધરપુરા હીરાબજારમાં એક દલાલને લેણદારોના સાગરિતો દ્વારા માર મારવાના વિરોધમાં ગતરોજ હીરાબજારે સજ્જડ બંધ પાળ્યો હતો. તો, હીરાદલાલોની મિટીંગમાં એ લેણદાર સાથે હવે પછી કોઈએ પણ ધંધો નહી કરવો અને તેની સુરત અને મુંબઈ ઓફીસ સાથે વ્યવહાર નહી કરવો એવું નક્કી કરાયું હતું.

હીરાબજારના સુત્રોએ જણાવ્યું કે, હીરાદલાલ પ્રકાશ વીરવાડીયાની મારપીટને કારણે દલાલોમાં ભારે રોષ વ્યાપ્યો હોઈ ગતરોજ હીરાબજાર સંપૂર્ણ બંધ રહ્યું હતું. સેઈફ વોલ્ટ પણ ખુલ્યાં નહોતા. ઉઠામણાંમાં ફસાયેલા નાણા કઢાવવા માટે લેણદાર દ્વારા કરવામાં આવેલી હરકતની સૌ કોઈ દ્વારા ટીકા થઈ હતી. જો કે, ભવિષ્યમાં પણ આવી કોઈ ઘટના નહી બને તે માટે ચોક્કસ માપદંડો માટે વિચારવામાં આવ્યું હતું પણ હીરાદલાલોની મળેલી મિટીંગમાં સૌએ આ ઘટનાને એક અવાજે વખોડી કાઢી હતી.

આ સાથે જદાખાડી મોતીબાગમાં મળેલી દલાલભાઈઓની વિશાળ હાજરીમાં લેણદારોને સબક શીખવવા માટે હવે પછી તેની સાથે કોઈપણ ધંધો નહી કરવાનું ખાસ કરીને હીરાદલાલ તેની સુરતની ઓફિસમાં પગ મુકશે નહી. એવું ઠરાવવામાં આવ્યું હતું. મોતીબાગમાં મળેલી આ સભામાં ૧૫૦૦ થી વધુ હીરાદલાલ ભાઈઓ ઉપસ્થિત રહ્યાં હોવાનું સુત્રોએ જણાવ્યું હતું. જો કે મારપીટ કરનાર લેણદારોના મળતીયાઓની હજુ સુધી પોલીસે ધરપકડ કરી નહી હોવાથી સૌએ રોષ વ્યક્ત કરી કડક પગલાની માંગણી કરી હતી.

### સુરત ડાયમંડ એસો.ની મિટીંગમાં હુમલાની ઘટનાને વખોડી કઢાઈ

સુરત ડાયમંડ એસો.ની કારોબારી સમિતિની મળેલી મિટીંગમાં હીરાદલાલ પ્રકાશ વીરવાડીયા ઉપર ગતરોજ થયેલી હુમલાની ઘટનાને સખત શબ્દોમા વખોડી કાઢતો ઠરાવ કરવામાં આવ્યો હતો. ઘટનાના દોષિતોને સખતમાં સખત સજા કરવામાં આવે અને હુમલાખોરોને સત્વરે પકડી પાડવામાં આવે એવો સુર વ્યકત કરાયો હતો.

# વડગામમાં જગદીશચંદ્ર બોઝ શાળા વિકાસ સંકુલનું પ્રદર્શન યોજાયું

**ગણિત- વિજ્ઞાન પ્રદર્શનમાં ૪૦ શાળાની ૪૮ કૃતિઓ રજૂ કરાઈ**

તા.પ્રતિનિધિ વડગામ


પુષ્કર ગોસ્વામી

ગઈકાલ તા. ૧૮ મી સપ્ટેમ્બર ને સોમવારે તાલુકા મથક વડગામની કેસરબા જાડેજા વિદ્યાસંકુલમાં યોજાયેલ સર જગદીશચંદ્ર બોઝ શાળા વિકાસ સંકુલ વડગામનું ગણિત- વિજ્ઞાન પ્રદર્શન ૨૦૧૭ માં કુલ ૪૦ શાળાઓની ૪૮ કૃતિઓ રજુ કરાઈ હોવાનું કેમ્પસ ડિરેક્ટર કાંનજીભાઈ એમ. ચૌધરીએ જણાવ્યું હતું. આ પ્રસંગે બનાસબેંક ડિરેક્ટર કેશરભાઈ વાયડા, બનાસ ડેરી ડિરેક્ટર ફલજીભાઈ પટેલ, આર.એસ.એસ.ના અગ્રણી ભરતસિંહ સિસોદીયા, એડવોકેટ શામળભાઈ ચૌધરી, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના આચાર્યો, શિક્ષકો, સંસ્થાઓના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

કેશરબા વિદ્યાસંકુલના પ્રમુખ ડૉ.જસવંતસિંહ જે. જાડેજા, વી.એ.મેવાડા, અરૂણાબેન પાટીલ, ભગવાનભાઈ ગોધા વગેરે મહાનુભાવોએ પ્રાસંગિક ઉદબોધનમાં ''ગણિત - વિજ્ઞાન'' નું ૨૧ મી સદીમાં મહત્વ વિષય ઉપર વિસ્તૃત ચર્ચા કરી હતી. સ્વાગત પ્રવચન કેમ્પસ ડિરેક્ટર કાંનજીભાઈ ચૌધરીએ કર્યું હતું. આભારવિધિ આચાર્ય દેવીકાબેન કે. ગોસ્વામીએ કરી હતી. કાર્યક્રમ સફળ બનાવવા સંસ્થાના સ્ટાફગણે જહેમત ઉઠાવી હતી.

# રાજ્યમાં બિન તાલીમી શિક્ષકોને તાલીમબધ્ધ કરાશે

**બે વર્ષમાં તાલીમ ન મેળવનાર શિક્ષકોને ફરજ મુકત કરાશે**

ગાંધીનગર

ગુજરાતમાં ૩૫૦૦ થી વધુ બિન તાલીમી શિક્ષકો શિક્ષણ કાર્ય સાથે જોડાયેલા હોવાના અહેવાલ છે. આવા શિક્ષકો બાળકોને શિક્ષણ આપી રહ્યા છે. ત્યારે રાજ્યમાં બિન તાલિમી શિક્ષકો માટે રાષ્ટ્રીય યુક્ત વિદ્યાલય શિક્ષણ સંસ્થા દ્વારા બે વર્ષની તાલીમ અપાશે. જે માટેના ના રજીસ્ટ્રેશનની તારીખ ૩૦ મી સપ્ટેમ્બરને આખરી રાખવામાં આવી છે. ત્યારે હાલમાં ૩૪૪૧ શિક્ષકોએ આ અંગેનું રજીસ્ટ્રેશન કરાવી દીધાના અહેવાલ છે.

મળતી માહિતી મુજબ ગુજરાત સરકાર અને સરકાર દ્વારા માર્ચ - ૨૦૧૯ સુધીમાં બિન તાલીમ શિક્ષકો તાલીમ નહી મેળવે તો તેવા શિક્ષકોને નોકરીમાંથી રૂખસદ આપવાના કરેલા નિર્ણય પછી આ હકીકતો બહાર આવી હોવાના અહેવાલ છે. જોકે આ માટે રાષ્ટ્રીય યુક્ત વિદ્યાલય શિક્ષણ સંસ્થા દ્વારા બે વર્ષનો ૭૨૦ કલાકનો ખાસ કોર્ષ તૈયાર કરવામાં આવ્યો છે. અને તેની ૧૨ હજાર ફી પણ નિયત કરવામાં આવી છે. જેમાં પ્રથમ વર્ષની ફી પેટે ૪૫૦૦ જમા કરાવવાના રહેશે. તેમજ ૧૫૦૦ રૂા ની કિંમત વાળું સેટટોપ બોક્ષ ખરીદ કરી શિક્ષક તેના ઘરે જ ''સ્વયં પ્રભાર્વનમ્ ચેનલ'' મેળવવાની રહેશે. ઉપરાંત આ માટે ખાસ ઈ.બુક્સ પણ ગુજરાતી ભાષામાં તૈયાર કરવામાં આવેલી છે. તો બીજી તરફ અત્યાર સુધીમાં ૩૪૪૧ શિક્ષકોનું રજીસ્ટ્રેશન થયુ છે. જેમાંથી ૧૦૫૪ શિક્ષકોના પ્રવેશ કન્ફર્મ કરી દેવામાં આવ્યાના અહેવાલ છે. જ્યારે રજીસ્ટ્રેશનની તા.૩૦ સપ્ટેમ્બર સુધી લંબાવવામાં આવી છે. ત્યારે હવે પછી રજીસ્ટ્રેશન તેની મુદત પુરી થયા બાદ કરી શકાશે નહી.

જે શિક્ષકોનું રજીસ્ટ્રેશન થયુ છે તેમાં ગાંધીનગર જિલ્લાના ૭૦ બિન તાલીમી શિક્ષકોનો સમાવેશ થાય છે. જ્યારે સૌથી વધુ અમદાવાદમાંથી ૬૫૯, રાજકોટમાંથી ૨૧૭, સુરત - ૪૬૯, વડોદરામાં ૧૯૯, કચ્છમાંથી ૨૦૨ જેટલા શિક્ષકો રજીસ્ટ્રર થયાની માહિતી છે. જ્યારે સૌથી ઓછુ રજીસ્ટ્રેશન બનાસકાંઠા જિલ્લામાંથી થયુ છે. જેની સંખ્યા માત્ર ૬ શિક્ષકોની છે. જ્યારે જે શિક્ષકોની પ્રવેશ કન્ફર્મ થયા છે. તેમાં ૧૦ જિલ્લા એવા છે કે જેમની સંખ્યા ૧ થી ૧૦ ની છે. આ જિલ્લાઓમાં ભરૂચ, બનાસકાંઠા, દેવ ભૂમિ - દ્વારકા, ગીર - સોમનાથ, નર્મદા, ખેડા, નવસારી, પાટણ, સાંબરકાંઠા અને ડાંગનો સમાવેશ થાય છે.

# ધાનેરાની વિવેકાનંદ સ્કૂલમાં વિજ્ઞાન મેળો યોજાયો


એન.કે.મોદી

તા.પ્રતિ. ધાનેરા

ધાનેરા ખાતે યુ.સી.ઈ.આર.ટી.ગાંધીનગર પ્રેરીત જિલ્લા શિક્ષણાધિકારી તથા ડો. વિક્રમ સારાભાઈ શાળા વિકાસ સંકુલ દ્વારા વિવેકાનંદ વિદ્યાલય ધાનેરામાં ગણિત-વિજ્ઞાન પ્રદર્શન યોજાયું હતું. જેમાં ધાનેરા તાલુકાની વિવિધ શાળાના વિદ્યાર્થીઓ પોતપોતાની શાળાની કૃતિઓ સાથે ભાગ લીધો હતો. જેમાં પ્રથમ આવનાર સ્કૂલોને મહાનુભાવો દ્વારા ઈનામ વિતરણ કરાયું હતું.

આ પ્રસંગે ડો.યુ.એન. ચૌધરી(ડાયટ પાલનપુર), જે.કે. પટેલ ધારાસભ્ય, હરજીવનભાઈ પટેલ(પૂર્વ મંત્રી), રત્નાભાઈ કે પટેલ(ચેરમેન અર્બુદા ક્રેડિટ કો.ઓ.સોસાયટી લી.ધાનેરા), સુરતાભાઈ જે.પટેલ, દિનેશભાઈ પી.પટેલ, જેમલભાઈ સી.પટેલ, પી.કે. સોલંકી, બી.એમ. અઝમેરી વગેરે હાજર રહ્યા હતા.

આ પ્રસંગે વિદ્યાર્થીઓને ટકાઉ વિકાસ માટે ના વિન્યતા, નવિનીકરણ, સ્વાસ્થ્ય અને સુખાકારી, સંસાધન, વ્યવસ્થાપન, અન્નસુરક્ષા, કચરાનું વ્યવસ્થાપન, જળસ્ત્રોતોની જાળવણી, સંરક્ષણ, પરિવહન અને પ્રત્યાયન, ડિઝીટલ અને તકનીકી ઉકેલ, ગાણિતિક નમુના નિર્માણ વગેરે વિશે ગોવિંદભાઈ જે ચૌધરીએ વિસ્તૃત માહિતી આપી હતી.

# કોતરવાડા.સેન્ટરની દસ શાળાના બાળકોને તિથી ભોજન અપાયું

પ્રતિનિધિ કોતરવાડા


નટુજી ઠાકોર

ભાભર તાલુકા ના ઉંડાઈ ગામના વેપારી ઠાકોર જેસુંગજી સગથાજી ની પ્રથમ માસિક પુર્ણતીથી ની ઉજવણી કરવામા આવી હતી આ ઉજવણી મા ભાભર તાલુકાના ઉંડાઈ ઈન્દરવા સુથાર નેસડી જેવી શાળાઓ માં તિથી ભોજન આપવામા આવ્યુ હતુ ત્યાર બાદ આજે તા.૧૬/૯/૨૦૧૭ ના રોજ દિયોદરના કોતરવાડા સેન્ટર ની તમામ શાળાના બાળકોને પ્રથમ માસિક પુર્ણ તિથી એ ઉજવણી સાથે બાળકોને મીઠાઈ બટાકાનુ શાક અને દાળ ભાત નુ તિથી ભોજન આપવામાં આવ્યુ હતુ આ પ્રસંગે કોતરવાડા સરપંચ મગનજી ઠાકોર ડૉક્ટર ભરતજી ઠાકોર પરાગજી ઠાકોર રમેશજી ઠાકોર બાલચંદજી ઠાકોર તેજાજી ઠાકોર દસરતજી ઠાકોર ભૂરાજી ઠાકોર તેમજ તમામ શાળાના શિક્ષક સ્ટાફ ગણ હાજરી આપી હતી.

# વડાપ્રધાનના જન્મ દિવસ નિમિત્તે ધાનેરામાં ફ્રુટ વિતરણ


એન.કે.મોદી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિન નિમિતે ધાનેરા શહેર યુવા મોરચા દ્વારા હોસ્પિટલમાં બિસ્કિટ ને ફ્રુટ વિતરણનો કાર્યક્રમ કરવામાં આવ્યો. જે સંદર્ભે ધાનેરા શહેર પ્રમુખ કાંતિલાલ ત્રિવેદી હાજર રહ્યા હતા.


ભરત સુંદેશા

ડીસાએ ઉત્તર ગુજરાતનું મેડિકલ જોન ગણાય છે. ડીસામાં બનાસકાંઠા સહિત રાજસ્થાનના દર્દીઓ સારવાર અર્થે આવે છે અને જેમાં ડીસામાં નવીન બનેલી સરકારી હોસ્પિટલ દર્દીઓ માટે આશીર્વાદ રૂપ છે. જોકે સરકારી હોસ્પિટલ બનાવ્યા બાદ બગીચાથી જલારામ રોડ પર નવીન માર્ગ બનાવેલ જોકે આ માર્ગ બનાવવાનો હેતુ ઈમરજન્સી સારવાર વેળાએ બગીચા સર્કલ પર ટ્રાફિકનો ભોગ બનવું ના પડે તે હેતુ હતો. પરંતુ હોસ્પિટલ શરૂ થયાના ત્રણ વર્ષ બાદ પણ આ માર્ગ શરૂ કરાયો નથી. જોકે આ માર્ગ શરૂ થાય તો ટ્રાફિક સમસ્યા ના સામના વગર સીધા સિવિલ હોસ્પિટલ પહોચી શકાય જેના કારણે દર્દી ને લઈને જતી ૧૦૮ કે કોઈ પણ એમ્બ્યુલન્સ ને સરળતા રહે.જોકે આ બાબતે લાગત વળગતા સત્તાવાળાઓ દ્વારા માર્ગ પરની ફાટક ખોલી રસ્તો શરૂ કરવામાં આવે તેવી માંગ છે.

# હિરા - માણેકના તંત્રીને પત્રકાર - રત્ન એવોર્ડ



મુંબઈ

મુંબઈ સ્થિત રવિન્દ્ર નાટ્ય મંદિર સભાગૃહ ખાતે લાયન્સ ક્લબ ઓફ મિડ ટાઉન, લોક સેવા, લાયન્સ ક્લબ ઓફ મિડ ટાઉન દ્વારા છેલ્લા ૨૧ વર્ષોથી પત્રકારિત્વ ક્ષેત્રે વિશેષ યોગદાન પ્રદાન કરનાર ''હિરા માણેક'' (સાપ્તાહિક ન્યુઝ પેપર) ના તંત્રી હાર્દિક હુંડિયાનું પત્રકાર રત્ન-એવોર્ડથી સન્માન કરવામાં આવ્યું હતું. તેમજ શ્રી ગણેશ દર્શન સ્પર્ધા - ૨૦૧૭ માટે પારિતોષિક વિતરણ કરવામાં આવેલ. મેઘ - મલ્હાર ગૃપ દ્વારા મધુર સંગીત સાથે મુંબઈ શહેરના બેસ્ટ ગણપતિ મંડપોનું સન્માન કરવામાં આવેલ.

આ પ્રસંગે લાયન્સ ઈન્ટરનેશનલના વરિષ્ઠ અરૂણા ઓસવાલ, ડો.જગન્નાથ હેગડે, સાંસદ અરવિંદ સાવંત, અજય ચૌધરી, બાલા નાંદગાંવકર, પૂર્વ મેયર મહાદેવ દેવળે, મોહનકુરાડે, પ્રદિપ પારેખ, નીતિન ખંબાતી, રવી કડેલ, ડો.ધર્મેન્દ્રકુમાર સહિત અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહેલ.

# સર્વોદય વિવિધલક્ષી ડીસા દ્વારા સ્વાઈન ફ્લૂ વિરોધી ઉકાળાનું વિતરણ

ડીસા



શ્રી જે.ડી.અજબાણી સર્વોદય વિવિધલક્ષી વિદ્યાલય, ડીસા દ્વારા તા.૧૮-૯-૨૦૧૭ ને સોમવારના રોજ હાલમાં ચાલતી બેવડી ઋતુમાં રોગપ્રતિકારક શક્તિ ટકી રહે તે હેતુથી આયુર્વેદિક સ્વાઈન ફ્લૂ ઉકાળાનું વિતરણ કરવામાં આવેલ. આ સમયે શાળાની આસપાસનાં વિસ્તારના મોટી સંખ્યામાં લોકો તેમજ શાળાના તમામ બાળકોએ ઉકાળાનું રસપાન કર્યું હતું. શાળાના સ્ટાફ મિત્રોના સાથ સહકારથી આ આયોજન કરેલ.

# દીઓદર પ્રા.શાળા નં.૩ માં શિક્ષક દિનની ઉજવણી

તાલુકા પ્રતિનિધિ દીઓદર

ભારતના બીજા રાષ્ટ્રપતિ શ્રીમાન ડો.રાધાકૃષ્ણના જન્મ દિને દીઓદર પ્રાથમિક શાળા નં.૩માં શિક્ષક દિનની ઉજવણી કરવામાં અવી હતી તેમાં દીઓદર શાળા નં.૩ ની બાળાઓ અને બાળકોએ ભાગ લઈ પ્રાર્થના,સાંસ્કૃતિક કાર્યક્રમ,શૈક્ષણિક કાર્ય તેમજ છેલ્લે ભાવ પ્રતિભાવ આપી સુંદર કામગીરી કરવામાં આવી હતી.આનું સુંદર આયોજન શાળાના શિક્ષક શ્રી પ્રજાપતિ રમેશભાઈ,પ્રજાપતિ ચેતનભાઈ તેમજ વાઘેલા હસમુખભાઈ તેમજ શાળાના તમામ શિક્ષકોના સહકારથી કરવામાં આવ્યું હતું.તેમજ છેલ્લે શાળાના આચાર્ય શ્રી મુકેશભાઈ ત્રિવેદીએ તમામ બાળ શિક્ષકોના ભાવ પ્રતિભાવ સાંભળી તમામને બીરદાવવામાં આવ્યા હતા.

# વિશ્વકર્મા મિત્રમંડળ દ્વારા વિશાળ બાઈક રેલીનું આયોજન કરાયું



અમદાવાદ

અમદાવાદ શહેરમાં વિશ્વકર્મા જયંતિ નિમિત્તે વિશ્વકર્માસમાજના અગ્રણીઓ અને વિશ્વકર્મા મિત્રમંડળ દ્વારા નરોડા ખાતે આવેલી જાંગીડ બ્રહ્મસ માજની વાડીથી સાબરમતી વિશ્વકર્મા મંદિર સુધી એક વિશાળ બાઈક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.૧૬ કિમીના રૂટ દરમિયાન નીકળેલી આ રેલીએ સામાજીક એકતા અને અખંડિતતાનો સંદેશો પ્રસરાવ્યો હતો.વિશ્વકર્મા યુવક મિત્રમંડળના અધ્યક્ષ સુરેશ શર્માએ જણાવ્યું હતું કે વિશ્વકર્મા જયંતિના દિવસે સમાજદ્વારા બાઈક રેલીનું આયોજન સમાજની એકતા સુદ્રઢ કરવા, સાથોસાથ યુવાઓને એકતામંચનુંપ્રોત્સાહન મળે તે અંગે હતો. આ વિશાળ બાઈક રેલીનો મુખ્ય હેતુ સમાજમાં શિક્ષણ અંગે જાગૃતિલાવવી, તેમજ 'બેટી બચાવો બેટી પઢાઓ'ના સૂત્રને મજબૂતી આપવાનો પણ હતો.વિશ્વકર્મા મિત્રમંડળ દ્વારા નીકાળવામાં આવેલી બાઈક રેલીના સંયોજક શ્રી દિનેશકુમાર જાંગીડેજણાવ્યું હતું કે, આ રેલીમાં ગુજરાત મહારાષ્ટ્ર, રાજસ્થાન અને હરિયાણાના કુલ ૫૦૦થી વધુયુવકોએ ભાગ લીધો હતો. રેલીના અંતે સાબરમતી ખાતે આવેલા વિશ્વકર્મા મંદિરે સમાજના અગ્રણી શ્રી સુરેન્દ્ર શર્મા, રતનલાલ જાંગીડ, જોગારામ કુલરિયા, મદનલાલ જાંગીડ અને બુધ્ધરામ શર્માનુંસમાજને આગળ લાવવા તેઓએ આપેલા યોગદાન બદલ વિશ્વકર્મા ભૂષણથી સન્માનિત કરવામાંઆવ્યા હતાં.

વિશ્વકર્મા યુવક મિત્રમંડળના સંરક્ષક શ્રી શશિકાંત શર્માએ જણાવ્યું હતું કે, યુવાઓમાં એકતા લાવવાઆ બાઈક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બાઈક રેલીમાં સામેલ તમામ યુવકોએ એક જકલરના કપડાં પહેરીને રેલીની શોભા વધારી હતી. ૬૦ વર્ષ પછી સમાજ દ્વારા આવી ભવ્ય રેલીનુંઆયોજન કરવામાં આવ્યુ હતું.

# તંત્રી સ્થાનેથી ...

## વિદ્યા તો કામધેનુ છે.

## સ્વચ્છ ભારત અભિયાનમાં કંપનીઓ મદદરૂપ બને

આશ્ચર્યની વાત એ છે કે કેન્દ્ર સરકાર પાસે હવે સ્વચ્છ ભારત અભિયાન ચલાવવા માટે પુરતું ભંડોળ નથી. તેથી કેન્દ્ર સરકારે તમામ કંપનીઓને પત્ર લખીને સી.એસ.આર. એટલે કે કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી ફંડનો ૭ ટકા હિસ્સો સ્વચ્છ ભારત ભંડોળમાં જમા કરાવે.

પહેલીવાર સરકારે સરકાર સ્વચ્છ ભારત અભિયાન સંદર્ભે સી.એસ.આર.નો એક હિસ્સો સીધો સીધો સરકારી ભંડોળમાં જમા કરાવવા માટે સૂચન કર્યું છે. કોર્પોરેટ બાબતોના મંત્રાલયે તમામ કંપનીઓને પત્ર લખીને સ્વચ્છતા અભિયાન બાબતે કેટલીક અન્ય બાબતો પણ જણાવેલ છે.

સરકાર સ્વચ્છ ભારત અભિયાનને યુધ્ધના ધોરણે આગળ ધપાવવા માગે છે. લોકસભાની ચૂંટણી પહેલાં સ્વચ્છતા અભિયાનનો ટાર્ગેટ પરિપૂર્ણ કરવા માટે દેશમાં ૧૧ કરોડ ટોઈલેટ બનાવવાનો નિર્ધાર છે. પરંતુ ૨૦૧૫ માં માત્ર ૪૯ લાખ જ ટોઈલેટનું નિર્માણ થયું છે. ત્યારે હવે કયા રાજયમાં ટોઈલેટની કામગીરી બાકી છે તે બાબતે રાજયવાર સમીક્ષા થવી જોઈએ ત્યારે બીજી તરફ કર્ણાટક અને હિમાચલ પ્રદેશના ગ્રામ્ય વિસ્તારોમાં જે ટોઈલેટની કામગીરી બાકી છે ત્યાં કયા કારણોસર ટોઈલેટ બન્યા નથી. કહેવાય છે ગ્રામ પંચાયત દ્વારા સીમેન્ટ અને અન્ય વસ્તુઓ આપવાનું નક્કી થયું હતું. પરંતુ આજદિન સુધી સામાન આપવામાં આવ્યો ન હોવાથી લાભાર્થીઓને કચેરીઓના ધરમ ધક્કા થાય છે. આ બાબતે હિમાચલ સરકાર દ્વારા કામગીરીની સમીક્ષા કેમ કરવામાં આવી નહિં હોય? તેવા અનેક સવાલો વર્તમાન સંજોગોમાં ચર્ચાસ્પદ બન્યા છે. ૨૦૧૬ માં ટોઈલેટ બનાવવાનું અભિયાન નરમ પડ્યું હતું. સરકાર ૨૦૧૭-૧૮ માં બે- બે કરોડ ટોઈલેટ બનાવવા માગે છે. જેથી ખુલ્લામાં શૌચક્રિયાને તિલાંજલિ આપી શકાય. જ્યારે સરકારે એવી હકીકત કંપનીઓને જણાવી છે કે તેઓ સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત ગામોને દત્તક લઈ સફાઈ કામદારોને તાલીમ આપે, તે સાથે કંપનીઓ સામુદાયિક શૌચાલયોની જવાબદારી પણ સંભાળે. વર્તમાન સંજોગોમાં ઓરિસ્સા, કર્ણાટક, તામિલનાડુ, ઝારખંડ, તેમજ પંજાબમાં વિદેશી કંપનીઓ સ્વચ્છતા અભિયાન સંદર્ભે એક વિશેષ બેઠક બોલાવવામાં આવી છે. જેમાં કંપનીઓના મેનેજમેન્ટે પોતાના સિધ્ધાંતો રજુ કર્યા છે. ત્યારે હવે ઓરિસ્સા રાજયના કેટલાક ગામડાઓમાં જે ટોઈલેટો બન્યા છે ત્યાં કેટલાક ટોઈલેટોની કામગીરી અધૂરી પડી છે. આ અંગે કેન્દ્ર દ્વારા રાજય સરકારને આર્થિક સહાય કરવામાં આવે તો ઓરિસ્સામાં આ અભિયાનનો અંત લાવી શકાશે.

સરકાર દ્વારા છેલ્લા છ માસમાં જે નવી યોજનાઓ પ્રસ્તુત કરી છે તે બંધ કરીને તેના નાણાં સ્વચ્છતા અભિયાન અને ટોઈલેટ બનાવવાના કામમાં વપરાય તો સમગ્ર કાર્યવાહી સરળતાથી પાર પાડી શકાશે. આર્થિક રીતે નબળા પરિવારો જે ટોઈલેટ બનાવી શકતા ન હોય તેવા લોકોને સરકારે મદદરૂપ થવું જોઈએ. જે રાજયોમાં આર્થિક ગરીબી હેઠળ પિડીતા લોકો છે તેની યાદી રાજય સરકારોએ તૈયાર કરવી જોઈએ. જે ગરીબો બે ટંક પુરતું જમી શકતા નથી તેવા લોકો ટોઈલેટ કેવી રીતે બનાવી શકશે.

૨૦૧૯ સુધી ૧૧ કરોડ ટોઈલેટ બનાવવાનો ટાર્ગેટ સરકારે નક્કી કર્યો છે તે પ્રમાણે તેની કામગીરી ઝડપથી થાય તે જરૂરી છે.

*'સમકાલીન બૌધ્ધ વારસાને માર્ગે'*

## "દ્વિતીય બૌધ્ધ કોન્ફરન્સ બુધ્ધના સંદેશને દોહરાવે છે અને શાંતિને સાચા ધર્મ તરીકે સુસ્થાપિત કરે છે"




અમદાવાદ

રવિવારે મહાત્મા મંદીર ખાતે યોજાયેલી દ્વિતીય બૌધ્ધ કોન્ફરન્સ દ્વારા ગુજરાતે શાંતિના ધર્મ અને તથાગતના બોધને પ્રસરાવવા માટે યોગ્ય પ્લેટફોર્મ પૂરૂ પાડ્યું છે. મહાત્મા મંદીર ખાતેસંઘ કાયા ફાઉન્ડેશનના નેજા હેઠળ શરૂ થયેલી અને તા. ૨૩ સપ્ટેમ્બર સુધીચાલનારી આ કોન્ફરન્સના પ્રથમ દિવસે ભારત સરકારના સામાજીક વિકાસમંત્રાલયના પ્રધાન શ્રી રામદાસ આઠવલે , બોલીવુડના સ્ટાર રવિ કિશન, અનેહીઝ એક્સેલન્સી, પ્રિન્સ થાનોરા ઓફ નોર્ડોમ, પ્રિન્સ ઓફ કમ્બોડિયા અનેદેશ-વિદેશના કલાકારો, સ્કોલર્સ, રાજય સરકારના પ્રતિનિધિઓ, બૌધ્ધ સાધુઓઅને અન્ય ધાર્મિક ગુરૂઓ હાજર રહ્યા હતા.વહેલી સવારે મહાત્મા મંદિર નજીક ઉપાસક સભ્યો દ્વારા પીસ વોકથી કાર્યક્રમની શરૂઆત થઈ હતી અને એમાં ૧૦૦ જેટલા બૌધ્ધ સાધુઓ અને અનુયાયીઓ જોડાયા હતા.ગુજરાતના મહાનુભવોએ રાજયનાં દેવની મોરી, જૂનાગઢ, વડોદરા, વડનગર, વાલાબીજેવા સ્થળોનું મહત્વ સમજાવીને જણાવ્યું હતુ કે બૌધ્ધ ધર્મના આ સ્થળોવર્તમાન સમયમાં પણ પ્રવાસન મૂલ્ય ધરાવે છે. ગુજરાત ઈન્ટરનેશનલ બુધ્ધિસ્ટસર્કીટમાં આગવુ સ્થાન ધરાવે છે ત્યારે બુધ્ધિઝમે વર્તમાન સમયમાં દક્ષિણઅને દક્ષિણ પૂર્વ એશિયાનાં નૃત્ય સ્વરૂપો મારફતે સાંસ્કૃતિક અભિવ્યક્તિહાંસલ કરી છે. આ એ સ્થળો છે કે જયાં બુધ્ધના બોધને સૌ પ્રથમ વાર પ્રથમ અભિવ્યક્તિ પ્રાપ્ત થઈ હતી." તાજેતરમાંખુલ્લી મુકાયેલી ગુજરાતની બૌધ્ધ હેરિટેજની સાઈટસ બૌધ્ધ ધર્મના તથા અશોકનાવારસા અંગે વાત કરે છે. જો તેને બૌધ્ધ સમુદાયમાં ચોકસાઈપૂર્વકપ્રદર્શિત કરવામાં આવે તો તે દક્ષિણ અને દક્ષિણ પૂર્વ એશિયાનાં પવિત્રયાત્રાળુઓનું ધ્યાન ખેંચી નિર્વિવાદપણે ગુજરાતમાં સાંસ્કૃતિક અને આધ્યાત્મિક ટુરિઝમમાં વૃધ્ધિ કરશે. એનાથી ગુજરાતની હાલની સમૃધ્ધ સંસ્કૃતિમાં ઉમેરો થશે અને રાજયના અર્ધકુશળ અને બીનકુશળ લોકો માટે રોજગારીની તકોમાં ઉમેરો થશે. "

ગૌતમને જે રીતે વિવિધ વર્ગભેદથી દૂર રહીને એકબીજાને કેવી રીતે પ્રેમ કરવો તે શિખવે તેવી એવી નવી વિચારધારા સ્થાપવાની જરૂર જણાઈ હતી. આ માટે તેમણે પોતાનુ સર્વસ્વ ત્યજી દીધુ હતું. વ્યક્તિ આવુ નિસ્વાર્થ હૃદયદ્વારા જ કરી શકે તેમ છે. આવા નિસ્વાર્થપણાને કારણે ભારતને બાબા સાહેબઆંબેડકર અને તેમના દ્વારા રચાયેલુ બંધારણ મળ્યું. આ માટે તેમણે બુધ્ધનાબોધમાંથી પ્રેરણા મેળવી હતી. આ નિસ્વાર્થપણાને કારણે દેશને અશોક અનેધમ્મા ( યોગ્ય માર્ગ) પ્રતિક ચક્ર મળ્યું. જયાં સુધી બાબા સાહેબનુંબંધારણ અકબંધ છે ત્યાં સુધી ચક્ર અને તિરંગાનુ ઉચ્ચ સ્થાન ચાલુ રહેશે. કોઈ આ દેશની એકતાને ખંડીત કરી શકે તેમ નથી. "

**'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.**

# શ્રદ્ધાપૂર્વક ઉજવાતો અવસર એટલે શ્રાદ્ધ પક્ષ

શ્રાદ્ધ પક્ષ એટલે જ ગોઠવાયો છે કે જેમાં આપણે પૂર્વજો-વડવાઓને યાદ કરીને તેમની સાચી શ્રદ્ધાંજલિ શ્રાદ્ધ દ્વારા આપીએ છીએ. જીવનો તો ઋણાનુંબંધ છે. આપણા થકી વડવાઓને, પૂર્વજોને પુણ્ય, દાન, શ્રાદ્ધ, દાન-દક્ષિણા, દેવ મંદિરમાં પ્રાર્થના, ભજન, પીપળે, વડલે જળાભિષેક કરીને પૂર્વજના આત્માને પ્રસન્ન કારક કાર્ય કરીને આપણે જીવનને ધન્યતા, દિવ્યતાનો અનુભવ શ્રાદ્ધ પક્ષમાં પખવાડિક તિથિઓમાં વ્યક્ત કરીએ છીએ શ્રાદ્ધ પક્ષ એટલે જ ગોઠવાયો છે કે જેમાં આપણે પૂર્વજો વડવાઓને યાદ કરીને તેમને સાચી શ્રદ્ધાંજલિ શ્રાદ્ધ દ્વારા આપીએ છીએ. જેના લીધે આપણું જ અસ્તિત્વ હતું. તેમની હાલમાં જીવંત સાબિતી, પુરાવો નથી. તેમને યાદ કરવા તેમના હાવભાવ, સારા-નરસા અનુભવો આપણા જ જીવનમાં શિખામણ રીતે મળ્યા. પ્રેરણાદાયી વિચારો આપણા જીવનપથને ઉજાળવાને પોતે કંટક બન્યા હશે, અન્ય કોઈના દુશ્મન પણ બન્યા હશે. જે જગતમાં સાર તત્વ કે સનાતન સત્યતાની કેડી પર ગુલાબ બનીને જાજરમાન આપણું જ જીવન બનાવ્યું તેમને યાદ કરવાનો અવસર એટલે શ્રાદ્ધ. હાલમાં આપણી વચ્ચે નથી પણ તેમની સ્મૃતિઓ યાદગીરી પ્રેરણાદાયી સબક આપણને કંઈક શીખવાડી ગયા, જેના કારણે આપણે આગવી શૈલી મોભા પર શોભાયમાન છીએ. ગીતા-ગ્રંથમાં પણ લખ્યું છે કે, ''જન્માંતરે હું છું. મારૂ સર્વત્ર સ્થાન છે. ચેતનામાં હું છું. જડ વસ્તુમાં પણ હું છું. તમારી વ્હાલી વસ્તુઓમાં હું છું. વડાઓના આગમનમાં હું છું. માનવામાં શ્રદ્ધારૂપે હું છું.'' વગેરે કૃષ્ણ ઉદ્ગારો જીવનમાં ઘણું બધું શીખવે છે. આપણે અલૌકિક રીતે ધાર્મિક, આધ્યાત્મિક ભાવુક મનોમન રીતે ઈશ્વરનું સ્મરણ કરીએ છીએ. આપણા સ્વજનો, વડવાઓ, પૂર્વજોને જીવતે જીવતનમાં સેવા-ચાકરી કે મદદરૂપ થવામાં પાછી પાની કે શરમ અનુભવી હશે. પૂર્વજો તરફથી ટાંચણ વાક્યો પણ સાંભળવા તો મળ્યા હશે. કટુવાણી પણ આપણા જ વડવાઓ તરફથી કાને અથડાઈ હશે. જે આપણા જ જીવન ક્ષેત્રને સફળ થવાને કે પ્રોત્સાહન કરવાને કોઇ પણ માધ્યમમાં ક્ષેત્રમાં નિરાશાવાદી કે ઉદાસીનતા ન આવે તેવી કાળજી રાખનારા આપણી વચ્ચે નથી. એટલે જીવનમાં ખાલીપો કે જવાબદારીભર્યું જીવન વર્તાય છે. વડવાઓની હાજરીમાં જીવને મનસ્વી રીતે વર્તન કર્યું હશે. બેફાપણે અનુસર્યા હશે. આત્મશ્લાઘામાં ગર્વભેર જીવનને ગાળ્યું હશે. જયારે વર્તમાન સ્થિતિમાં ચોમેરથી દુઃખ દૂર કરવાને યજમાન બન્યા છીએ. સમય સમયની બલિહારી છે. આપણા વિચારો, નિષ્ઠાપૂર્વક કાર્યદક્ષતાને ઉજાળવા માટે જીવન કુદરતે બન્યું છે. જેને આપણે જ સફળ બનાવવું રહ્યું. જીવનમાં લૌકિક સ્વાર્થના પોટલા બાંધવાને રચ્યો-પચ્યો માણસ પૂર્વજો કે વડવાઓને યાદ કરી શકતો નથી. આપણા જ વડવાઓને ગાળો પણ આપતા હોય છે. 'તમે કશું કર્યું નથી જીવનમાં?' આવા ટાંચણ ભર્યા વાક્યો વ્હાલ સોયા સંતાનો દ્વારા સાંભળવા મળ્યા હસે? જે દારૂણ કે કટુવાણી દુઃખધાયક લાગતા હશે. તેમ છતાં આપણા વડવાઓ પૂર્વજો એક પણ અક્ષર શબ્દ હરફભેર સામે બોલી શકતા નથી. પોતાનું જ સંતાન ન કરવાનું કાર્ય કરી બેસે છે તો પણ મા-બાપ તરફથી સંતાન પ્રત્યે વ્હાલસોયો હાથ ફરે છે. ગુણ દોષો જોયા વગર પોતાના સંતાનોની સંભાળ રાખે છે. તો પણ ઘણા સંતાનો તરફથી પ્રેમ વાંચ્છુના ભૂખ્યા હોય છે. આવી ઉદાસીનતા કે કુભાવ ભર્યો વ્યવહાર સંતાનો કેમ કરે છે. તે સમજાતું નથી. વડવાઓ પ્રત્યે કુભાવ કે ઉપેક્ષા ભર્યું વલણ દાખવે છે. એમ કેમ કરે છે? તે વડીલ વર્ગ માટે દુઃખદાયક ગણાય. ધર્મશાસ્ત્રો પ્રમાણે માનવ મૂલ્ય જળવાઈ રહે. તેની સ્મૃતિ, સુરભિ જીવનમાં ભાવિ પેઢીની લાગણી જળવાય કુટુંબ કબીલાનો મોભો કે ખાનદાની શું હોય છે? તે પ્રેરણાદાયી અન્ય સમાજ કે વ્યક્તિ તેના જ જીવન માહોલમાં ઉતારે કે પછી અનુસરે તે માટે મહાપુરૂષો, વડવાઓ, પૂર્વજો, મા-બાપના સંસ્કારો, ખાનદાની, ધાર્મિકતા, આધ્યાત્મિક, વાણી વ્યવહાર, વર્તણૂક, સંસ્કાર, શિક્ષણ સિંચનનું ચિંતન જીવનમાં ભાવિ પેઢી ઉતારે તે માટે શ્રદ્ધા રાખીને શ્રાદ્ધ પક્ષમાં સમૂહમાં ભોજન, મિજબાની લેવાની પ્રથા છે. પ્રાણી, પક્ષી, આગંતુક તેમજ કુટુંબ કબીલો તૃપ્તિનો ઓડકાર લે. કોઈ પણ ઘરના ઉંબરેથી આ દિવસે નિરાશ ન થાય તેવી ભાવનાઓનો ધ્યેય શ્રાદ્ધમાં હોય છે. જે પૂર્વજો, વડવાઓનો આત્મા આપણા આ સદ્કાર્યોને જોતો હોય છે. એવો ભાવ વ્યક્ત કરીએ છીએ. સાચે જ તેમની કૃપા વર્ષા જ આપણા જીવન પથને ઉજાગર કે ઉજાળે છે. આપણી વચ્ચે નથી. તેમને આપણઆ તરફથી કેવો ભાવો છે? તેમના ગયા પછી આપણે ભૂલી તો નથી ગયા ને? વગેરે બાબતમાં જે તે ક્ષેત્રમાં રચ્યા પચ્યા રહેવાથી આપણે ભૂલી જઈએ છીએ તે સ્વાભાવિક છે. પણ શ્રાદ્ધ પક્ષ એટલે જ ગોઠવાયો છે કે જેમાં આપણે પૂર્વજો-વડવાઓને યાદ કરીને તેમની સાચી શ્રદ્ધાંજલિ શ્રાદ્ધ દ્વારા આપીએ છીએ. જીવનો તો ઋણાનુંબંધ છે. આપણા થકી વડવાઓને, પૂર્વજોને પુણ્ય, દાન, શ્રાદ્ધ, દાન-દક્ષિણા, દેવ મંદિરમાં પ્રાર્થના, ભજન, પીપળે, વડલે જળાભિષેક કરીને પૂર્વજના આત્માને પ્રસન્ન કારક કાર્ય કરીને આપણે જીવનને ધન્યતા, દિવ્યતાનો અનુભવ શ્રાદ્ધ પક્ષમાં પખવાડિક તિથિઓમાં વ્યક્ત કરીએ છીએ. ગરીબ-ગુરબાને પણ વસ્ત્રદાન, અન્નદાન, પૈસા, દક્ષિણાને મધુરતાથી શ્રદ્ધાપૂર્વક, શ્રાદ્ધ ઉજવીને વડવાઓને યાદ કરીએ.

## રોહિત રોય Viuની નવી ડિજિટલ સિરીઝમાં ન્યૂઝ એન્કર બનશે

ભારતીય ટેલિવિઝન પર અત્યંત લોકપ્રિય ચહેરામાંથી એક રોહિત રોય વિક્રમ ભટ્ટની ફૈ પર મેમરીઝ સાથે ડિજિટલ અવકાશમાંસાહસ ખેડશે. આ અભિનેતાને તેના કાબિલમાં નકારાત્મક પાત્ર માટે ઉત્તમ પ્રતિસાદ મળ્યો હતો. હવે તે મેમરીઝની રોમાંચક થ્રિલરમાં ન્યૂઝ રિપોર્ટરની ભૂમિકામાં જોવા મળશે. આ ૩૦ એપિસોડના ડિજિટલ શોમાં રોહિત મુખ્ય પાત્ર માનવ મલ્હોત્રા ભજવશે, જે અવ્વલ ન્યૂઝ ચેનલ પરનો નામાંકિત ન્યૂઝ એન્કર છે. સમયાંતરે તેણે પોલીસને પણ પડકારજનક કેસોનો ઉકેલ લાવવામાં મદદ કરી છે. જોકે એક હાઈ પ્રોફાઈલ કેસમાં સપડાતાં તેના જીવનમાં ખતરનાક વળાંક આવે છે અને આ ચાલાક પત્રકારના હાથોમાંથી બાજી સરકી જતી દેખાય છે. મેમરીઝ જેવી વારતાઓ મંચ નિર્માણ કરવાનું ચાલુ રાખ્યું છે. આ થ્રિલર રોચક ડ્રામા છે અને વિશેષ ક્ષમતાઓ ધરાવતા પાત્ર આસપાસ વીટળાયેલી છે..

## ઉદ્યોગને રિન્યુએબલ એનર્જી ઈન્ડિયા એક્સપો (આરઈઆઈ) ૨૦૧૭ની ઉત્સુકતા

હયાતિનો એક સફળ દાયકો પૂર્ણ કર્યા પછી ભારતની અવ્વલ પ્રદર્શન આયોજક યુબીએમ ઈન્ડિયા દ્વારા આયોજિત રિન્યુએબલ એનર્જી ઈન્ડિયા ૨૦૧૭ એક્સપો (આરઈઆઈ) દ્વારા હયાતિનો એક સફળ દાયકો પૂર્ણ કર્યા પછી ૨૦-૨૨ સપ્ટેમ્બરે ફરી એક વાર ગ્રેટર નોઈડાના ઈન્ડિયા એક્સપો સેન્ટર ખાતે આવી રહ્યું છે. ફ્લેગશિપ ઈવેન્ટ આરઈઆઈ અત્યંત નામાંકિત વૈશ્વિક મંચ છે, જ્યાં ભારતનો દરિયાપારના સહભાગીઓ સહિતનો હરિત અર્થવ્યવસ્થા સમુદાય ઉદ્યોગના પ્રવાહો, પડકારો અને બજારમાં ઊંડાણથી ડોકિયું સાથે ભારતીય નિયમન કાર્યરેખા પર ચર્ચા કરવા માટે એકત્ર આવશે. આ ઈવેન્ટનું લક્ષ્ય નવીનીકરણક્ષમ ઊર્જાનાં સંસાધનોના ઉપયોગને નવી ઊંચાઈ પર લઈ જવું અને તેને મુખ્ય પ્રવાહમાં લાવવું, પ્રોડક્ટ લોન્ચ પ્રદર્શિત કરવું, નાવીન્યતા અને વૃદ્ધિને આંતરરાષ્ટ્રીય પ્રદર્શન અને કોન્ફરન્સ મંચ થકી મજબૂત બનાવવાનો સમાવેશ થાય છે. ૧૧મી આવૃત્તિમાં આરઈઆઈ જાપાન, જર્મની, ફ્રાન્સ, પોલેન્ડ, યુએસએ, કોરિયા, ચીન અને તાઈવાન સહિતના દેશોમાંથી સક્રિય સહભાગ જોશે. આ સમયે ઉત્પાદકો, ઈપીસી, સેવા પ્રદાતાઓ એકત્ર આવશે. આ પ્રદર્શનમાં ૭૫૦ પ્રદર્શનકારીઓ રહેશે, ભારતીય સૌલાર ક્ષેત્ર ૨૦૧૭ના અર્ધવાર્ષિક દરમિયાન ૪૭૬૫ મેગાવોટના ક્ષમતા ઉમેરા સાથે ઝડપથી વૃદ્ધિ પામી રહ્યું છે. છત પર સૌરઊર્જામાં મજબૂત વૃદ્ધિ દર્શાવી રહી છે, જે ઓછા ખર્ચને લીધે વધુ આકર્ષક બની રહ્યું છે..

## એચએન્ડઆર જોન્સને દષ્ટિમાં ખામી ધરાવનારની સહાય માટે ક્રાંતિકારી ટેક્ટાઈલ કેમ્પેઈન લોન્ચ કરી



જો તમે લાખ્ખો લોકોમાંથી એક દિવ્યાંગ હોય તો ભારતમાં જીવવાનું આસાન નથી. વ્હીલચેર્સ માટે પૂરતા રેમ્પ નથી, પદપથ અંધજનો માટે એકદમ બિન-અનુકૂળ છે, જાહેર પરિવહનની બસો અને ટેક્સીઓમાં વિશેષ સુવિધાઓ નથી અને લાખ્ખો અન્ય સમસ્યાઓ ભારતમાં દિવ્યાંગો રોજેરોજ સામનો કરે છે. આવા સંજોગોમાં ટાઈલ્સ, બાથરૂમ પ્રોડક્ટ્સ અને મોડ્યુલર કિચન્સ ઓફર કરતી ભારતની અગ્રણી ઈન્ટીગ્રેટેડ લાઈફસ્ટાઈલ સોલ્યુશન પ્રોવાઈડર એચએન્ડઆર જોન્સન (ઈન્ડિયા) જાહેર સ્થળો ખાતેટેક્ટાઈલ્સનો ઉપયોગ કરીને દષ્ટિમાં ખામી ધરાવનાર માટે ભારત પહોંચક્ષમ બનાવવા માટે જાગૃતિ ફેલાવવા તેના રેડ રેમ્પ પ્રોજેક્ટનોબીજો તબક્કો લોન્ચ કરવામાં ગૌરવની લાગણી અનુભવી છે. આ કેમ્પેઈન જોન્સન ટાઈલ્સ દ્વારા ૨૦૧૫માં અમલ કરાયેલા રેડરેમ્પ પ્રોડક્ટની બીજી પહેલ છે. સોહો સ્ક્વેરની સંકલ્પના કેમ્પેઈનમાં અદ્વૈત મરાઠે છે, જે જન્મથી અંધ વ્યક્તિ છે છતાં વાસ્તવિક જીવનમાં સ્થાપિત અભિનેતા, ગાયક અને રંગમંચ હસ્તી છે. તે પોતાના રોજબરોજના જીવનમાં ટેક્ટાઈલ્સ તેને સ્વતંત્ર રીતે ચાલવામાં કઈ રીતે મદદરૂપ થાય છે તેપ્રદર્શિત કરે છે. આ કેમ્પેઈન દષ્ટિથી વિકલાંગોના મનમાં દેશમાં બહેતર ઈન્ફ્રાસ્ટ્રક્ચરના ટેકા સાથે સ્વતંત્ર રીતે આસપાસ હરોફરો એવો આત્મવિશ્વાસ કેળવે છે. આ કેમ્પેઈન આશાસ્પદ રીતે દરેક નાગરિકોને તેમની આસપાસનાં જાહેર સ્થળોને સંવેદનશીલ નજરે જોઈને અમુક નાની ક્ષમતામાં યોગદાન આપવા માટે પ્રેરિત કરે છે.દુનિયામાં ૩૭ મિલિયન અંધજન છે, જેમાંથી ભારતમાં ૧૨ મિલિયન છે.

## વોડાફોને ફીચર ફોન પર સંપૂર્ણ કેશ બેક ઓફર કરવા લાવા સાથે જોડાણ કર્યું

ભારતની અગ્રણી ટેલીકમ્યુનિકેશન્સ સર્વિસ પ્રોવાઈડર્સ પૈકીની એક વોડાફોન ઈન્ડિયાએ આજે મોબાઈલ હેન્ડસેટ ઉદ્યોગમાં અગ્રણી ભારતીયબહુરાષ્ટ્રીય કંપની લાવા ઈન્ટરનેશનલ લિમિટેડ સાથે જોડાણ કરવાની જાહેરાત કરી હતી. આ જોડાણનો ઉદ્દેશ લાવાનાં નવા હેન્ડસેટની ખરીદી પર તેનાં ગ્રાહકોને રૂ. ૯૦૦ની સંપૂર્ણ કેશ બેક ઓફર કરવાનો છે. આ ઓફર વોડાફોનનાં નવા અને હાલનાં ગ્રાહકો માટે ૩૧ઓક્ટોબર, ૨૦૧૭ સુધી ઉપલબ્ધ છે.આ ઓફર વોડાફોનનાં ગ્રાહકોને લાવાનો નવો ફીચર ફોન ખરીદવાની શ્રેષ્ઠ તક પ્રદાન કરે છે. લાવા ફોનની ખરીદી પર વોડાફોનનાં ગ્રાહકોકેલેન્ડર મહિનામાં લઘુતમ રૂ. ૧૦૦નાં રિચાર્જ પર ૧૮ મહિના માટે રૂ. ૫૦નાં કેશબેકનો લાભ લઈ શકે છે. દર મહિને રૂ. ૫૦નાં ક્રેડિટેડ ટોકટાઈમ સાથે ગ્રાહકો ૧૮ મહિનામાં રૂ. ૯૦૦ની કેશબેક ઓફર મેળવી શકે છે, જેમાં મોટા ભાગનાં કિસ્સામાં નવા હેન્ડસેટની ખરીદીનો ખર્ચ આવરી લેવામાં આવ્યો છે.કેશ બેક એવા ગ્રાહકોને ઉપલબ્ધ થશે, જેમણે લાવાનો નવો ફીચર ફોન ખરીદ્યો છે અને વોડાફોનનો નવો પ્રીપેઈડ નંબર સબસ્ક્રાઈબ કર્યો છે. તે એવા ઉપભોક્તાઓને પણ લાગુ પડે છે, જેઓ લાવાનાં ફીચર ફોનનો ઉપયોગ કરે છે અને નવું વોડાફોન સિમ ખરીદ્યુ છે કે એક્ટિવ વોડાફોન યુઝર છે, જેમણે લાવાનો નવો ફીચર ફોન ખરીદ્યો છે. ઓફર ગ્રાહકોને બેલેન્સ અને ઈન્ટરનેશનલ રોમિંગની ચુકવણી કરવા સિવાય વોઈસ, એસએમએસ કે મૂલ્ય-સંવર્ધિત સેવાનો લાભ મેળવવા સક્ષમ બનાવે છે.

## કૈલાસ સત્યાર્થીની ભારત યાત્રામાં ૫ દિવસમાં ૫૫,૦૦૦ લોકો જોડાયા



નવી દિલ્હી

નોબેલ પારિતોષિક વિજેતા કૈલાસ સત્યાર્થી દ્વારા ૧૧ સપ્ટેમ્બરે શરૂ કરાયેલી ભારત યાત્રા ૫મા દિવસે ૧૫ સપ્ટેમ્બરના રોજ કર્ણાટક રાજયના કોલાર ખાતેપહોંચી હતી. ૩૫ દિવસ ચાલનારી આ યાત્રાને અભૂતપૂર્વ પ્રતિસાદ મળી રહ્યો છે અને લોકોબાળકોના જાતિય શોષણ અને તસ્કરીના વિરોધમાં સત્યાર્થીને સમર્થન આપી રહ્યા છે.યાત્રા શરૂ કરાઈ તેના ૫ દિવસમાં જ ભારે સમર્થન પ્રાપ્ત થયુ છે અને ૫૫,૦૦૦ બાળકો, યુવાનો અને વ્યવસાયીઓ તેની સાથે જોડાઈ ચૂક્યા છે. કોલારમાં અંદાજે ૧૦,૦૦૦ જેટલા લોકો દ્વારા તેને સૌથી મોટુ સમર્થન પ્રાપ્ત થયું હતું. આ લોકોએ બાળકોનું જાતિય શોષણ અટકાવવા અને દેશમાંબહેતર કાયદા લાવવા તેમજ ભારતના બાળકોને ધૃણાસ્પદ કૃત્યોથી સુરક્ષા આપવાની માંગણી કરીહતી. આ યાત્રામાં યુવાનોને અનુરોધ કરાયો હતો કે તેઓ આગળ આવે અને ભારતભરનાં બાળકોમાટે લડત આપે. યાત્રામાં જોડાયેલા લોકોએ સલામત બાળપણ અને સલામત ભારતનું સપનું સાકારકરવા માટે અનુરોધ કર્યો હતો. આપણે આ સમસ્યાઓ સર્જનાત્મક રીતે ઉકેલવાની છે. આપણે સૌએ આગળ આવીને પ્રતિજ્ઞાકરવાની છે કે આપણાં બાળકો માટે સલામત બાળપણ શક્ય બને.સુરક્ષિત બચપન- સુરક્ષિત ભારતની સ્થિતિ આપણા બાળકોમાં રાજકીય, આર્થિક અને સામાજીક રીતે હાંસલ કરવાની છેભારત યાત્રાની શરૂઆત થઈ ત્યારથી અમિતાભ બચ્ચન સહિત દેશભરના નાગરિકોનો તેને અદ્ભૂત સહયોગ મળી રહ્યો છે. અમિતાભ બચ્ચને પોતાના ચાહકોને ટ્વીટ કરીને આ યાત્રાને સહયોગઆપવા જણાવ્યું હતું. કેન્દ્રના શીપીંગ અને નાણાં પ્રધાન શ્રી પોન રાધાકૃષ્ણને આ યાત્રાને શ્રીસત્યાર્થીની સાથે લીલી ઝંડી આપી હતી. ત્રિવેન્દ્રમમાં કેરાલાના મુખ્ય પ્રધાન પિનારયી વિજયનેપોતાની સરકારનું હૃદયપૂર્વક સમર્થન વ્યક્ત કરીને બાળકો ઉપરના જાતિય શોષણ અને તસ્કરી દૂર કરવા માટે સમર્થન વ્યક્ત કર્યું હતું.પ્રધાન મંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ ૧૧,૦૦૦ કી.મી.નો માર્ગ પસાર કરીને તામિલનાડુ સહિત ૨૨ રાજયમાંથી પસાર થનાર આ યાત્રાને સમર્થન પૂરૂ પાડતો વ્યક્તિગત પત્ર શ્રી કૈલાસ સત્યાર્થીને લખ્યોહતો. આ યાત્રા જે કેટલાંક શહેરોને આવરી લેવાની છેયાત્રાને લીલીઝંડી અપાઈ ત્યારે શ્રી સત્યાર્થીએ ઘોષણા કરી હતી કેઆ દેશનાં બાળકો જ્યાં સુધીસલામત નહી બને ત્યાં સુધી હું ઝંપીશ નહી. હું બળાત્કાર અને શોષણ અટકશે નહીં ત્યાં સુધી મારી લડત અટકાવવાનો નથી. આપણે બળાત્કાર અને શોષણ સામેની લડત જીતીશું નહીં, ત્યાં સુધી હું સૂઈ શકીશ નહીં. આ નૈતિક દુષણથી આપણો દેશ ઘેરાયેલો હોવાથી આપણે સૌએ સાથે મળીને લડતઆપવાની છે.

<u>આઈસીઆઈઆઈસીઆઈ લોમ્બાર્ડ જનરલ ઈન્સ્યોરન્સ કંપની લિમિટેડ</u>

## આઈસીઆઈસીઆઈ લોમ્બાર્ડ જનરલ ઈન્સ્યોરન્સ કંપની લિ.૬૪ એન્કર રોકાણકારોને રૂ. ૧૬૨૪.૭૭ને ઈક્વિટી શેરદીઠ રૂ. ૬૬૧ની કિંમતે ૨.૪૫૮ કરોડ ઈક્વિટી શેર ફાળવ્યાં

આઈસીઆઈસીઆઈ લોમ્બાર્ડ જનરલ ઈન્સ્યોરન્સ કંપની લિમિટેડ ( "કંપની" અથવા "ઈશ્યૂઅર")એ ૬૪ એન્કર ઈન્વેસ્ટર્સને કુલ રૂ. ૧૬૨૪.૭૭કરોડમાં ઈક્વિટી શેરદીઠ રૂ. ૬૬૧/- (અપર પ્રાઈઝ બેન્ડ) પર ૨,૪૫,૮૦,૪૪૭ ઈક્વિટી શેરની ફાળવણી કરવાનો નિર્ણય લીધો છે.એન્કર ઈન્વેસ્ટર્સની યાદીમાં સામેલ છેઃ ધ નોમુરા ટ્રસ્ટ એન્ડ બેંકિંગ કંપની લિમિટેડ એઝ ધ ટ્રસ્ટી ઓફ નોમુરા ઈન્ડિયા સ્ટોક મધર ફંડ - ૭.૪%,યુનિસુપર લિમિટેડ એઝ પર ટ્રસ્ટી ફોર યુનિસુપર - ૦.૯%, બ્લેકરોક ઈર્મજિંગ ફ્રન્ટીયર્સ માસ્ટર ફંડ લિમિટેડ -૦.૮%, બ્લેક રોક ઈન્ડિયા ઈક્વિટીઝ(મોરેશિયસ) લિમિટેડ - ૦.૬%, બ્લેકરોક એશિયા સ્પેશ્યલ સિચ્યુએશન્સ ફંડ - ૦.૪%, બ્લેકરોક પેસિફિક ફંડ ઈન્ક -૦.૪%, કુવૈત ઈન્વેસ્ટમેન્ટઓથોરિટી ફંડ ૨૨૪- ૦.૪%, બ્લેકરોક એશિયા ફંડ -૦.૩%, ધ માસ્ટર ટ્રસ્ટ બેંક ઓફ જાપાન લિમિટેડ એઝ ટ્રસ્ટી ઓફ બ્લેકરોક ઈન્ડિયા ઈક્વિટીફંડ -૦.૩%, બ્લેકરોક ગ્લોબલ ફંડ્સ પેસિફિક ઈક્વિટી ફંડ - ૦.૩%, આર્ક રિઈન્સ્યોરન્સ લિમિટેડ - ૦.૩%, રસેલ ઈન્વેસ્ટમેન્ટ કંપની પીએલસી — રસેલ ઈન્વેસ્ટમેન્ટ ઈર્મજિંગ માર્કેટ્સ એક્સ્ટેન્ડેડ ઓપોર્ચ્યુનિટીઝ ફંડ — બ્લેકરોક એસેટ મેનેજમેન્ટ નોર્થ - ૦.૩%, એબીએન એમરોમલ્ટિ-મેનેજર ફંડ્સ - ૦.૩%, સેન્ટોસા ડેવલપમેન્ટ કોર્પોરેશન - ૦.૩%, બ્લેકરોક ગ્લોબલ ફંડ્સ વર્લ્ડ ફાઈનાન્સિયલ ફંડ - ૧.૭%, એસબીઆઈલાઈફ ઈન્સ્યોરન્સ કંપની લિમિટેડ - ૨.૦%, ડીએસપી બ્લેકરોક અલ્ટરનેટિવ ઈન્વેસ્ટમેન્ટ ફંડ — કેટેગરી ડીએસપી બ્લેકરોક ઈન્ડિયા એન્હાન્સ્ડઈક્વિટી ફંડ -૦.૩%, ડીએસપી બ્લેકરોક ઈન્ડિયા એન્હાન્સ્ડ ઈક્વિટી સેટકોર ફંડ — લોંગ ટર્મ - ૦.૩%, પારવેસ્ટ ઈક્વિટી ઈન્ડિયા - ૦.૪%.

<u>વૈશ્વિક સ્તરે જાણીતા બિઝનેસ ચેન્જ પ્રોફેશનલ</u>

## સંધ્યા જેને પોતાના બીજાપુસ્તકના વિમોચન માટે ભારતની મુલાકાતે




અમદાવાદ

સિનિયર બિઝનેસ ચેન્જ પ્રોફેશનલ સંધ્યા જેનછેલ્લા બે દાયકાથી કોર્પોરેટ વર્લ્ડનો અનુભવ ધરાવે છે અને હોંગકોંગસ્થિત લેખક છે, જેઓ ભારત ખાતે એક સપ્તાહ દરમિયાનના રોકાણ વખતે તેમના નવા પુસ્તક 'બિઝનેસ એનેલિસિસ' લોન્ચ કરવા માટે મુલાકાતે આવ્યા છે. તેઓમુંબઈ, પૂણે અને અમદાવાદ ખાતે અનેક કોલેજીસ અનેકોર્પોરેટ હાઉસીસની મુલાકાત લેશે અને વિદ્યાર્થીઓ સાથે વાતચીત કરશે તથા ટેક સમુદાય સાથે પોતાના વિષય પર વિચારો વ્યક્ત કરશે.સંધ્યાને સિમ્બિયોસિસ - પૂણે, આઈઆઈએમ-અમદાવાદ અને આઈઆઈટી-મુંબઈ ખાતે આવકારવામાં આવ્યાહતા જેથી તેઓ વિદ્યાર્થીઓ અને કોર્પોરેટપ્રોગ્રામ બેચીસ સાથે વાતચીત કરી શકે અને ઈન્ડસ્ટ્રીવિષયક પોતાના વિચારો વ્યક્ત કરી શકે તેમજ સમુદાયને વૈશ્વિક કેલિડોસ્કોપિક માહિતી આપી શકે. આ એકવિસ્તૃત ગાઈડ છે જે માત્ર ઈન્ટરવ્યૂની અટપટી પ્રક્રિયામાં મદદ નહીં કરે પણ તેનાથી જે તે ક્ષેત્રનું જ્ઞાન પણ વધી શકશે. આનાથી તમામ પ્રકારના તૈયારીરૂપ ઉપાયો પ્રોફેશનલ સર્ટિફિકેશન એક્ઝામ્સમાં બેસનારા લોકોને મદદ કરી શકે છે જે વિવિધ આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ દ્વારા ઉપલબ્ધ થયા છે. આ પુસ્તક દાયકાઓનાં અનુભવનું પરિણામ છે જે લોકોને તેમની કારકિર્દીમાં બિઝનેસ એનેલિસ્ટ્સ તરીકેના પોતાના લક્ષ્યો પૂરા કરવા માટે માર્ગદર્શન આપે છે. 'બિઝનેસ એનેલિસિસ એ એક ગતિશીલવ્યવસાય છે. તેમમાં બિઝનેસની સમજણ આવશ્યક હોય છે અને માર્કેટ તથાહિતધારકોની સમજણ પણ આવશ્યક હોય છે જેનાથી વિવિધ બિઝનેસ આવશ્યકતાઓમાટે કાયમી ઉપાયો પ્રાપ્ય થઈ શકે છે. આના કારણે તમામ પ્રતિષ્ઠિત સંસ્થાઓ એ રીતે તેમના ફાઈનલ ઉમેદવારોને પસંદ કરે છે. આ માટે કઠિન સ્પર્ધાત્મક એક્ઝામ્સની તૈયારી થાય છે અને એક્ઝામ્સ એક અનોખો અનુભવ બની રહે છે.' 'જે તે ક્ષેત્રમાં જે તે વ્યક્તિને તેની વાસ્તવિકતા અને બેઝિક્સખ્યાલ હોવો જોઈએ. પુસ્તકમાં ખાસ પ્રશ્નો અને જવાબ આપેલા છે અને તેનામાટે વિષય અને પસંદગીની પ્રક્રિયાને સમજવા માટે તે ફોર્મેટ મદદ કરે છે.તેનાથી વ્યક્તિ તેમની તાલીમમાં પદ્ધતિસર લેઆઉટ સાથે પોતાના વિચારોને સંગઠિત કરી શકે છે.'

## પ્રતાપ સ્નેક્સ લિમિટેડનો આઈપીઓ ૨૨ સપ્ટે.ને શુક્રવારે ખુલશે અને ૨૬ સપ્ટે.ને મંગળવારે બંધ થશે




અમદાવાદ

પ્રતાપ સ્નેક્સ લિમિટેડ (એ ૨૨ સપ્ટેમ્બર, ૨૦૧૭ને શુક્રવારેરૂ. ૫ની ફેસ વેલ્યુ ("ઈક્વિટી શેર")નો આઈપીઓ રોકડ માટે લાવવાની દરખાસ્ત રજૂ કરી હતી, જેમાં રૂ. ૨,૦૦૦ મિલિયન ("ફ્રેશ ઈશ્યૂ") સુધીનાં કુલ ઈક્વિટી શેર અને વિક્રેતા શેરધારકો દ્વારા ચ? ઈક્વિટી શેરનાં વેચાણની ઓફર સામેલ છે, જેમાં ૩,૦૦૫,૭૭૦ ઈક્વિટી શેર સુધીનાં વેચાણની ઓફર સામેલ છે, ઈશ્યૂ પ્રાઈઝ પર એમ્પ્લોયી ડિસ્કાઉન્ટ ઈક્વિટી શેરદીઠ રૂ. ૯૦ નુંડિસ્કાઉન્ટ એમ્પ્લોયી રિઝર્વેશન પોર્શનમાં લાયક કર્મચારીઓને ઓફર થશે. ઈશ્યૂની પ્રાઈઝ બેન્ડ ઈક્વિટી શેરદીઠ રૂ. ૯૩૦થી રૂ. ૯૩૮ નક્કી કરવામાં આવી છે. બિડ્સ ૧૫ઈક્વિટી શેર માટે અને પછી ૧૫ ઈક્વિટી શેરનાં ગુણાંકમાં થઈ શકશે. બિડ/ઈશ્યૂ ૨૬ સપ્ટેમ્બર,૨૦૧૭ને મંગળવારે બંધ થશે. એન્કર ઈન્વેસ્ટર બિડ/ઈશ્યૂ, જો કોઈ હશે, તો બિડ/ઈશ્યૂ ખુલવાની તારીખનાં એક ચાલુ દિવસ અગાઉ થશે.કંપની અને પ્રમોટર વિક્રેતા શેરધારકો ઓફરનાં ગ્લોબલ કોઓર્ડિનેટર્સ એન્ડ બુક રનિંગ લીડ મેનેજર્સ ("જીસીબીઆરએલએમ") અને બુક રનિંગ લીડ મેનેજર ("બીઆરએલએમ") સાથે ચર્ચા કરીને એન્કર રોકાણકારોની ભાગીદારીનો વિચાર કરી શકે છે. આ પ્રકારનાં એન્કર રોકાણકારો એન્કરરોકાણકાર બિડ/ઓફરનાં ગાળાં દરમિયાન બિડ કરશે એટલે કે બિડ/ઓફર ખુલવાની તારીખનાં એક ચાલુ દિવસ અગાઉ, જે દિવસ એન્કર રોકાણકારો બિડ સબમિટ કરશે.

ઈશ્યૂનાં જીસીબીઆરએલએમ એડલવાઈસ ફાઈનાન્સિયલ સર્વિસીસ લિમિટેડ અને જેએમ ફાઈનાન્સિયલ ઈન્સ્ટિટ્યૂશનસીક્યોરિટીઝ લિમિટેડ છે. બીઆરએલએમ સ્પાર્ક કેપિટલ એડવાઈઝર્સ (ઈન્ડિયા) પ્રાઈવેટ લિમિટેડ છે. આરએચપી મારફતે ઓફર થયેલા ઈક્વિટી શેરનું લિસ્ટિંગ બીએસઈ લિમિટેડ ("બીએસઈ") અને નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા લિમિટેડ ("એનએસઈ") પર થશે. સીક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (ઈશ્યૂ ઓફ કેપિટલ એન્ડ ડિસ્ક્લોઝર રિક્વાયરમેન્ટ્સ) રેગ્યુલેશન, ૨૦૦૯, સુધારા સાથે ("સેબી આઈસીડીઆર રેગ્યુલેશન્સ") નિયમ ૨૬(૧) અનુરૂપ પ્રોસેસ મારફતે ઓફર રજૂ કરવામાં આવી છે, જેમાં ચોખ્ખી ઓફરનો ૫૦ ટકા હિસ્સો સપ્રમાણ આધારે ક્વોલિફાઈડ ઈન્સ્ટિટ્યૂશનલ બાયર્સ ("ક્યુઆઈબી")ને ઓફર કરવામાં આવશે, જેમાં શરત એ છે કે કંપની અને પ્રમોટર વિક્રેતા શેરધારકો લીડ મેનેજર્સ સાથે ચર્ચા કરીને ક્યુઆઈબી પોર્શનનો ૬૦ ટકા હિસ્સો એન્કર રોકાણકારો ("એન્કર ઈન્વેસ્ટર પોર્શન")ને વિવેકાધિન ધોરણે ફાળવી શકશે, જેમાંથી એક તૃતિયાંશ હિસ્સો સ્થાનિક મ્યુચ્યુઅલ ફંડ માટે અનામત રાખવામાં આવશે.

## ડેલ દ્વારા દુનિયાનું પ્રથમ વીઆર-રેડી પ્રેસિશન ૫૭૨૦ ઓલ-ઈન-વન ભારતમાં રજુ કરાયુ

ડેલ ઈન્ડિયા દ્વારા પ્રેસિશન ડિવાઈસીસની ફ્લેગશીપ રેખામાં નવો ઉમેરો પ્રેસિશન ૫૭૨૦ ઓલ-ઈન-વન ના લોન્ચની જાહેરાત કરવામા આવી. આ ૨૭ ઈચનુ ડેલ પ્રેસિશન ઓલ-ઈન વન ૫૭૨૦ ઉત્પાદન , મિડિયા અને મનોરંજન , આર્કિટેકચર અને ડીઝાઈન , હેલ્થ સહિત ગ્રાફિક્સ -સઘન કાર્યો પર કેન્દ્રિત વિવિધ પ્રકારના ઉધોગોને પહોચી વળે છે. ક્રિયાત્મકતા પર ભાર આપતા ઉધોગોને આકારબદ્ધ કરવાના ૨૦ વર્ષના વારસાને આગળ ધપાવતા ડેલ પ્રેસિશન ૫૭૨૦ દુનિયામાં પ્રથમ વીઆર-ઓલ-ઈન વન વર્કસ્ટેશનમાંથી એક છે, જે એએમડી રેડિયોન પ્રો ગ્રાફીકથી સુસજ્જ છે , જે ગ્રાફિક સઘન કાર્યોને આસાન સ્પર્શ આપે છે. આઈએસવી સર્ટિફીકેશન સાથે અનન્ય વિશ્વસનીયતા , ઈસીસી મેમરી અને ડેલ પ્રેસિશન ઓપ્ટિમાઈઝર સાથે આ દુનિયાને અત્યંત શકિતશાળી ઓલ ઈન વન વર્કસ્ટેશન બનાવે છે. ડેલમાં અમે ગ્રાહકોની જરુરીયાતોની ઉત્ક્રાંતિની રેખામાં કક્ષામાં ઉત્તમ પ્રોડકટો અને સેવાઓ પ્રદાન કરવા માટે અમારી ટેકનોલોજીમાં સતત ક્રાન્તી લાવવા માટે વચનબદ્ધ છીએ. પ્રેસિશન ૫૭૨૦ ઓલ ઈન વનનું લોન્ચ ડેલની પ્રેસિશન શ્રેણીના વારસામાં અમારી માન્યતાનો દાખલો છે, જે ક્રિયાત્મક નિષ્ણાતોને તેમના વિચારોમાં પ્રાણ ફુંકવા માટે કક્ષામાં ઉત્તમ અનુભવ આપે છે.

ડેલ પ્રેસિશન ૫૭૨૦ ઓલ ઈન વન પ્રોફેશનલ માં ગ્રાફીકસ એએમડી રેડિયોન, ૨૭ ઈચનુ અલ્ટ્રા શાર્પ ૪કે અલ્ટ્રા એચડી ડિસ્પ્લે, ઈન્ટેલ કાબી લેક અને સ્કાય લેક પ્રોસેસર છે. વેઝ મેકસઓડિયો પ્રો દ્વારા પાર્વડ છે તથા એઆઈઓ ૬૦ૐડએ ૩ વધારાના ૪ા ડિસ્પ્લે સુધી અથવા ૬૦ૐડ એ વધારાના ૧૨૫ા અને ૧૨૪ા સુધી સપોર્ટ કરે છે. ડેલ પ્રેસિશન ૫૭૨૦ ઓલ-ઈન-વન ભારમાં ૧૦૯૦૦૦ની આરંભિક કિંમતે ૧ સપ્ટેમ્બર ,૨૦૧૭થી ઉપલબ્ધ છે અને ખરીદી www.dell.co.inપર ઉપલબ્ધ છે.

# દિવ્યજ્યોત

અધ્યાત્મ, ધર્મ, ભક્તિને ભગતાં સાહિત્યનાં અજવાળાં...


## સુવાકયો

મનુષ્ય જો પોતાનું મન સારું રાખે તો એનું શરીર પણ સારું બને છે.
એક એક ડગલું ચાલવાથી માઈલોનું અંતર કપાય છે.
ઉત્સાહ મનુષ્યની ભાગ્યશીલતાનો પ્યાલો છે.
જેનું મન મજબુત હોય તે બધું જ કરી શકે છે.
જે કાર્યને પારખી શકતો નથી તે આંધળો છે.
વિશ્વાસનો અભાવ એ અજ્ઞાનતા છે.
કર્તવ્ય પાલનનું નામ જ ધર્મ છે.
જે પુરૂષની બુધ્ધિ સમ છે તે ઉત્તમ છે.



**આરાધના** | **નાથાલાલ બ્રહ્મક્ષત્રીય**

## ‘ગુરૂ’ શબ્દની ગરીમા સમજીએ

જેમની વાણી, વર્તન અને સમજણથી આપણે પ્રભાવિત થઈને તેમાંથી કાંઈક શીખીએ તે વ્યક્તિ વસ્તુ, પદાર્થ કે પ્રકૃતિનાં તત્વોને પણ ગુરૂ બનાવી શકાય છે.

ભગવાન દત્તાત્રેયના જીવનમાં આવા અનેક ગુરૂઓનો પ્રભાવ રહ્યો છે તેમ તેમણે પોતાના વિચારો દ્વારા વ્યકત કર્યું છે.

આજે આપણે ગાય, ભેંસ કે બળદ જેવા પશુઓના જીવનમાંથી કયા ગુણ કેળવી શકાય તેની થોડી ચર્ચા કરીશું.

જ્યારે સારો ચારો મળે ત્યારે ગાય કે ભેંસને પેટ ભરીને ચરી લે છે પછી બપોરના સમયે કોઈ તળાવની પાળે કે કોઈ વડલા જેવા ઘેઘુર વૃક્ષની નીચે બેસીને શાંતિથી પોતાના ખોરાકને વાગોળ્યા કરે છે.

(વાગોળવું એટલે પોતે ખાધેલા કોળીયામાંથી એક કોળીયો પેટમાંથી પોતાનું મોંઢામાં પાછો લાવવો અને તેને સતત ચાવ્યા કરવું જેથી એ ખોરાકમાં તેના પાચક રસો ભળી જાય, ખોરાક સુપાચ્ય બને અને પોતે નિરાંતનો અનુભવ કરે.)

આપણને કુદરતે આ શક્તિ આપી નથી. મતલબ કે ખોરાકનો કોળીયો હોજરીમાંથી પાછો મોંઢામાં લાવી શકતા નથી. તો પછી કુદરતે આપણને જુદી જ શક્તિ આપી છે.. આપણે જ્યાંથી પણ જ્ઞાન મેળવ્યું હોય ત્યાંથી યાદ રાખીને મનમાં.. બુધ્ધિમાં ઉતારવું અને જરૂર પડયે જ્યાં જરૂર હોય ત્યાં તેનો ઉપયોગ કરવો જેથી આપણા જીવનમાં એ સત્કર્મરૂપી ધર્મ-કર્મ-કર્તવ્યનો બોધ થાય.

જેમ વરસાદ આવે અને ધરતી ઉપર લીલું ઘાસ ઉગી નીકળે, તેમ આપણે પ્રાપ્ત કરેલા જ્ઞાન દ્વારા આપણા રોજના જીવનમાં પણ પ્રેમરૂપી લીલું ઘાસ ઉગી નીકળવું જોઈએ.

**પ્રેમ અને કરૂણા જ ધર્મનાં ચિન્હો છે.**
**હું ધાર્મિક છું તેની ખબર બીજાને કેવી રીતે પડે ?**
**શું હું અમુક પ્રકારનાં ટીલાં, ટપકાં કરૂં ત્યારે ? ના.**
**શું હું અમુક પ્રકારનો પોષાક પહેરૂં ત્યારે ? ના..**
**શું હું અમુક પ્રકારનાં સૂત્રો બોલું ત્યારે ? ના..**
**અમુક પ્રકારની પૂજાપાઠની વિધિથી ? ના..**
**આ બધાં તો ધર્મનાં બાહ્ય કલેવર છે..**

આવાં કોઈ ચિન્હ ન અપનાવનારાઓ પણ અણીશુદ્ધ જીવન જીવતા ધાર્મિક મહાપુરૂષો હોઈ શકે છે. ઘણી વખત પેન્ટ શુટમાં કે સફારી પહેરેલા મહાપુરૂષો પોતાના જીવનની દિવ્યતાનો પરચો સમાજને કરાવે છે. ત્યારે આપણે નક્કી કરવાનું છે. **અનુસંધાન પાના નં.૬ ઉપર**

## તત્રૈવં સતિ કર્તારમાત્માનં કેવલં તુ ય : ।
## પશ્યત્યકૃતબુદ્ધિત્વન્ન સ પશ્યતિ દુર્મતિઃ ।।

ગીતા માત્ર આધ્યાત્મિક ગ્રંથ નથી એ તો જીવન પદ્ધતિનો આકર ગ્રંથ છે. આદર્શ સમાજ વ્યવસ્થા માટેનો ગ્રંથ છે. બધાં કર્મોનો સિદ્ધિ પાંચ પાંચ કારણોથી થાય છે. ભગવાને સાંખ્ય સિદ્ધાંત બતાવવા માટે જે ઉપક્રમ રચ્યો છે તેમાં કર્મોની સિદ્ધિમાં પાંચ હેતુ બતાવવાનો શો આશય છે ? એનું વર્ણન ભગવાન નીચેના શ્લોકમાં કરે છે :

**તત્રૈવં સતિ કર્તારમાત્માનં કેવલં તુ ય : ।**
**પશ્યત્યકૃતબુદ્ધિત્વન્ન સ પશ્યતિ દુર્મતિઃ ।। ૧૮-૧૬ ।।**

‘ત્યાં કર્મની બાબતમાં (તત્ર) એ રીતે આમ આ પ્રમાણે (એવમ્)હોવા છતાં હોઈ સતિ પણ પરંતુ (તુ) જે પુરૂષ (યઃ) અશુદ્ધ બુધ્ધિને લીધે,કુબુદ્ધિના કારણે (અકૃતબુદ્ધિત્વાત્) કેવળ-માત્ર (કેવલમ્) પોતાને આત્માને (આત્માનમ્) કર્તા (કર્તારમ્) જુએ છે, સમજે છે. (પશ્યતિ)તે-એ (સઃ) દુષ્ટ-મલીન બુધ્ધિવાળો મૂર્ખ દુર્ગતિ બરાબર યથાર્થરૂપે જોતો નથી. (ન પશ્યતિ)’

જે મનુષ્ય આ પાંચ હેતુઓ, કારણોનો વિચાર કર્યા વિના માત્ર પોતાને જ એક માત્ર કર્તા માને છે તે નિઃસંદેહ બુધ્ધિમાન નથી. અશુધ્ધ બુધ્ધિવાળો છે તે અજ્ઞાની-મૂર્ખ યથાર્થરૂપે જોઈ શકતો નથી. અધ્યાય ૧૫ ના શ્લોક ૧૫ માં કહ્યું છે કે ‘સર્વસ્ય ચાહં હૃદિ સંનિવિષ્ટ’ અર્થાત ભગવાન મનુષ્ય માત્રના હૃદયમાં રહેલો છે. તે આપણાં સર્વ કર્મોનો દોરીસંચાર કરી રહેલો છે. જોકે સ્થાન, કર્તા, ઈન્દ્રીયો પ્રયાસ એ ભૌતિક કારણો છે. છેવટનું અંતીમ કારણ તો દૈવ એટલે સ્વયં ભગવાન જ છે. તેથ મનુષ્યે ચાર ભૌતિક કારણો જ નહીં પરંતુ સર્વોપરી પરીમાણ સાધક, સમર્થ કારણ પણ જોવું જોઈએ. જે ભગવાનને બરાબર સમજતો નથી જોતો નથી તે પોતાને જ કર્મનો કર્તા માને છે.

જે કંઈ ઘટના બને છે તે અકારણ તો બનતી નથી ઘટના બને એટલે તેનો કર્તા પણ હોવાનો જ. ઘટના બનવા માટેનું સ્થાન પણ હોવાનું ઘટના માટે અનેક પ્રકારની ચેષ્ટાઓ પણ હોવાની જ. અનેક પ્રકારનાં સાધનો પણ હોવાનાં જ અને ઘટના માટે દૈવ પણ અનુકુળ કે પ્રતીકુળ હોવાનું. આમ કર્મમાત્રમાં અધિષ્ઠાન વગેરે પાંચ કારણો હોવા છતાં જે મનુષ્ય શુદ્ધ, અસંગ, ઉદાસીન, નિષ્ક્રિય અને નિર્વિકાર આત્માને કર્તા સમજે છે. તે દેહાત્મ બુદ્ધિવાળો, અસંસ્કૃત બુધ્ધિવાળો હોવાથી તાત્વિક દ્રષ્ટીએ અજ્ઞાન-મુર્ખ જ છે, અશુધ્ધ બુધ્ધિવાળો છે. સત્ શાસ્ત્રોના અભ્યાસ દ્વારા, શમ-દમ વગેરે આધ્યાત્મિક સાધનો દ્વારા જેની બુધ્ધિ શુદ્ધ થઈ નથી એ માણસને અશુધ્ધ બુધ્ધિવાળો માનવો.

શ્લોકમાં પ્રયોજાયેલો ‘અકૃતબુધ્ધિત્વાત્’ અને દુર્ગતિ પદોનો અર્થ એકસરખો લાગતો હોવા છતાં પણ એમાં થોડોક ફરક છે. ‘અકૃત બુદ્ધિત્વાત્’ પદ હેતુના રૂપમાં આવ્યું છે. જ્યારે ‘દુર્મતિઃ પદ કર્તાના વિશેષણના રૂપમાં આવેલું છે. અર્થાત્ કર્તાની દુર્મતિ થવામાં અકૃત બુદ્ધિ જ હેતુ છે. તાત્પર્ય એ છે કે બુધ્ધિને શુદ્ધ ન કરવાથી અર્થાત બુધ્ધિમાં વિવેક જાગૃત ન થવાથી જ તે દુર્મતિ છે. જો વિવેકને જાગૃત કરવામાં આવે તો દુર્મતિ નિર્મિત્ત થતી નથી. જેમણે પોતાની બુદ્ધિને શુદ્ધ કરી નથી તે દુર્મતિ જ પોતાને કર્તા માની લે છે. જ્યારે શુદ્ધ નિર્મળ આત્મામાં કર્તૃત્વ હોતું નથી.

શ્લોકમાં પ્રયોજાયેલ ‘કેવલમ્’ પદ કર્મયોગ અને સાંખ્યયોગ બંનેમાં આવ્યું છે. પ્રકૃતિ અને પુરૂષના વિવેકને લઈને કર્મયોગ અને સાંખ્યયોગ ચાલે છે. કર્મયોગમાં બધી ક્રીયાઓ શરીર, મન, બુધ્ધિ અને ઈંદ્રીયો દ્વારા થાય છે પરંતુ એમાં મમતા હોતી નથી, અધ્યાય ૫ ના શ્લોક ૧૧ માં કહ્યું છે કે, કાયેન મનસા બુદ્ધયા કેવલૈરિન્દ્રિયૈરપિ’ અર્થાત કર્મયોગમાં કેવલૈઃ પદ શરીર, મન, બુધ્ધિ અને ઈન્દ્રીયોની સાથે આપવામાં આવ્યું છે. જ્યારે સાંખ્યયોગમાં વિવેક વિચારની પ્રધાનતા છે. સાંખ્યયોગમાં જેટલાં પણ કર્મો થાય છે તે બધાં પાંચ કારણોથી જ થાય છે. પોતાના સ્વરૂપથી નહીં પરંતુ અહંકારથી મોહીત અંતઃકરણવાળો પોતાને જ કર્તા માની લે છે. એટલે ‘સાંખ્યયોગમાં કેવલમ્ આત્માનમ્’ એમ સ્વરૂપ સાથે ‘કેવલમ્’ પદ આવ્યું છે.

**અધ્યાત્મ** | **૫૮૩** | **પ્રિ.ડો.હેમરાજભાઈ આર.પટેલ**

**જીવન દર્શન** | **ભગવાનદાસ બંધુ**

## દર્શનલાયક, જોવાલાયક અને પ્રેરણાદાયી એવું રામવનવાસ અને રામ સહવાસ સમું ચિત્રકુટધામ



ઉત્તરપ્રદેશ અને મધ્યપ્રદેશ એમ બંને રાજયોની બોર્ડર ઉપર આવેલું અને જ્યાં રામ ભગવાને વનવાસ દરમ્યાનમાં સાડા અગિયાર વર્ષ પસાર કરેલ તેવું રામવનવાસ અને રામ સહવાસ સમું ચિત્રકુટધામ દર્શન લાયક, જોવાલાયક અને પ્રેરણાદાયી છે. પૂજ્ય સદ્‌ગુરૂ દેવ રણછોડદાસજી બાપુની ધર્મભૂમિ, કર્મભૂમિ અને સેવાભૂમિ સમાન ચિત્રકુટ ધામની જીવનમાં એકાદવાર મુલાકાત લેવી જરૂરી છે. તાજેતરમાં પૂજ્ય આનંદમૂર્તિજી મહારાજની શ્રીરામકથા નિમિત્તે સહ પરિવાર ચિત્રકુટ જવાનું જીંદગીમાં પહેલી વાર જ બન્યું ત્યારે વિશેષ આનંદની અનુભૂતિ થઈ. ચિત્રકુટધામમાં રામઘાટ, કામદગીરી, હનુમાનધારા, માનસદર્શન, જાનકી કુંડ, સ્ફટિક શીલા, રામદર્શન, સતી અનસુયાજી, ગુપ્ત ગોદાવરી, ભરતકુપ, રામશૈય્યા, સોમનાથ નંદી હનુમાન, વાલ્મિકી આશ્રમ, ગણેશબાગ, સરભંગા આશ્રમ, ધારકુંડી આશ્રમ, ગૈબીનાથ જેવી અનેક જગ્યાઓ જોવાલાયક છે. મંદાકિની નદીમાં સ્નાન કરવાનો પણ એક આગવો મહિમા છે. ચિત્રકૂટની ખુબ જ નજીક તુલસીદાસજી જન્મસ્થાન રાજાપુર આવેલું છે. રાજાપુરથી અલ્હાબાદ (પ્રયાગરાજ) કે જ્યાં ત્રણ નદીઓનો સંગમ થાય છે એ ત્રિવેણી સંગમમાં દર્શન અને સ્નાનનું પણ એક આગવું મહત્વ છે.

તા.૨૭-૮-૨૦૧૭ થી તા.૬-૯-૨૦૧૭ એમ દસ દિવસનો આ પ્રવાસ કે યાત્રા અનેક ખાટામીઠા અનુભવો સાથે સંપન્ન થઈ. પ્રયાગરાજથી આગળ આદરણીય નરેન્દ્રભાઈ મોદી જ્યાંથી લોકસભામાં ચૂંટાયા એવું વારાણસી- બનારસ-કાશી જવાનું થયું. ખુબ જ ભીડભાડથી ભરેલ અને જીવનમાં માત્ર એક જ વાર દર્શન કરી શકાય એવું કાશી વિશ્વનાથ મંદિર જોવાનું બન્યું. વારાણસીમાં ગંગા નદી ઉપર અલગ અલગ પ્રકારના અનેક ઘાટ છે જ્યાં સ્નાનનું મહત્વ છે. અમારે સૌને ગાયઘાટ પાસે આવેલ સ્વામી નારાયણ મંદિરે ઉતરવાનું બન્યું જેથી ગાયઘાટ ઉપર જ સૌએ સ્નાન કર્યું. વારાણસી- બનારસની કચોરી કે પાન ખાવાની એક આગવી મજા છે જે માણી. સમગ્ર ભારત દેશમાં બનારસનું પાન કંઈક વિશિષ્ઠ પ્રકારનું જ લાગે છે.

બનારસ રાત્રિ રોકાણ કર્યા બાદ બીજા દિવસે અયોધ્યા જવાનું થયું. અયોધ્યામાં રામજન્મભૂમિ મંદિર વધારે પડતી સુરક્ષામાં હોઈ ત્યાં દર્શન કરવામાં સમય લાગ્યો. એ સિવાય પણ રામ દરબાર, હનુમાન ગઢી, રામમંદિર બનાવવા જયાં ઈંટો અને પથ્થરો એકત્રિત કરવામાં આવેલ છે તે જગ્યા પણ નિહાળી. અયોધ્યામાં સરયૂ નદીમાં સ્નાન કરવાનું વિશેષ મહત્વ છે. અયોધ્યા જતાં રસ્તામાં ખુબ જ મનભાવન અને અતિ સુંદર, સ્વચ્છ એવી સીતામઢીની જગ્યા આવી. સીતામઢી ખાતે પૂજય સીતામૈયા ધરતીમાં સમાયાં એ દર્શાવતી જગ્યા નદીને કીનારે છે. સીતામઢીમાં સરસ મજાનું ભોજનાલય, અતિથિ ગૃહ, બગીચો, નદીકીનારો વિગેરે છે. સાથે સાથે આ જગ્યા ખુબ જ શાંત, રમણીય અને અતિ પવિત્ર છે.

અયોધ્યાથી છપૈયા જવાનું થયું. છપૈયા શ્રી સ્વામી નારાયણ ભગવાનનું જન્મસ્થળ છે. છપૈયામાં પણ જમવા રહેવાની સારી સગવડ મળી. ઉત્તરપ્રદેશ કે મધ્યપ્રદેશમાં ગુજરાત જેટલો વિકાસ થયેલો ના હોઈ આજે પણ રસ્તાઓની ખુબ જ અગવડ છે. નૈમીષારણ્ય અને લખનૌ પણ જોવા જેવાં સ્થળો છે પરંતુ ત્યાં જઈ શકાયું નહીં. સમયની મર્યાદાને લીધે જે કંઈ જોઈ શકાયું તે જોયું પણ આ પ્રદેશમાં આજે પણ ગરીબી અને બેરોજગારી વિપુલ પ્રમાણમાં છે. શિક્ષણનો વ્યાપ પણ ખુબ જ ઓછો છે. જોકે શિક્ષણ નથી એટલે છેતરપીંડી પણ ખુબ જ ઓછી છે.ચિત્રકુટમાં પરમ આદરણીય પૂજ્ય રમાબેનજી હરીયાણીના આશીર્વાદથી સદ્‌ગુરૂ સેવા સંસ્થાનની હોસ્પિટલ અને તેમાં ચાલતી અનેકવિધ સદ્દપ્રવૃત્તિઓથી પણ વાકેફ થવાયું. આ સંસ્થાના ચેરમેન ડૉ.જૈન સાહેબ અને તેમનાં ધર્મપત્ની શ્રીમતી ઉષાબેન જૈન સહિત સૌ પાસેથી ૭૫ એકરમાં ફેલાયેલ સદગુરૂ સેવા સંસ્થાનની માહિતી મેળવી શકાઈ. મારા આદરણીય વડીલ મિત્રો કનુભાઈ આચાર્ય અને જયંતિભાઈ ઓઢાવાળા પણ સંસ્થાની માહિતી જાણીને ખુબ જ પ્રભાવિત થયા. કામદગીરીની પરિક્રમા ખુલ્લા પગે જેટલી વધારે થાય તેટલી સારી એવી ત્યાંની માન્યતાને લીધે અમારી સાથેના લગભગ ૫૦૦ જેટલા ભાઈ-બહેનોએ પરિક્રમાનો આનંદ લીધો. આ વિસ્તારમાં રામસેના સમાન માંકડા, વાંદરા વધારે છે અને તેનાથી ચેતતા રહેવું જરૂરી છે. અમદાવાદ-ચિત્રકુટ-અમદાવાદની યાત્રા વિવિધ પ્રકારના અનુભવો સાથે સુખરૂપ સંપન્ન થઈ. આ વિસ્તારની મુલાકાત લઈને જીવનને ધન્ય બનાવવું જરૂરી છે. સાથે સાથે પૂજય સદ્‌ગુરૂદેવ રણછોડદાસજી મહારાજના જીવનમાંથી પણ પ્રેરણા લઈને આપણા જીવન દરમ્યાન નાનાં મોટાં સત્કર્મો કરવાની વિશેષ જરૂર છે.

**ભગવાનદાસ બંધુ મો. ૯૮૨૫૬ ૩૮૬૪૩**

## યઃ સ્વભાવો હિ યસ્યાસ્તે સ નિત્યં દુરતિક્રમઃ !
## શ્વા યદિ ક્રિયતે રાજાતત્કિં નાશ્નાત્યુપાનહતા :!!

**ચિંતન** | **યશપાલસીહ ટી.વાઘેલા**

મૃતાત્મા સ્વજન પિતૃઓના તર્પણ અર્પણની વિધિ વિધાન કરતું પખવાડીયું શ્રાદ્ધપક્ષ સર્વ પિતૃ અમાસ સાથે પુર્ણ થતાં જ નવલા નોરતાંની રમઝટ જામશે. ઉત્સવ ઘેલું ને વેપારી ગુજરાતની પ્રજા હંમેશા શાંતિપ્રિય છે. એટલે જ અહીં સૌ કોઈ આકર્ષાય છે. ગુજરાતની આન શાન બાન તેની પ્રજાની માનસિકતા છે તે ભ્રષ્ટાચાર, ભેળસેળ, મોંઘવારીને બીજી કોઈ વેદના સહન કરીને છેવટે વાદવિવાદમાં પડયા વગર એક જ શબ્દ આપત્તિ કે અન્ય આક્રમણો સામે બોલશે. ‘કરશે તે ભરશે’ ભગવાન સૌને સદ્‌બુદ્ધિ અર્પે જીવન જીવવાની કળા શીખવતો આ મહામંત્ર હોય તો નવાઈ નહીં. આપણે દુઃખી છીએ તો બીજાને દુઃખી કરીએ એવી ભાવના પરિવાર સમાજ, રાજય, રાષ્ટ્રને અધોગતિ તરફ અવશ્ય દોરે છે. આજે ધનાઢય બનવાની લહાયમાં માનવી સતતને સતત વિહ્‌વળ દુઃખી બનતો જાય છે. જેમાં હાલની હાઈફાઈ યુગની અસર પણ હોઈ શકે છે. પહેલાંનો માનવી ધનાઢય કરતાં એકમેકમાં ઓતપ્રોત થઈને રહેવામાં સંતોષ માનતો હતો. ગામમાં પાદર, ગૌચર, ખરાબા, તળાવ હતા. આજે સંધ્યાકાળે ગામમાં પાછા ફરતાં પશુઓની પગરવથી રચાતી ગોધુલીએ સઘળી સુખ દુઃખની અને બીજી સમીક્ષા કરતાં ગામના વડીલોની પાદર, સીમાડાની બેઠકો, એકબીજાના ઘરના ઓટલે બેસી પીવાતી ચા ઉકાળો હવે સ્વપ્ન સમાન બન્યા છે. તળાવો, નહેર, રસ્તા, પાણી, વીજળી, ગરીબો, કુપોષણ, આરોગ્ય, સ્વચ્છતાના નામે જે તરકટો ચાલે છે તેનાથી પ્રજા પાંગળીને નિષ્ક્રીય બનતી જાય છે. પ્રાણી પક્ષીઓ સંગ્રાહલયના પ્રાણીઓ જેમ તેને ખોરાક, પાણી આપનારની ઈંતજારી કરતાં પાંજરાની એ ગોખાઈમાં આંટાફેરા કરતા હોય છે તેવી જ રીતે હાલત માનવની બની છે. બનાસકાંઠા જિલ્લામાં ગત જુલાઈના અંતિમ સપ્તાહમાં બનાસ નદીના ઘોડાપુર અને નર્મદા નહેરના સંયુકત પાણીએ કાંકરેજ તાલુકાના અમુક ગામડાઓમાં જે તારાજી સર્જી તેનાથી જનજીવન સહીત કૃષિ પાકને આર્થિક રીતે નુકશાન થયું. આ તારાજી માનવસર્જીત વધુ રહી હોવાનું પણ જાણવા મળ્યું. કુદરતે જન્મ મૃત્યુ વચ્ચે કંઈક રાખ્યું છે. તેના નિર્ધારીત માર્ગમાં વિક્ષેપ પહોંચાડતાં માનવ જીવ પોતે તો દુઃખી થઈ જીવનરેખા ટુંકાવે છે પણ બીજા માટે ખતરા રૂપ બને છે. ઘણી ઘટનાઓને આપણે કુદરતી પ્રકોપ એવું નામ આપીને કુદરત પર ખોટો દોષારોપણ કરીએ છીએ. ૧૯૪૫ નાગાસાકી હીરોશીમા પર અણુબોંબથી જે તારાજી સર્જાઈ તેને આજે વિશ્વના દેશો ભુલી શકતા નથી ને આવા વેપનોનો ઉપયોગ ન થાય ને કાયમી શાંતિ વિશ્વભરમાં પ્રસરી રહે તેવા સહીયારા પ્રયત્નો ચોક્કસપણે થાય છે પણ કયાંક અભિમાનમાં બધી મર્યાદાને ઓળંગીને વિશ્વમાં પોતે કંઈક જ છે તેવું સાબીત કરવા માગે છે ને રાવણ, સદામ હુસેન લાદેનની જેમ પોતે તો હણાય છે પણ પરિવારજનોને હણાવતા જાય છે. આ સત્ય હકીકત છે જેને કોઈ નકારી ન શકે. માનવીમાનવ થાય તો ઘણું. આ પૃથ્વીલોક પર કુદરતે માનવીને એક રક્ષક-રખેવાળની ભૂમિકા અદા કરવા મોકલ્યો છે. પણ તે આજે તેની ફરજ પૃથ્વીલોક પર આવીને ભુલી જાય છે. તેને એમ કે, હું જ છું તો બધું છે. પૃથ્વીલોક પર પોતે અન્ય જીવો કરતાં બુધ્ધિશાળીને વર્ચસ્વશાળી એટલા માટે છે કે કુદરતે તેનું ‘રખેવાળ’ તરીકે ઘડતર કર્યું છે. એટલે તો એમ સમજે છે કે હવે આ બગીચાનો માલિક હું છું. હું કરૂં એમ જ થવું જોઈએ ત્યારે કુદરત પણ અચાનક બગીચાની મુલાકાતલઈને એવી થપ્પડ રક્ષક તરીકે બેફામ બનેલા એ જીવને માટે છે ઘડીભરમાં તે બેહોશ થઈને કુદરતને દોષિત ગણવા કે હે કુદરત મેં તારૂં શું બગાડયું કે નુકશાન કરે છે ત્યારે કુદરત હસી પડે છે કે મારા બાગને સાચવવાનેબદલે તું ઉજાડે, નુકશાન કરે તે હું કયાંથી સહન કરી લઉં એટલે હજુ સુધરી જા. નહીંતર આ તો ફકત થપ્પડ હળવી ટકોર રૂપે જ છે. દક્ષિણ કોરીયાના શાસકને કંઈક આવો જ ચસકો ચડયો છે ને તે અણુ બોંબથી પણ આગળ વધીને હાઈડ્રોજન બોંબનું નિરીક્ષણ વિશ્વ શાંતિ વચ્ચે કરી બેઠું છે. શું મેળવવા માગે છે આવા વિકૃત મનના માનવીઓ જે પોતે હૃદય મનથી અવશ્ય જાણે છે કે મારૂં મૃત્યુ નક્કી જ છે ને હું કંઈક મેળવીને મરવા માગું છું. આ કંઈક મેળવવાની ઘેલછા દિવાની જયોતને લુંટવા જતા પતંગિયાની લાલસા જેવી સાબીત થાય છે. પતંગિયું એ સળગતા દિવડામાંથી કંઈક મળશે તેની લાલચમાં તેની નજીકને નજીક પહોંચે છે ને છેવટે મૃત્યુનું કારણ એ લાલસા જ બને છે. આપણે ધર્મગુરૂ, ધર્મગ્રંથો ધર્મસ્થાનોમાંથી આવા અનેક પ્રેરણાદાયી પ્રસંગો સાંભળીએ,

**અનુસંધાન પાના નં.૬ ઉપર**

## જેવા સાથે તેવા

**શ્રદ્ધા અને** | **સંસ્કાર**

**ગતાંકથી ચાલુ**

અરે કુશલ ! તું તો કેટલો ભોળો છે ? નદીમાં કોઈ સોનૈયા નાખતું હશે. આ તો તારી પરીક્ષા કરવા માટે તારી માતાએ તને આ વાત કરી હશે. એમનો તો એ જ આશય હશે કે ગમે તે રીતે આ સોનૈયાનો ઉપયોગ કરવો. નદીમાં ફેંકવાની કંઈ જરૂર નથી જેમ તું નદી માતાને આપવાનો હતો એમ પાછો જઈને તારી માતાને આપી દેજે.. એટલે આ સોનૈયાનો ઉપયોગ થઈ ગયો કહેવાશે.

માતાએ તો મને એક જ સોનૈયાથી કેટલું બધું કરવાનું કહ્યું, ક્ષુધાને શાંત કરવાની, તૃષા છીપાવવાની અને પાછું થોડું વાવવાનું પણ ખરૂં ? એક જ સુવર્ણ મહોરથી હું આટલી બધી વસ્તુઓની ખરીદી કેવી રીતે કરૂં ? આશ્ચર્યથી કુશલે ભાગીરથીને પુછયું.

ભાગીરથીએ કહ્યું, ‘કુશલ ! તું ભોળો નહીં પણ અતિશય ભોળો છે. તારી માતાનું અનુજ્ઞાનું અનુપાલન કરવા કંઈ બધી વસ્તુઓ ખરીદવાની જરૂર નથી. ખાલી એક તરબુચની ખરીદી કરી લે. તારાં બધાં કામો પતી જશે. તું તરબુચ ખાઈશ એટલે તારી ભુખ અને તરસ બંને છીપાઈ જશે. તરબુચનાં થોડાં બીજની સુકવણી કરી દેજે એટલે એ મુખવાસ બની જશે અને તરબુચની જે છાલ વધે તે ગાય ભેંસને ખવડાવજે. એટલે તારી માતાની જે જીવદયાની ઈચ્છા હશે તે પણ પુર્ણ થઈ જશે. આમ એક વસ્તુ ખરીદવાથી જો તારાં બધાં કામ પતી જતાં હોય તો બધી વસ્તુઓ ખરીદવાની કયાં જરૂર છે ? ‘હા ! આ વાત બરાબર છે. માત્ર એક તરબુચથી જ મારા બધાં કામ પતી જશે. એમ વિચારી તરબુચની ખરીદી કરીને કુશલ ઘેર ગયો અને માતાના હાથમાં જ સીધું તરબુચ આપ્યું.

માતાનો આશય પણ તરબુચ ખરીદવાનો હતો. તરબુચ લઈને આવેલા પુત્રને જોઈને તેણે પતિએ કહ્યું, જુઓ જુઓ બધા કહે છે કે આપણો પુત્ર સાવ ભોળો છે. ચતુર કે ચકોર નથી. એ વાત સાવ ખોટી છે. ખરેખર મારો પુત્ર તો કેટલો ચાલાક છે ? મારા અંતરના આશયને પણ જાણી ગયો.

‘માત્ર તરબુચની ખરીદી કરીને માતાની બધી ઈચ્છા પુર્ણ રવી, આ વિચાર તને જાતે આવ્યો હતો કે પછી બીજા કોઈએ આવો સરળ અને સરસ રસ્તો બતાવ્યો..’ પિતાએ કહ્યું.

કુશલ બહુ ચાલાક ન હતો. સાવ ભોળો હતો તેણે જે સત્ય હકીકત હતી તે માતા પિતા આગળ કહી.. મારા મિત્રની બહેને મને તરબુચની ખરીદી કરવાની વાત કહી હતી. જેથી માત્ર એક જ સોનૈયા વડે બધાં કામ પતી જાય..

‘હા !તેં ભાગીરથી તો મારા મિત્રની જ પુત્રી છે. શું તે આટલી બધી હોંશિયાર છે ? તેણે તને બીજું કંઈ કહ્યું હતું ?’

**અનુસંધાન પાના નં.૬ ઉપર**

## સબ દીન હોત ન એક સમાન

**સૌરભ** | **બી.કે.નીતાબેન**

જીવનની ઘટમાળામાં બદલાતા સમયમાં આપણે આ વાક્ય યાદ રાખવું ખુબજ જરૂરી છે.આપણે સુખના દિવસોમાં છકી જઈએ અને એવું સમજવા લાગીએ છીએ કે મારા જેવું સુખી, ધનવાન કોઈ છે જ નહીં.અને દુઃખ, નિરાશાજનક પરિસ્થિતિ આવે ત્યારે હતાશ, નિરાશ થઈ જઈએ છીએ.આપણી પાસે હોંશિયારી હોય સફળતાનાં શિખરો સર કરતા જઈએ છીએ ત્યારે અન્ય માટેનો આપણો ભાવ બદલાઈ જાય છે.તિરસ્કાર, ધૃણાનો ભાવ જાગૃત થાય છે પરંતુ આપણે સદા યાદ રાખીએ કે બંધ ઘડીયાળ પણ દિવસમાં બે વાર રાઈટ ટાઈમ બતાવે છે.માટે કોઈનો પણ તિરસ્કાર ન કરો.હિરો ઘસાયા પહેલાં તો પત્થર જ હતો.

આમ આપણે ઉચા શિખર પર છીએ તો અભિમાન ન આવવું જોઈએ.નહી તો ઉચા શિખર પરથી નીચે પડીશુ તો કોઈ અસ્તિત્વ જ નહી રહે.જ્યારે આપણે નીચે.હોઈએ તો એવું ન વિચારો કે શિખર સર કરી શકાય જ નહી.બધા દિવસો સરખા હોતા નથી.ક્યારે આપણને શિખર પરથી નીચે પણ લાવી શકે છે.અને સમય જ નીચેથી ઉંચા શિખર પર લઈ જઈ શકે છે.માટે સદા યાદ રાખીએ સબ દીન હોત ન એક સમાન.

એક રાજા ખુબ પ્રતાપી હતા.એકવાર બીજા પ્રાંતના રાજાએ લડાઈ કરીને રાજાને હરાવી દીધા.રાજા હતાશ, નિરાશ થઈને એક સ્થાને બેઠા હતા એવામાં એક કાગળ પર લખેલા એક વાક્યે રાજાના જીવનમાં જાદુનું કામ કરી દીધુ.કાગળમાં લખ્યું હતુ કે “સબ દીન હોત ન એક સમાન” આ વાક્યે રાજાને ફરી બેઠા કરી દીધા.નિરાશામાં કાળાં ડીબાંગ વાદળોને **અનુસંધાન પાના નં.૬ ઉપર**

### બનાસકાંઠા...
**પાના નં.૧ ચાલુ**

સામાન્ય શિક્ષણ સંઘ ની ચૂંટણી માં ભાજપ ના મોટા ગજા ના નેતાઓ અને એક મંત્રી સહિત ઉતરી પડતા વિરોધ પક્ષ આ બાબત ને વખોડી કાઢી હતી અને તેમને ચૂંટણી કરવાની માંગ કરી હતી.બનાસકાંઠા જીલ્લા પંચાયત કારોબારી માં ઠરાવ માં એક માસ માં ચૂંટણી પૂર્ણ કરવા જણાવાયું હતું જે વાત ને આજે ચાર માસ ઉપરનો સમય વીતી જવા પામ્યું છે. બનાસકાંઠા જિલ્લા પ્રાથમિક શિક્ષણ સંઘ માં ચૌદ હજાર શિક્ષક મતદારો આવેલા છે તેમાં વર્ષો થી કેટલાક શિક્ષકો હોદ્દાઓ લઈને બેઠેલા છે અને ઈલેક્શન થાય તો હોદ્દો જવાની ડરે ઈલેક્શન કરવા માંગતા નથી અને જ્યારે રાજકીય ઈશારે ઈલેક્શન માટે ઠરાવ થયો ત્યારે ફરી રાજકીય વગદાર નેતાઓ નો ઉપયોગ કરી ઈલેક્શન કરવાની જગ્યા એ સિલેકશન કરી ને આખી ચૂંટણી પ્રક્રિયા કાગળ પર પૂર્ણ કરી દેવાતા વિવાદ થવા પામ્યું છે જોકે આ વિવાદ બાદ શુ ચૂંટણી માટે અધિકારી ઓ કાયદા નો ઉપયોગ કરશે કે કેમ તે જોવાનું રહ્યું.

### એસોસીએશન ઓફ...
**અનુસંધાન 3 નુ ચાલુ..**

વર્તમાનમાં જી.એસ.ટી. લાગુ થતા ભારતભરના અખબારો ભારે ચિંતીત છે. આ માટે અમારું સંગઠન લડત આપી રહ્યું છે અને સૂચના- પ્રસારણ મંત્રી સ્મૃતિ ઈરાનીને પત્ર લખ્યો છે. જીએસટી લાગુ થવાથી ખાસ કરીને લઘુ અને મધ્યમ કક્ષાના અખબારોને ભારે નુકસાન પહોંચ્યું છે. સ્થાનિકમાં વિજ્ઞાપન દાતાઓ જે જાહેરાત આપતાં હતાં તે હવે આપવાનું બંધ કર્યું છે. તેઓ નાના વેપારીઓ અને ઉદ્યોગ કરનાર હોઈ જીએસટી ના હોવાથી વાર-તહેવાર જે જાહેરાત આપતા હતાં તે સદંતર બંધ કરી છે. લઘુ અને મધ્યમ કક્ષાના અખબારોની પરિસ્થિતિ કષ્ટદાયક બની છે. તા. ૪/૭/૨૦૧૭ ના રોજ મૈસુરી ખાતે મળેલ નેશનલ કાઉન્સીલમાં પણ માંગ કરવામાં આવી હતી કે, લઘુ અને મધ્યમ કક્ષાના અખબારો ઉપર લગાવવામાં આવેલ જી.એસ.ટી. દૂર કરવામાં આવે. આઝાદ ભારતના ઈતિહાસમાં પ્રિન્ટ મિડીયા ઉપર પ્રથમવાર ટેક્ષનું શસ્ત્રો ઉગામવામાં આવ્યું છે.

પ્રારંભમાં આવેલ અતિથિઓનું માળા- શાલ- મોમેન્ટો દ્વારા સન્માન કરવામાં આવ્યું. આવકાર પ્રવચન મયુર બોરીચાએ કર્યું હતું. આભારવિધિ સંગઠન મંત્રી કલ્પેશ ઓઝાએ કરી હતી. આ પ્રસંગે રાષ્ટ્રીય મંત્રી અજીત માત્રે (મહારાષ્ટ્ર), સંગઠન મંત્રી લોગસિંગ ટોરન, ઓરિસ્સા રાજ્યના પ્રમુખ રબીરથ તેમજ દેશભરના રાજ્યોના પ્રમુખો, નેશનલ કાઉન્સીલના મેમ્બર્સ ઉપસ્થિત રહ્યા હતા. ગુજરાતની મહેમાન ગતિની ભરપેટ પ્રશંસા કરીને તા. ૧૫/૯/૨૦૧૭ ના રોજ વતન પરત ફર્યા હતા.

નેશનલ કાઉન્સીલને સફળ બનાવવા માટે સંગઠન મંત્રી કલ્પેશ ઓઝા, સંગઠન મંત્રીઃ અમરતભાઈ પટેલ, નવગુજરાત સમયના બનાસકાંઠા બ્યુરો ચીફ પંકજભાઈ સોનેજી, ખજાનચી રાજુભાઈ ધનરાજાણી, કચ્છના રામભાઈ ઠક્કર, રાજેશભાઈ સોની, પ્રમુખઃ પાટણ જિલ્લો, દર્શનભાઈ ઠક્કર (કચ્છ જિલ્લો) વી ટીવીના વડોદરાના બ્યુરો ચીફ માનુભાઈ ચાવડા, રઘુવંશી લોહાણા સમાજના પ્રમુખ મગનભાઈ રૂપાવેલ, સરકીટ હાઉસ વડોદરાના મેનેજર જાડેજા વગેરેનું માલા- શાલ- મોમેન્ટો આપીને સન્માન કરવામાં આવ્યું હતું.

### કોંગ્રેસ દ્વારા...
**અનુસંધાન 3 નુ ચાલુ..**

આ યુવકોને નોકરી અંગેની બાહધરી અપાઈ હતી. આ પ્રસંગે ધારાસભ્ય ગોવાભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે ભાજપ સરકારે યુવાઓને માત્ર છેતરવાનું કામ કર્યું છે. તેઓ નોકરી કે રોજગારી આપી શક્યા નથી અને ઉચ્ચ શિક્ષણ મેળવેલ લોકોને પણ ફિક્સ પગાર અને રોજિંદા મજૂર જેવી સામાન્ય દરની નોકરી કરવી પડે છે ત્યારે કોંગ્રેસ યુવકોને સન્માનજનક પરિસ્થિતિમાં મુકશે.

### ભાભરના...
**પાના નં.૮ ચાલુ**

મનોજ જયરામભાઈ પટેલ (રહે.કુવાળા) ઝડપાઈ ગયા હતા. જ્યારે રમેશ શંકરભાઈ ઠાકોર (રહે.કુવાળા), મેવા કાળાજી ઠાકોર(રહે.કુવાળા), નશાજી કરમસીજી ઠાકોર(રહે.મીઠા) અને ભરત બાબુભાઈ ઠાકોર(રહે.કુવાળા) પોલીસને જોઈ ભાગી છુટ્યા હતા. ભાભર પોલીસે સ્થળ ઉપરથી ૩ બાઈક(કિ.રૂા.૯૦,૦૦૦) તથા મોબાઈલ નંગ ૨(કિં.રૂા.૨૦૦૦) તથા રોકડ રૂા.૧૨, ૩૨૦ મળી કુલ રૂા.૧,૦૪,૩૨૦ નો મુદ્દામાલ કબ્જે લઈ તમામ સામે જુગાર ધારા હેઠળ ગુનો ભાભર પોલીસ મથકે નોંધાયો છે. કુવાળા ગામમાંથી જુગારીયા ઝડપાતા જુગારીયાઓમાં ફફડાટ ફેલાયો છે.

### થરાદની ખોડા ...
**પાના નં.૮ ચાલુ**

કુલ મુદ્દામાલ કિ.રૂ.૪૪,૧૭, ૮૦૦/- ની સાથે ગાડીના ચાલક સત્યવાન જનકરામ લુહાલ રહે.કુઠ્ઠી તા.હાંસી જિ.હિસ્સાર (હરીયાણા) તથા ક્લીનર દીપુ માણેકચંદ રાણા રહે.સચ તા.પાનગી જિ.ચંબા હીમાચલપ્રદેશ વાળાઓ પકડાઇ ગયેલ હોય જે બન્ને વિરુધ્ધ માં ગુનો નોધી કાયદેશર ની કાર્યવાહી હાથ ધરેલ છે.

### કાંકરેજ ...
**પાના નં.૮ ચાલુ**

સરપંચ, ડે.સરપંચ, સહિત સૌ કોઈએ જણાવ્યું હતુ કે, નિતિ-નિયમ પ્રમાણે સોમવારે ગૌચરના દબાણો દુર કરવાના જ હતા તે ગઈકાલે કાંકરેજ ટીડીઓ અંબાલાલ પટેલ, સર્કલ ઓફીસર-થરા બાબુભાઈ જોષી, વિસ્તરણ અધિકારી કનુભાઈ પટેલ, સર્કલ ઈન્સ(ટીડીઓ કચેરી) હસમુખભાઈ રાજગોર, તલાટી સુમરાભાઈ અને મનીષાબેન તથા માંડલા ગામના સરપંચ, ડે.સરપંચ, પોલીસ કાફલા સાથે ત્રણ ટ્રેક્ટર, એક જેસીબી થી ગૌચર પર થયેલા ૯ હેક્ટરના દબાણોને દુર કર્યા હતા. વહીવટ સ્ટાફ સાથે પોલીસ કર્મચારીઓએ સતત કામગીરીમાં રહ્યા હતા. વિવાદાસ્પદ માંડલા ગામના ગૌચરના દબાણો દુર થતાં ગ્રામજનો અને વહીવટીતંત્રએ હાશકારો અનુભવ્યો હતો. દબાણ શાંતિપૂર્ણ વાતાવરણમાં દુર થતાં લોકો કહેતા હતા કે હવે આવું દબાણ ફરીથી ન થાય તે માટે કંઈક દિર્ઘકાલીન આયોજન કરવું જોઈએ.કાંકરેજ તાલુકામાં ગૌચર, ખરાબા, તળાવ વિસ્તારના દબાણો કોઈ વિવાદ સર્જે તે પહેલા ગ્રામજનો વહીવટતંત્રની પડખે રહી દુર કરવાં જોઈએ તેવો સુર પણ જોવા મળતો હતો

### બનાસકાંઠા જિલ્લા ...
**પાના નં.૮ ચાલુ**

તર્કવિતર્ક વહેતા થયા છે. સી.સી.ટી.વી. કેમેરામાં રેર્કોડિંગ જ થતું ન હોય ત્યારે તેની અનિવાર્યતા સામે કે પછી ગેરરીતિઓ રોકવા સામેની તેની ઉપયોગીતાને લઈને અનેક શંકા-કુશંકાઓ થઈ રહી છે. ત્યારે જિલ્લા વિકાસ અધિકારી પારદર્શી વહીવટના નામે લગાવાયેલા સી.સી. ટી.વી. કેમેરા સામે તપાસ કરી યોગ્ય પગલાં ભરે તેવી માંગ ઉઠી છે.

### દીઓદર પંથકના ...
**પાના નં.૮ ચાલુ**

હેઠળ આ સાત ગામોના રહીશોએ આજે સામૂહિક રીતે દિયોદરની નાયબ કલેક્ટર કચેરીમાં જઈ આ રોડને પહોળો કરવાની પાંચ વર્ષથી રઝળતી દરખાસ્ત મંજુર કરવાની માંગણી સાથે દિયોદરના નાયબ કલેક્ટરને આવેદન પત્ર આપ્યું હતું.

આ મામલે દશ દિવસમાં કોઈ હકારાત્મક કાર્યવાહી ના થાય તો આગામી બીજી ઓક્ટોમ્બર ગાંધી જયંતિના દિવસથી દિયોદરની એસ.ડી. એમ.કચેરીમાં આમરણાંત ઉપવાસ આંદોલન છેડી ધોળા દિવસે દેશી ઢોલના તાલે વિકાસના ગરબા કરવા અને જરૂર પડ્યે વિધાનસભાની ચુંટણીનો બહિષ્કાર કરવાની ચીમકી પણ સાત ગામોના અરજદારોએ ઉચ્ચારી છે ત્યારે આ સાત ગામોનું આંદોલન આગામી દિવસોમાં ગરમાવો સર્જે તેવી શક્યતાઓને નકારી શકાતી નથી.ત્યારે રાજ્ય સરકાર પણ હકારાત્મક અભિગમ અપનાવી આ ન્યાયી માંગણીનો ઉકેલ લાવે તે ઈચ્છનીય છે.

# સ્થાનિક બજાર ભાવ

| | | | |
|---|---|---|---|
| **ચોકસી બજાર**(કીલોના) | દુન તીબાર ૫ કી.૮૨૦૦ | ચણાદાળ ૪૪૪ ૭૮૦૦ | સાંગલી ૧૦ કે. ૪૩૦૦ |
| **ચાંદી ચોરસા ૪૦૭૦૦-૪૧૦૦૦** | દુન તીબાર ૧ કી.૮૨૦૦ | મગદાળ સમરદીપ ૭૨૦૦ | **ખોળ બજાર** |
| રૂપુ કાચું ૪૦૭૦૦-૪૧૦૦૦ | નર્મદા મગ પોલીસ | મગમોગર રીયલ ૮૦૦૦ | દાણ ૭૦ કી.ગ્રા. ૬૫૦ |
| સોનુ તોલો ૩૦૨૦૦-૩૦૫૦૦ | ૫૮૦૦ | અડદદાળ અક્ષર ૮૩૦૦૦ | મોરબી ખોળ ૯૫૦-૧૦૦૦ |
| **તેલ બજાર** | મગદાળ નર્મદા સુપર ૫૮૦૦ | મગ ૫૭૦૦ | જીરાળુ ૧૭૪૦ |
| **રાધે પામોલીન ૮૯૦-૯૬૦** | નર્મદા મગ મોગર ૬૦૦૦ | અંગુર તુવેરદાળ ૬૦૦૦ | ચૂની કોરમુ ૭૦ કિ.ગ્રા. ૯૨૦-૧૫૪૦ |
| પામોલીન ૮૮૫-૯૭૦ | મગમોગરનર્મદાપ્રીમી ૬૧૦૦ | અંગુરતુવેરદાળઆયાતી ૬૪૦૦ | મકાઈ ૩૫ કી.ગ્રા. ૫૩૦ |
| સોયા રીફાઈન ૧૨૬૦ | નર્મદા અડદદાળ ૬૯૦૦ | ગાય છાપ તુવેરદાળ ૬૦૦૦ | જવ ભરડો ૩૫ કી.ગ્રા.૫૭૦ |
| રાયડાતેલ ૧૫કી.૧૧૧૦-૧૨૭૦ | દુન દેહરાદુન દુબાર જુના ૭૦૦૦ | કિસાન તુવેરદાળ ૬૨૦૦ | **પરચુરણ** |
| સીંગતેલ૧૫ કી. ૧૪૦૦ | દુન દહેરાદૂન મીની દુબારજુના ૫૦૦૦ | પરખ ગોલ્ડ પ્રીમીયમ ૬૦૦૦ | સોજી ૮૬૦ |
| સીંગતેલ ૧૫ લી.૧૨૯૦ | દુન દહેરાદૂન સુ.મો.જુના ૪૫૦૦ | પરખ સ્પેશીયલ ૫૨૦૦ | મેંદો ૮૬૦ |
| સીગતેલ ૫ લી. ૪૪૦ | દુન દહેરાદૂન મી.મો.જુના ૩૮૦૦ | લાલપરી તીબાર જુના ૪૨૦૦ | શ્રીફળ એમ. ૮૮૦ |
| તિરૂપતી કપા. ૧૨૧૦ | દુન કણકી જુની ૩૦૦૦ | લાલપરી દુબાર જુના ૩૮૦૦ | નિરમા સાબુ ૫૨૫ |
| ૫ લીટર ૪૦૦ | ઈન્ડિયા ગેટ મીની જુના ૪૫૦૦ | લાલપરી સ્પેશી.નવા ૪૪૦૦ | મેદી ૬૦-૧૦૦ |
| વનસ્પતિ ઘી ૧૦૦૦-૧૧૦૦ | ઈન્ડિયા ગેટ મોગરો ૪૪૦૦ | લાલપરી દુબાર નવા ૩૯૦૦ | અજમો ૧૫૦-૨૪૦ |
| કોપરેલ ૧૫ કિલો ૨૨૦૦-૨૬૦૦ | ઈન્ડિયા ગેટ કણકી ૨૮૦૦ | રોયલ ટેસ્ટ બાસમતી ૪૦૦૦ | સાકરીયા ૪૫૦૦ |
| ૫ કે. કોપરેલ૮૬૦ | ઈન્ડિયા ગેટ ગોલ્ડન સેલા ૬૮૦૦ | લાલમંદિર બાસમતી ૩૬૦૦ | ખાંડ બુરૂ ૪૨૦૦ |
| પલી. અંકુર સીંગતેલ ૪૪૦ | હાથી ૮૧૭ આખા નવા ૭૭૦૦ | **ખાંડ બજાર** | કોકમ ફુલ ૧૮૦ |
| **૧૫ લીટર સનફલાય ૧૧૮૦** | હાથી૮૧૭ નવા દુબાર પાંણાં | (બોરીના ભાવ) | એલચી ૧૧૦૦-૧૪૦૦ |
| ટાયગર રાયડા તેલ ૧૫ કી. ૧૨૨૦ | ૫૮૦૦ | **ખાંડ એસ. ૩૮૫૦-૪૦૨૦** | મોરૈયો ૬૫-૯૪ |
| ૫ લી. ૩૭૦ | તુવરદાળ કૃષ્ણા ૭૦૦૦ | **ખાંડ એમ. ૪૦૦૦** | તલ ૯૦-૧૦૦ |
| ૨ લી. ૧૫૭ | તુવરદાળ રેંટીયો કિ.૫ ૯૦૦૦ | ખાંડએલ. ૪૦૫૦-૪૦૦૦ | ખસ-ખસ ૩૫૦-૫૮૦ |
| **ચોખા-દાળ બજાર** | તુવરદાળ ખીડીયાર ૬૧૦૦ | **ચા-બજાર** | સીંગદાણા ૬૫-૮૦ |
| (૧૦૦ કીલોના ભાવ) | દાવત સીલેક્ટનવા ૮૮૦૦ | સુરજ છાપ ચા ૩૦૦ | **શાકભાજી(૨૦ કિલોના ભાવ)** |
| ગેટવે પ્રીમીયમ ૬૫૦૦ | દાવત સુપર જુના ૧૧૦૦૦ | હરણ છાપ ચા ૨૨૦ | દુધી ૩૦૦-૪૦૦ |
| ગેટ વ. રોયલ ૫૫૦૦ | દાવત દીલખુશ નવા ૭૫૦૦ | **આખા મરચાં-હળદર** | સુકી ડુંગળી ૩૦૦-૪૦૦ |
| ગેટવે રેગ્યુલર૫૦૦૦ | દાવત દીલખુશ જુના ૬૫૦૦ | હળદર આખી રાજાપુરી ૭૦-૧૨૦ | લસણ ૭૦૦-૮૦૦ |
| ગેટવે રીઝાના૪૫૦૦ | દાવત દુબાર જુના ૭૦૦૦ | હળદર આખી રાજાપુરી | ધાણા ૧૦૦૦-૧૨૦૦ |
| ગેટવે એવરેડી૪૦૦૦ | દાવત રોઝાના જુના ૫૫૦૦ | ગઠ્ઠા ૧૦૦-૧૪૦ | મરચાં ૪૦૦-૫૦૦ |
| ગેટવે ડેઈલી ૩૫૦૦ | દાવત ૭૦ જુના ૪૩૦૦ | હળદર આખી સેલમ ૯૦ | લીંબુ ૪૦૦-૫૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૨૫ કી.૧૪૦૦૦ | દાવત ૬૦ મીની જુના ૩૫૦૦ | હળદર તળેલી સાંગલી ૮૦ | અડવી પત્તા ૩૦૦-૪૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૧૦ કી.૧૪૨૦૦ | લાલ કીલ્લો મેજીસ્ટીક ૯૦૦૦ | મરચા વન્ડર હાટ ૨૦૫૦ | આદુ ૭૦૦-૮૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૫ કી.૧૪૨૦૦ | લાલ કીલ્લો પ્રીમીયમ ૮૦૦૦ | મરચા વન્ડર મીડીયમ ૧૭૦૦ | રીંગણ ૬૦૦-૭૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૧ કી.૧૪૪૦૦ | લાલ કીલ્લો તીબાર ૭૦૦૦ | મરચા તેજા ૧૮૦૦ | ટામેટા ૩૦૦-૩૪૦ |
| ઈ.ગેટ સુપર ૨૫+૫ કી.૧૧૨૦૦ | લાલ કિલ્લો દુબાર ૫૫૦૦ | મરચું ગંતુર મીડીયમ ૧૯૦૦-૨૦૦૦ | ભીંડા ૩૦૦ |
| ઈ.ગેટ સુપર ૧૦ કી.૧૧૨૦૦ | લાલ કિલ્લો મોગરો ૪૫૦૦ | મરચા ટોમેટો ૨૨૦૦ | કોબી ૩૪૦-૪૨૦ |
| ઈ.ગેટ સુપર ૫ કી.૧૧૬૦૦ | હેરીટેઝ એક્ષએક્ષએલ ૮૫૦૦ | મરચા ટોમેટો મીડીયમ ૧૯૦૦ | વટાણા ૯૦૦-૧૧૦૦ |
| ઈ.ગેટ સુપર ૧ કી.૧૦૭૦૦ | હેરીટેજ તીબાર ૭૨૦૦ | કાશ્મીરી ૯૦ | ટીંડસા ૬૦૦-૭૦૦ |
| ઈ.ગેટતીબાર ૨૫ કી.૮૦૦૦ | હેરીટેજ દુબાર ૫૫૦૦ | કાશ્મીરી મમરી ૯૦ | ગવાર ૬૦૦-૭૦૦ |
| ઈ.ગેટ તી બાર ૧૦ કી.૮૧૦૦ | હેરીટેજ મીની દુબા ૪૫૦૦ | સુપર પટની ૧૦૫ | બાદશાહ બટાકા ૧૪૦-૨૦૦ |
| ઈ.ગેટતીબાર ૫ કી.૮૫૦૦ | કાયનાત પી ૮૫૦૦ | સુપર રજવાડી ૧૯૦ | સાંગા બટાકા ૧૨૦-૧૪૦ |
| ઈ.ગેટતીબાર ૧ કી.૮૫૦૦ | કાયનાત સુપર ૮૦૦૦ | મરચા ડેકીકટ ૧૨૫ | ચોળી ૭૦૦-૮૦૦ |
| ઈ.ગેટ દુબાર ૨૫ કી.૭૫૦૦ | કાયનાત ૬૮૦૦ | મરચાં ૫૮૦૦ | તુરીયા ૩૦૦-૫૦૦ |
| ઈ.ગેટ દુબાર ૧૦ કી.૮૦૦૦ | રાજા બાસમતી ૪૦૦૦ | **ગોળ બજાર** | |
| ઈ.ગેટ દુબાર ૫ કી.૮૦૦૦ | કુરૂક્ષેત્ર ૫૮૦૦ | વડેચા ગોલ્ડ ૧૦ કે ૪૪૦૦ | |
| ઈ.ગેટ દુબાર ૧ કી.૮૦૦૦ | એપ્પલ પ્રીમીય ૪૮૦૦ | વડેચા રજી ૧૦ કે. ૪૬૦૦ | |
| દુન પ્રીમીયમ ૯૦૦૦ | ઓરેન્જ ૬૦૦૦ | વડેચા ૫ કી. ૪૮૦૦ | |
| દુન તીબાર ૨૫ કી.૭૭૦૦ | દાવત અપ્સરા ૫૦૦૦ | વડેચા ૧ કી. ૫૦૦૦ | |
| દુન તીબાર ૧૦ કી.૭૨૦૦ | જીરાસર ચંદન ૩૮૦૦ | વડેચા ૨૫૦ ગ્રામ ૫૦૦૦ | |

## વડગામમાં યુવા રોજગાર કાર્યક્રમ યોજાયો


પુષ્કર ગોસ્વામી

તા.પ્રતિ. વડગામ તાલુકા મથક વડગામની આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ પાલનપુર હાઈવે રોડ પાસે ગઈકાલ સોમવારે ધારાસભ્ય મણિભાઈ વાઘેલાની અધ્યક્ષતામાં 'યુવા રોજગાર અભિયાન' કાર્યક્રમ યોજાયો હતો. જેમાં તા.પં.પ્રમુખ માનસંગભાઈ ઉપલાણા, તા.કોંગ્રેસ પ્રમુખ યાસીનખાન ખોખર, તા.પ. ઉપપ્રમુખ બળદેવજી ઠાકોર દ્વારા બેરોજગાર યુવાનોની ફોર્મ ભરી નોંધણી કરવામાં આવી હતી. આ પ્રસંગે શેરપુરા(સે.)પૂર્વ સરપંચ રફીખાન પઠાણ, મનુભાઈ રાઠોડ, ડેલિગેટ ડી.એમ.પટેલ, યોગેશભાઈ ચૌધરી વગેરે અગ્રણીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા. કાર્યક્રમનું સફળ સંચાલન તા.કોં.પ્રમુખ યાસીનખાન કે.ખોખર(ચાંગા) એ કર્યું હતું.

## સાયન્સ કોમર્સ કોલેજ પાલનપુરમાં મિનાક્ષી લલિત સાયન્સ એવોર્ડ ૨૦૧૭ યોજાઈ

પાલનપુર બનાસકાંઠા ડિસ્ટ્રીક્ટ કેળવણી મંડળ પાલનપુર સંચાલિત આર.આર.મહેતા કોલેજ ઓફ સાયન્સ અને સી.એલ. પરીખ કોલેજ ઓફ કોમર્સ ખાતે ગુજરાત સાયન્સ અકાદમી પ્રેરિત મિનાક્ષી લલિત સાયન્સ એવોર્ડ ટેસ્ટ-૨૦૧૭ નું આયોજન ૧૭ સપ્ટે.૨૦૧૭ ના રોજ કરવામાં આવ્યું હતું. સાયન્સ(વિજ્ઞાન) વિષય પ્રત્યે વિદ્યાર્થીઓની અભિરૂચિ કેળવાય તેવા ઉમદા આશયથી ગુજરાત સાયન્સ અકાદમી દ્વારા દર વર્ષે આ પરીક્ષાનું આયોજન કરવામાં આવે છે. જેમાં ચાલુ વર્ષે સાયન્સ-કોમર્સ કોલેજ-પાલનપુરના કુલ ૨૨ વિદ્યાર્થી- વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. આ પ્રતિસ્પર્ધીઓમાંથી પ્રથમ ત્રણ ક્રમાંક મેળવનાર વિદ્યાર્થીઓને યુનિ.કક્ષાએ ભાગ લેવાની તક પ્રાપ્ત થશે. જેમાંથી સફળ થનાર વિદ્યાર્થીને રાજ્ય કક્ષાએ એવોર્ડ તેમજ રોકડ ઈનામ આપવામાં આવનાર છે. આ સમગ્ર પરીક્ષાનું સંચાલન કોલેજ પ્રિ.ડૉ.વાય. બી.ડબગરના માર્ગદર્શન હેઠળ ડૉ.કે.સી. પટેલ તેમજ દિપક ચંદાની દ્વારા કરવામાં આવેલ હતું.

## અખરોટના સેવનથી વજન વધવાની માન્યતા ભૂલ ભરેલી

અખરોટ ખાવાનું પસંદ કરતા લોકોને હંમેશા એવો ડર હોય છે કે, આ અખરોટથી કેલેરીમાં વધારો થશે. જેથી તેમનું વજન વધી જશે. જોકે, તાજેતરમાં થયેલા એક સંશોધનમાં સામે આવ્યુ છે કે, અખરોટમાં જેટલી કેલેરી દર્શાવવામાં આવે છે તેના કરતા ૨૧ ટકા ઓછી કેલેરી હોય છે.

પ્રતિષ્ઠિત જનરલ ઓફ ન્યુટ્રિશનમાં પ્રકાશિત એક સંશોધનમાં જણાવાયુ છે કે, અમેરિકાના કૃષિ વિભાગે અખરોટમાં જેટલી કેલેરીની વાત કરી છે તેના કરતા ૨૧ ટકા ઓછી કેલેરી અખરોટમાં હોય છે. આ સંશોધન ડેવીડ બેયરની આગેવાનીમાં થયુ હતું. જેમાં જાણવા મળ્યુ છે કે, એક અખરોટમાં ૨૮.૩૫ ગ્રામ એટલે કે ૧૪૬ કેલેરી હોય છે. જે અખરોટમાં દર્શાવવામાં આવેલી ૧૮૫ કેલેરી કરતા ૩૯ જેટલી ઓછી છે. આ સંશોધનમાં અખરોટમાં રહેલ કેલેરીને માપવા માટે એટ વોટર નામની પદ્ધતિનો ઉપયોગ કરાયો હતો. આ પદ્ધતિ જે તે પદાર્થમાંથી મળતી પાચન ઊર્જા અને શરીરમાં રહેલ ઊર્જાની ગણતરી કરવાનુ કામ કરે છે. પોતાના સંશોધન અંગે બેયરે જણાવ્યુ હતું કે, આ પરિણામો એટલા માટે મહત્વના છે કે પ્રથમ વખત વૈજ્ઞાનિક પદ્ધતિથી અખરોટમાં રહેલ કેલેરીને માપવામાં આવી છે. આ પદ્ધતિની શોધ આજથી ૧૦૦ વર્ષ પહેલા થઈ હતી. જોકે આજના સમયમાં પણ તે પદ્ધતિ એટલી જ અસરકારક છે. અખરોટનું સેવન કરતા લોકોનુ સરેરાશ વજનવધતુ નથી. તેમજ અખરોટના કારણે અનેક પ્રકારના અન્ય ફાયદાઓ થાય છે. જેથી વ્યક્તિને કેંસર, હૃદય રોગ જેવી મહત્વપૂર્ણ બિમારીઓ સામે લડવામાં મદદ મળે છે. તેમણે જણાવ્યુ હતું કે, અમારા સંશોધનથી લોકોને અખરોટથી વજન વધવાની સમસ્યાની ચિંતામાંથી મુક્તિ મળશે અને લોકો પોતાના દૈનિક ખોરાકમાં કોઈપણ પ્રકારની ચિંતા વિના અખરોટનો સમાવેશ કરી શકશે.

## જૂની થી જૂની પાઈલ્સની સારવાર માત્ર એ ઉપાય થી...

પાઈલ્સ એટલે કે બવાસીર, ખૂબ આપનાર આ રોગ છે. લોકો હમેશા શર્મના કારણે આ રોગને બીજાને જણાવવાથી હિચકિચાવે છે. જો આ રોગને અનજુઓ કરાય તો આ સંક્રમણ વધવા લાગે છે. જે કોઈ ગંભીર પરેશાનીનો કારણ બને છે. પાઈલ્સની સમસ્યા વધારે પણું ૫૦ વર્ષની ઉમ્રથી વધારે લોકોને હોય છે. પાઈલ્સ થતા પહેલા દુખાવો અને બળતરા રહે છે પણ જો સમસ્યા વધારે ગંભીર થઈ જાય તો બ્લીડિંગ થવા લાગે છે.

પાઈલ્સમાં દુખાવોના કારણ એનલ કે રેક્ટલ એરોયાની બ્લ્ડ વેસલસ મોટી થાય છે. જો તમે આ સમસ્યાથી ગસ્ત છો તો ડાકટરને જણાવો અને સલાહ લો. અને ઘરે તેનું નાનું-મોટું સારવાર કરવાની કોશિશ કરો.

નારિયેળ : નારિયેળના છૂના સળગાવી તેની રાખને એક બૉટલમાં ભરી લો. આ રાખને દૂધ કે પાણી સાથે લો. ધ્યાન રાખો કે ત્રણ ગ્રામ રાખને ખાલી પેટ દિવસમાં ૩ વાર ઉપયોગ કરો. કેટલી પણ જોની પાઈલ્સ હોય તેનાથી અસર થશે.

**રખેવાળ** ના માધ્યમથી તમારા લાડલાને અથવા સ્નેહીને જન્મદિન શુભેચ્છાઓ.....

**'જન્મદિન મુબારક' માં ભાગ લેવા આટલું કરો**

★ તમારા સ્નેહીને વિનામુલ્યે જન્મદિન-મુબારક પાઠવવાનો નીચેની કુપનમાં જણાવેલ વિગત જન્મદિવસ તારીખ અગાઉ એક સપ્તાહ પહેલાં મળી જાય તે રીતે મોકલી આપવું.

★'રખેવાળ' માં પ્રસિદ્ધ થયેલ કૂપન સિવાય અન્ય કાગળોમાં મોકલેલ વિગતો ધ્યાને લેવાશે નહીં.

કૂપન સાથે જન્મ તારીખના દાખલાની ઝેરોક્ષ અવશ્ય મોકલવી.

★ જન્મદિન મુબારકમાં જો આપ ફોટો છપાવવા ઈચ્છતા હોવ તો તે માટે ટીકીટ સાઈઝ ફોટા માટે રૂા. ૧૦૦/- તથા ૪ સે.મી. સાઈઝ ફોટો માટે રૂા. ૨૫૦/- ચાર્જ એડવાન્સ મોકલી આપવાના રહેશે.

**જન્મદિન મુબારક**

નામ :......................... પતિ/પિતા :.........................

માતા : ........................જ.તા. ................ઉ.વ.

પરિચયઃ ..................................................

સરનામુ : ..................................................

મોકલનારની સહી : ..........................................

### શ્રધા અને સંસ્કાર...
**અનુસંધાન ૫ નું ચાલુ**

'એવું પણ તેણે કહ્યું હતું, નદીમાં સોનૈયા નાખવાની એટલે એ સોનૈયાનો કંઈ ઉપયોગ ન કરવો. માતાનો આશય એવો નથી કે તે નદીમાં ફેંકી દેવાની..આમ કહી કુશલે ખિસ્સામાંથી એક સોનૈયા કાઢીને પાછી માતાને આપી અને આનંદથી નાચતો કુદતો પાછો તે મિત્રો સાથે રમવા બહાર જતો રહ્યો.

અચલ શ્રેષ્ઠીએ શેઠાણીને કહ્યું, ભાગીરથી બહુ હોંશિયાર લાગે છે અને એ મારા મિત્રની પુત્રી છે. સારા કુળની પણ છે. જો કુશલના લગ્ન તેની સાથે થઈ જાય તો ભવિષ્યમાં આપણને બહુ વાંધો નહીં આવે.

એટલે શું તમારી ઈચ્છા એવી છે કે ભાગીરથી આપણા ઘરની વહુ થાય ?

હા ! તે સજ્જન અને ચાલાક પણ છે. તે કુશલનું પણ એકદમ સારૂં ધ્યાન રાખી શકશે. પછી આપણે તેની બહુ ચિંતા નહીં કરવી પડે.

થોડાદિવસો સુધી વિચાર કરીને એક દિવસ અચલ શ્રેષ્ઠી અને શેઠાણી ભાગીરથીના ઘેર ગયા. જીવદાસ શ્રેષ્ઠીની સાથે તેમણે કુશલના ભાગીરથી સાથે લગ્ન કરવાનો પ્રસ્તાવ મુકયો. ભાગીરથીના પીતા જીવદાસ શ્રેષ્ઠી હમણાં પાપોદય હોવાથી નુકશાનમાં હતા. વ્યાપારમાં તેમને ઘણું ખરૂં નુકશાન થઈ ગયું હતું. વ્યાપારમાં નુકશાન થયા પહેલાં જીવદાસ શ્રેષ્ઠીની નગરમાં કોટયાધિપતિનીહરોળમાં ગણતરી થતી. જ્યારે અચલ શ્રેષ્ઠી તો કોટયાધિપતિઓથી પણ ઉપરની હરોળમાં આવતા. સામેથી લક્ષ્મી ચાંલ્લો કરવા આવે તો કોણ સ્નાન કરવા જાય ? આટલું સારૂં અને ધનવાન ઘર ! એટલે આનાકાની કર્યા વિના તરત જ તેઓએ લગ્નના પ્રસ્તાવનો સ્વીકાર કર્યો અને થોડા દિવસો પછી શુભ મુહુર્તે કુશલ અને ભાગીરથીના લગ્ન પણ થઈ ગયા.

લગ્ન પછી કુશલ દુકાને વ્યાપાર કરવા જવાની ના કહેતો તો ભાગીરથી આગ્રહ સાથે પરાણે તેને દુકાને મોકલતી. શરમાઈને પણ કુશલને દુકાને જવું પડતું અને રોજ ભાગીરથીના કહેવાથી ધીરે ધીરે કુશલને વ્યાપાર કરવામાં રસ પણ જાગ્યો. **(ક્રમશઃ) મુનિ રાજસુંદર વિજય**

### સૌરભ...
**અનુસંધાન ૫ નું ચાલું**

વેર વિખેર કરીને ચુર ચુર કરી દીધા.રાજાના અંતર મનમાં એક ચેતના જગાવી અને રાજા ફરીથી હિંમત કરી રાજા સાથે લડાઈ કરીને પોતાનું હારેલું રાજ્ય પાછું મેળવે છે.

એક સકારાત્મક વિચાર એક જાદુઈ વાક્ય કેટલી કમાલ કરી શકે છે.આપણે પણ જીવનમાં આવતા હતાશા, નિરાશાના સમયે સદા યાદ રાખીએ કે બધા જ દિવસો એક સરખા હોતા નથી, આ દિવસો પણ બદલાઈ જશે.સુખ ના દિવસો ફરીથી મહેંકી ઉઠશે.આપણી આશા ના સંચારની દોરીથી ફરીથી ગમે તેવી કપરી મંઝીલ પણ પ્રાપ્ત કરી શકાય છે.જીવનમાં ક્યારેય હતાશ ન થાઓ.હિંમત ન હારો "ઝુંડાની છેલ્લી ચાવી પણ તાળું ખોલી શકે છે." પ્રયત્ન ન છોડો.આપણે જ્યાં સુધી મનથી હારીશું નહી ત્યાં સુધી બાજી જીતી શકાશે.દુનિયાની કોઈપણ તાકત આપણને હરાવી નહી શકે જ્યાં સુધી આપણે હારીશું નહી.માટે ગમે તેવી કપરી પરિસ્થિતિમાં પણ હિંમત ન હારો.સુખના દિવસોની સોનેરી સવાર એક કદમની દુરી પર જ છે.આપણે થાકી ન જઈએ.જીંદગી ભલે ગમે તેટલા થકવવાના પ્રયત્નો કરે પરંતુ આપણે અથક બનીને સાહસથી લડતા રહીએ.સફળતા આપણા જ કદમો ચુમતી આવશે.સફળતાનો હાર કાયર બુઝદીલ ને નથી મળતો પરંતું હિમ્મતવાન જ આ હાર ના દાવાદાર છે.

**બી.કે. નીતાબેન**

### આરાધના
**અનુસંધાન ૫ નું ચાલુ**

મારે ધાર્મિક જીવન વ્યવહાર કરીને લોકોને પ્રેમ આપવો છે.. કરૂણા વરસાવવી છે એકબીજાના સુખ દુઃખમાં ભાગીદાર થવું છે, અતિ સંવેદનશીલ વ્યક્તિત્વનો વિકાસ કરવો છે.

મારી જવાબદારી મારે નિષ્ઠાપુર્વક નિભાવવી છે.

મંદિર તો ઘરથી દુર છે, જવાય કે ન જવાય પરંતુ રસ્તામાં કોઈ બાળક રડતું હોય તો તેને હસાવવાનો પ્રયત્ન કરવો એ જ ભગવાનની સાચી બંદગી છે..

કોઈ મુરઝાયેલા વ્યક્તિની પીડા ઓછી ન કરી શકીએ પરંતુ તેને આશ્વાસનના બે મીઠા શબ્દો કહીને તેના દુઃખને, દર્દને હળવું કરવાનો પ્રયત્ન કરીએ.

પોતે સદાય હસતા રહીએ અને અન્યના ચહેરા ઉપર હાસ્ય લાવવા પ્રયત્ન કરીએ.. એ જ ઈશ્વરની સર્વોપરી ભક્તિ છે..

**નાથાલાલ બ્રહ્મક્ષત્રિય**

### ચિંતન...
**અનુસંધાન ૫ નું ચાલું**

જોઈએ છીએ છતાં સ્મશાનીયા વૈરાગ જેવું જ બને છે. મારૂં મારૂં ને મરૂં બસ આ ત્રણ શબ્દ માનવ જીવ અને અન્ય જીવો માટે ઘાતક બને છે. સર્વ પીતૃ અમાસ સાથે મૃતાત્માઓને અર્પણ-તર્પણની વિધિ વિધાન કરાવતું શ્રાદ્ધ પક્ષ પુર્ણ થશે. નવલા નોરતાની રમઝટમાં આપણે ફરીથી મળીશું. બનાસકાંઠા જિલ્લામાં પૂરની તારાજી પછી રાજય સરકાર ખાનગી કંપનીઓનો સહયોગ લઈ જે ગામડાં ભવિષ્યમાં ડુબમાં જાય તેવી શકયતા છે. તેવા ગામના ગ્રામજનો પોતે ઈચ્છે કે અમારે ઉંચાણવાળા સ્થળે આખું નવું ગામ બનાવવું છે તો તેના માટે રાજય સરકાર એક યોજના મુકી છે કે નવા ઉંચાણવાળા સ્થળેતમામ પ્રકારની સગવડો સાથેનું નવું ગામ બનાવવું છે તો તેના માટે રાજય સરકાર બનાવી આપશે. જેમાં ગ્રામ પંચાયત, શાળાને બીજી સગવડો સ્થાપીત જુના ગામ કરતાં સારી કરાશે. સરકારે આની સામે એક શરત મુકી છે કે જુના ગામ તળ મકાનનો હક્ક જતો કરવો પડશે. નવા ગામતળની જમીન અને બધી વ્યવસ્થા રાજય સરકાર જ કરશે. કાંકરેજ તાલુકામાં પણ કેટલાંક ગામડાં નદી તટ વિસ્તારમાં ડુબમાં જાય તેવી હાલતમાં છે. સમગ્ર ગ્રામજનો સારૂં વિચારી ભવિષ્યમાં આવી હોનારત સર્જાય ત્યારે કોઈ નુકશાન ન થાય.

વાચકમિત્રો નવલાં નોરતાની શરૂઆત થશે. માં શક્તિ આપ સૌને મનોવાંચ્છિત ફળ આપે, વિકૃત મનના માનવીઓના હૃદય, મન શુદ્ધ અને સર્વત્ર સાચી શાંતિ સ્થપાય. માનવતાની દિવ્ય જયોત પ્રગટે તેવી પ્રાર્થના સહ સૌને નવલાં નોરતાંની શુભકામના..

**યશપાલસીંહ ટી. વાઘેલા**
**મો.૯૪૨૮૬૭૮૬૯૯**

## માનવ ચેતના ઊર્ધ્વરોહણ સપ્તાહમાં જીવનમાં વૈક્ષાનીક અભિગમ પર વકતવ્ય યોજાયું

પાટણ

હેમચંદ્રાચાર્યઉત્તર ગુજરાત યુનિવર્સીટીના શારીરીક શિક્ષણના બોર્ડ ઓફએબસ્ટ્રામ્યુરલ સ્ટડીઝ અંતર્ગત અને જિલ્લા સવોદય મંડળ પાટણના સહયોગથી યોજાતા ૧૩મા માનવ ચેતના ઉધ્વરોહણ સપ્તાહ ગાંધી સ્મુતી હોલ ખાતે સોમવારથી પ્રારંભ થયો હતો. જેમાં અલગ અલગ વક્તાઓ રોજ ગાંધી સ્મુતી હોલ ખાતે પ્રવચન આપી રહ્યા છે. ત્યારે બીજા દિવસ મંગળવારે મનિષ જાનીએ જીવનમાં વૈક્ષાનીક અભિગમ પર વકતવ્ય આપ્યું હતું. જેને સંભાળવાનો લાહવો પ્રબુદ્ધ નાગરીકો અને વિધાર્થીઓ લીધો હતો.

## તલોદના સુલતાનપુર ખાતે ટ્રેક્ટર પલટી જતાં એકનું મોત

હિંમતનગર

તલોદ તાલુકાના સુલતાનપુર ગામની સીમમાં આવેલા ગાધેરૂ તળાવ પાસે ગત શુક્રવારે સમી સાંજે એક ટ્રેક્ટર ચોકડીમાં પલટી ખાઈ જતાં અને ટ્રેક્ટર નીચે દબાઈ જતાં તેના ચાલકનું મોત થયું હતું. શુક્રવારે સાંજે ટ્રેક્ટર નં. જીજે૯ ઈ૭૯૪૭ ચોકડીમાં પલટી ખાઈ જતાં ચાલકનું ગંભીર ઈજાના કારણે મોત થયું હતું. આ અંગે તલોદ પોલીસ સ્ટેશનમાં જાણ કરતાં પોલીસે કાયદેસરના કાગળો કર્યા હતા.

## શંખેશ્વર તાલુકાના પૂર અસરગ્રસ્ત લોકોને અન્યાય

પાટણ

ગુજરાતમાં જુલાઈ માસમાં મેઘરાજા મન મુકીને વરસ્યા હતા અને તેમાંય પાટણ અને બનાસકાંઠામાં મેઘરાજાએ ભારે તબાહી સર્જી હતી. ગત ગુરૂવારે આઝાદ સેનાના કાર્યકરોએ રેલી કાઢી શંખેશ્વર મામલતદારને અસરગ્રસ્તો માટે આવેદનપત્ર આપ્યું હતું અને યોગ્ય કાર્યવાહી કરવા જણાવ્યું હતું અને જો સર્વે કરી ખેડૂતોને ન્યાય આપવામાં નહી આવે તો આગામી દિવસોમાં જલદ કાર્યક્રમ આપવામાં આવશે તેવી ચીમકી ઉચ્ચારવામાં આવી હતી.

પાટણ જિલ્લામાં સમી-હારીજ, રાધનપુર-સાંતલપુર વગેરે તાલુકાઓમાં વરસાદથી ખુબજ નુકશાન થયું છે. વહીવટી તંત્રએ ઉપરોક્ત તાલુકાના અસરગ્રસ્તો જાહેર કર્યા હતા.

આ બધામાં શંખેશ્વર તાલુકાને અન્યાય કર્યો હતો. પૂરના પાણી ખેતરોમાં ફરી વળતાં જમીનોનું ધોવાણ થઈ જતાં તે જમીન ખેતીને લાયક રહી નથી.

## મહેસાણાના સોનેરીપુરાના પાટીયા પાસે અકસ્માતે મહિલાનું મોત

મહેસાણા

મહેસાણાના સોનેરીપુરાના પાટીયા પાસે રોડ ક્રોસ કરતી મહિલાને એક લકઝરી બસની ટક્કર લાગતાં તે રોડ પર પટકાઈ પડેલ અને ગંભીર ઈજાઓ થવાના કારણે તેણીનું મોત નિપજયું હતું. જાણવા મળતી વિગતો અનુસાર સોનેરીપુરાના પાટીયા પાસે ગત શુક્રવારે એક મહિલા રોડ ક્રોસ કરી રહી હતી. ત્યારે લકઝરી બસના ચાલકે પુરઝડપે લકઝરી ચલાવી મહિલાને ટક્કર મારતા તે રોડ પર પટકાતાં ગંભીર ઈજાઓ થવાથી તેણીનું મોત થયું હતું. આ અંગે બસના ચાલક સામે પોલીસે ધોરણસરની કાર્યવાહી કરેલ હતી.

## વિવિધ બજાર ભાવ

| | | | |
|---|---|---|---|
| | **ડીસા** | ગવાર | ૬૫૦-૬૮૦ |
| એરંડા | ૮૯૪-૯૦૫ | રાયડો | ૬૩૦-૬૬૫ |
| રાયડો | ૬૩૫-૬૪૮ | એરંડા | ૮૮૦-૯૦૦ |
| બાજરી | ૨૪૨-૨૫૪ | જીરૂ | ૩૩૪૫-૩૪૭૬ |
| રાજગરો | ૮૧૦-૮૧૫ | તલ | ૯૫૦ |
| ઘઉં | ૩૧૫ | ઈસ. | ૧૭૦૧-૨૦૦૦ |
| મગફળી | ૪૫૦-૬૦૦ | સુવા | ૭૫૦-૯૬૧ |
| ગવાર | ૬૩૫-૬૫૬ | વરી. | ૬૮૯-૮૧૦ |
| | **પાલનપુર** | મેથી | ૫૬૦-૫૭૧ |
| એરંડા | ૮૯૩-૯૧૦ | રાજગરો | ૭૪૧-૭૬૯ |
| બાજરી | ૧૬૦-૨૪૧ | અન્ય | ૭૭૫-૭૮૨ |
| ઘઉં | ૩૦૭-૩૬૬ | | **થરા** |
| મગફળી | ૪૫૦-૬૮૫ | જીરૂ | ૩૧૨૬-૩૪૨૪ |
| રાજગરો | ૭૪૦-૮૨૧ | એરંડા | ૮૯૫-૯૦૪ |
| | **થરાદ** | રાયડો | ૬૩૮-૬૫૫ |
| એરંડા | ૮૭૫-૮૯૮ | ગવાર | ૬૬૫-૭૦૦ |
| રાયડો | ૬૩૧-૬૪૯ | ઘઉં | ૩૦૭-૩૨૯ |
| બાજરી | ૨૪૦-૨૫૩ | બાજરી | ૨૨૦-૨૪૨ |
| વરી. | ૫૦૧ | મગ | ૭૦૦-૯૫૦ |
| રજકો | ૨૦૦૦-૨૭૫૧ | | **પાટણ** |
| ચીકુડી | ૬૫૦-૯૩૪ | વરી. | ૭૮૦-૮૧૧ |
| | **રાહ** | મેથી | ૪૭૦-૫૨૬ |
| બાજરી | ૨૪૦-૨૬૦ | સુવા | ૮૦૦-૯૦૯ |
| રાયડો | ૬૫૦-૬૯૫ | રાયડો | ૬૦૦-૬૬૦ |
| ચીકુડી | ૮૦૦-૯૩૦ | એરંડા | ૮૮૫-૯૧૭ |
| એરંડા | ૮૮૦-૮૯૫ | ઘઉં | ૩૧૨-૩૩૩ |
| | **વડગામ** | જુવાર | ૩૦૦-૩૪૧ |
| બાજરી | ૨૦૦-૨૩૫ | મગ | ૮૫૦ |
| ઘઉં | ૩૦૪-૩૪૨ | બાજરી | ૨૧૧-૨૫૨ |
| એરંડા | ૮૯૫-૯૦૫ | ગવાર | ૬૨૬-૬૭૯ |
| | **વાવ** | | **સિદ્ધપુર** |
| જીરૂ | ૩૨૦૦-૩૪૫૧ | રાયડો | ૬૪૬-૬૬૦ |
| એરંડા | ૮૭૫-૯૦૦ | એરંડા | ૮૮૦-૯૧૭ |
| ગવાર | ૬૬૮-૬૮૦ | મગ | ૧૦૯૫ |
| | **ધાનેરા** | ગવાર | ૬૬૮-૬૮૯ |
| ઘઉં | ૨૭૧-૨૯૬ | ચોળા | ૪૦૫ |
| બાજરી | ૨૩૦-૨૬૦ | ઘઉં | ૩૨૦-૩૫૫ |
| મગ | ૮૮૦-૧૦૧૬ | બાજરી | ૧૯૬-૨૫૧ |
| ચોળા | ૬૦૨-૮૮૧ | જવ | ૨૭૧ |

## પાટણ ખાતે જિલ્લા નાગરિક પુરવઠા સલાહકાર અને ગ્રાહક સુરક્ષાસમિતિની બેઠક યોજાઈ



પાટણ

જિલ્લા નાગરિક પુરવઠા સલાહકાર અને ગ્રાહક સુરક્ષા સમિતિની બેઠક જિલ્લા કલેકટર આનંદ પટેલની અધ્યક્ષસ્થાને કલેકટર કચેરી, પાટણ ખાતે યોજાઈ હતી. જેમાં પુરવઠા અધિકારીશ્રી અંકિતાબેન પરમાર, આરોગ્ય અધિકારી સાલ્વી ઉપસ્થિત રહયા હતા.

નાગરિક પુરવઠા સલાહકાર અને ગ્રાહક સુરક્ષા સમિતિ દ્વારા જેમાં ગ્રાહક સુરક્ષાને લગતા તેમજ જિલ્લા તકરાર નિવારણ ફોરમ પાસેના કેસોની સમીક્ષા, તોલમાપ અંગેની કામગીરી, ફૂડ એન્ડ ડ્રગ્સની કામગીરી, તપાસણી, એન.એફ.એસ.એ આધાર સીડીંગની કામગીરીની સમીક્ષા, બેંક એકાઉન્ટ સીડીંગની કામગીરીની સમીક્ષા, અગ્રતા ધરાવતા કુટુંબોની યાદીમાં સમાવેશ અને નામ કમી કરવા તેમજ ઉજજવલા યોજના હેઠળ બીપીએલ પરિવારોને આધાર કાર્ડ સાથે લીક કરવાની કામગીરી ઝડપથી પુર્ણ કરવા કલેકટરશ્રીએજણાવ્યુ હતું. આ બેઠકમાં વ્યાજબી ભાવની દુકાનના તપાસણીના કેસો જિલ્લામાં બાકી વસુલાતના કેસોનીવસુલાત ઝડપથી કરવા જિલ્લા કલેકટરએ જણાવ?યું હતું તેમજ પંડિત દીન દયાળ ગ્રાહક ભંડાર સરકાર માન્ય વ્યાજબી ભાવની દુકાનો ફાળવવા અંગેની અને સીએસસી કોડ અંગે ચર્ચા હાથ ધરવામાં આવી હતી. ઉજજવલા યોજના હેઠળ બીપીએલ પરિવારોને બાકી રહેલ ગેસ કનેકશનની કામગીરી ઝડપથી પુરી કરવાજણાવ્યું હતું.

આ જિલ્લા પુરવઠા સલાહકાર સમિતિમાં અન્ય કચેરીના અધિકારીઓ, પુરવઠા અધિકારીના કર્મચારીઓ સમિતિના સભ્યો ઉપસથિત રહયા હતા.

## બી.આર.સી લેવલ ગણિત-વિજ્ઞાન પ્રદર્શનમાં બાલીસણા ખાતે પાયોનિયર સ્કૂલનો વિજ્ઞાન પ્રોજેકટ વખણાયો



પાટણ

શ્રી કે.સી.પટેલ વિધાસંકુલ સંલગ્ન પાયોનિયર સ્કૂલ ના પ્રાયમરી વિભાગે સી.આર.સી લેવલ માં વિજ્ઞાનમેળા પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કર્યા બાદ બી.આર.સી લેવલ ના વિજ્ઞાન ગણિત મેળાનું આયોજન બાલીસણા મુકામે કરવામાં આવ્યુ હતુ. જેમાંપાયોનિયર સ્કૂલ ધોરણ-૭ ના બાળકો (૧) મોદી જય નિલ્પેશભાઈ (૨) પટેલ નમ્ર રાજેન્દ્રકુમાર (૩) ભટ્ટ અરીસ એ પોતાની કૃતિ રજુ કરી હતી. જેમાં આ વિધાર્થીઓ દ્વારા સોલાર ઉર્જાનો ઉપયોગ કરી સંપૂર્ણ શાળામાં ફ્રી વિજળી કેવી રીતે મેળવી શકાય તે ઉપરાંત વરસાદી પાણીનો સંગ્રહ કરી વિધાઉટ આર.ઓ પાણીને ચોખ્ખુ કરી સમગ્ર સ્કૂલ માં પીવાલાયક પાણી પૂરુ પાડીશકાય આ ઉપરાંત શાળામાં ઘન અને પ્રવાહી કચરા માંથી બાયોગેસ દ્વારા ઉર્જા અને કંમ્પોસ્ટ ખાતર મેળવી આયુવેદીક બગીચોબનાવી શકાય ઉપરાંત શાળા માં રમત – ગમત ના સાધનો જેવાકે ચકરડી – ચીચવો વગેરે માં એરપ્રેસર સીસ્ટમ બેસાડી તેનાદ્વારા લાઈટ મેળવી શકાય છે. અને પાણીને મોટર વગર ઉપરના માળે ટાંકીમાં ચડાવી શકાય છે.તથા સોલાર ઉર્જાને એક પ્લેટ ઉપર એકત્ર કરી તેના દ્વારા ગરમી ઉત્પન્ન કરી મોટા પ્રમાણમાં ખોરાક બનાવી શકાય છે. આમ લાઈટ – ઈધણ – પાણી વિગેરે કુદરતી સ્ત્રોત દ્વારા પ્રાપ્ત કરી બીલકુલ નહીવત ખર્ચમાં તમામ દૈનિક જરૂરીયાતો પર્યાવરણનું રક્ષણ કરી પૂરી પાડી શકાયછે. તેમ ત્રણે વિધાર્થીઓએ લાઈવ ડેમોસ્ટ્રેશન કરી બધા વિધાર્થીઓને બતાવી મંત્રમુગ્ધ કરી દીધા હતા.સમગ્ર બી.આર. સી કલસ્ટરમાંથી ઉપસ્થિત શાળાઓએ આ પ્રયોગ જોઈ ખૂબ વખાણ કર્યા હતા. જેમાંત્રીજો ક્રમાંક પ્રાપ્ત કરી આ વિધાર્થીઓએ શાળા અને પરીવારનું ગૌરવ વધાર્યુ હતુ.આ ત્રણેય વિધાર્થીઓને શાળાના ટ્રસ્ટી શ્રી વિવેકભાઈ પટેલ તથા પ્રિન્સીપાલ શ્રીમતિ દીપ્તીબેન દવે તથા વા.પ્રિ. અરૂણાબેન પટેલ અને તેમના વિજ્ઞાન પ્રદર્શનના માર્ગદર્શક કાન્તીભાઈ ઠક્કરે વિધાર્થીઓને શુભેચ્છા પાઠવીને અભિનંદન આપ્યા હતા.

## પ્રગતિશીલ દુધ ઉત્પાદક તાલીમ શિબીર અન્વયે સાબરડેરી ખાતે કાર્યક્રમ યોજાયો



હિંમતનગર

સાબરડેરી ખાતે ગત તા.૧૫-૯-૨૦૧૭ ના રોજ અરવલ્લી અને ૧૬-૯-૨૦૧૭ ના રોજ સાબરકાંઠાના દૈનિક પ્રગતિશીલ દુધ ઉત્પાદકોની તાલીમ શિબીર યોજવામાં આવેલ જેમાં ૨૦૦૦ થી વધુ ૧૦૦ લિટરથી વધુ દુધ ઉત્પાદન કરતા પ્રગતિશીલ દુધ ઉત્પાદકોએ ભાગ લીધો હતો જેમાં બહોળી સંખ્યામાં મહિલાઆએ હાજર રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. સાબરડેરીના અધિકારીઓ દ્વારા સાબરડેરીની વિવિધ યોજનાઓ તથા વૈજ્ઞાનિક પશુપાલન, બચ્ચાં ઉછેર તથા ઘરઘથ્થુ ઉપચાર અંગે માર્ગદર્શન આપવામાં આવેલ.

સાબરડેરી દ્વારા વર્ષ ૨૦૧૫-૧૬ માં સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લા તથા તાલુકાઓમાં સૌથી વધુ દુધ ભરાવનાર પ્રથમ દુધ ઉત્પાદકોનું સાબર શ્રેષ્ઠ લક્ષ્મી અને સાબરરત્ન એવોર્ડથી સભાના અધ્યક્ષ તથા મહેમાનોના હસ્તે સન્માન કરવામાં આવેલ. વડાલી તાલુકામાં સૌથી વધુ દુધ ભરાવનાર સાબરકાંઠા જિલ્લા સહકારી સંઘના ચેરમેન જયંતિભાઈ વિરચંદભાઈનું પણ સાબરડેરીના ચેરમેન દ્વારા સાબરરત્ન એવોર્ડથી સન્માન કરવામાં આવેલ.

સમારંભના અધ્યક્ષ સ્થાનેથી ગુજરાત મીલ્ક માર્કેટીંગ ફેડરેશન તથા સાબરડેરીના ચેરમેન જેઠાભાઈ પી.પટેલે ઉપસ્થિત રહી દુધ ઉત્પાદકોને દુધના પોષણક્ષમ ભાવ આપવા સતત પ્રયત્નશીલ રહીશું અને આવનાર દિવસો દુધના વ્યવસાય માટે ખુબ જ ઉજળા છે આથી સારી ઓલાદની ગાયો રાખી સાબરડેરીની વિવિધ યોજનાકીય સહાય લઈ આર્થિક રીતે સક્ષમ બનવા મહિલાઓને આહવાન કર્યું હતું. તેઓએ વધુમાં જણાવેલ કે આજના સમયની તાતી જરૂરીયાત વૈજ્ઞાનિક ધોરણે પશુપાલન કરી નફામાંથી બચત કરવા અને બાળકોના શિક્ષણ અને કેળવણીમાં ઉપયોગ કરવા મહિલાઓને નેતૃત્વ લેવા માટે આગ્રહ કરવામાં આવેલ. વધુમાં બિનજરૂરી સામાજિક ખર્ચાઓ ઓછા અથવા બંધ કરવા આગ્રહ કરવામાં આવેલ. સદર કાર્યક્રમમાં સાબરડેરીના નિયામક મંડળના સદસ્યોએ ઉપસ્થિત રહી કાર્યક્રમને શોભાયાન બનાવેલ.

કાર્યક્રમના સમાપન પ્રસંગે ડિરેક્ટર ભોગીભાઈ આર.પટેલે આભાર વિધિ કરી હતી.વર્ષ ૨૦૧૫-૧૬ માં

સાબરકાંઠા જિલ્લામાં સૌથી વધુ દુધ ભરાવનાર દુધ ઉત્પાદકોમાં પ્રથમ ક્રમે વ્રજભુમી ડેરી ફાર્મના જયેશભાઈ ગોર, દ્વિતીય ક્રમે વિજેતા જય રણછોડ દુધ સેન્ટર(પેન્ટરપુરા) ના રમીલાબેન ગોવિંદભાઈ તથા તૃતીય ક્રમે અબ-ર્દુદા ડેરી ફાર્મ ધરોદના લીલાબેન પુજીરામભાઈનું સન્માન કરવામાં આવેલ.

## ચાણસ્મા તાલુકા કોંગ્રેસ પક્ષ દ્વારા યુવાનો માટે સ્વરોજગારી ફોર્મનું વિતરણ




## બહુચરાજીમાં ગેરકાયદેસર દબાણો હટાવવામાં તંત્રના આંખ આડા કાનઃ મુખ્યમંત્રીને પત્ર

ચાણસ્મા

યાત્રાધામ બહુચરાજીમાં ગેરકાયદેસર દબાણો હટાવવામાં સ્થાનિક ગ્રામ પંચાયત, તાલુકા-જિલ્લા પંચાયતની આંખ આડા કાન કરવાની નીતિને કારણે બજારો દિવસે દિવસે સંકડાઈ રહ્યા છે. ત્યાં બહુચર બાલમંદિરના કમ્પાઉન્ડની આજુબાજુ આવેલી પંચાયતની જમીનમાં ખાનગી માણસોએ ૧૫ જેટલી દુકાનો તાણી બાંધી હોવા છતાં કોઈ કાર્યવાહી નહીં થતાં ગામના જાગૃત નાગરિકો દ્વારા રાજયના મુખ્યમંત્રી વિજય રૂપાણીને લેખિત પત્ર પાઠવી તટસ્થ તપાસ કરી ગેરકાયદેસર દબાણો દૂર કરી, કસુરવાર સામે શિક્ષાત્મક પગલાં ભરવા માંગ કરી છે. મુખ્યમંત્રીને કરાયેલી રજુઆતમાં જણાવ્યા મુજબ, યાત્રાધામ બહુચરાજીમાં બાલમંદિરના કમ્પાઉન્ડની બહાર આજુબાજુમાં આવેલી જગ્યા પંચાયતની સરકારી માલિકીની છે. આમ છતાં કેટલાક ખાનગી માણસોએ આ જગ્યા ઉપર કબજો જમાવી ૧૫ જેટલી પાકી દુકાનો બાંધી નાખી છે અને આ તમામ દુકાનો અન્ય લોકોને ભાડેથી આપી વાર્ષિક ૩ થી ૪ લાખ રૂપિયા ભાડું ઉઘરાવે છે. ગ્રામ પંચાયતની જમીન ઉપરના ભાડાના ભ્રષ્ટાચાર અંગે તા. ૩/૩/૧૭ અને તા. ૩/૬/૧૭ ના રોજ ગ્રામ પંચાયતમાં લેખિત રજુઆત કરી પંચાયતના હિતમાં ઘટતી કાર્યવાહી કરવા માંગ કરી હતી. તેમ છતાં કોઈ કાર્યવાહી ન થતાં તાલુકા વિકાસ અધિકારીને પણ લેખિતમાં જાણ કરી હતી. તેમણે પણ માથેથી ખભે કરતા હોય તેમ આ કામગીરી ગ્રામ પંચાયતે કરવાની હોય તેમ જણાવી હાથ ખંખેરી લીધા છે.

રજૂઆતમાં એમ પણ જણાવાયું છે કે, નિયમ મુજબ ગેરકાયદેસર જગ્યામાં વીજળી કે નળ કનેક્શન આપી શકાય નહિ. તેમ છતાં વીજ કંપની બહુચરાજી દ્વારા કોઈપણ જાતની તપાસ કર્યા વિના આ તમામ ગેરકાયદેસર દુકાનોમાં વીજ કનેક્શન જોડી આપવામાં આવ્યા છે. જાગૃત નાગરિકોએ જણાવ્યું છે કે, આ ગેરકાયદે દુકાનોમાં લાઈટ અને પાણીની સગવડો છે. પરંતુ પંચાયતને તેમાંથી કોઈ આવક થતી નથી. ઉલટાનું સફાઈ, પાણી સહિતની સગવડો મફતમાં ભોગવી રહ્યા છે.

યાત્રાધામ બહુચરાજીમાં ઘણા વર્ષોથી કેબિનની જગ્યાએ પાકા દબાણો ઉભા કરી દેવાયા છે અને રોજબરોજ તેમાં વધારો પણ થતો રહ્યો છે. છેલ્લા પાંચેક વર્ષોમાં કેબિનની જગ્યાએ કેબિન કરતાં વધુ જમીનમાં દબાણ કરી ગેરકાયદેસર એક, બે કે ત્રણ- ત્રણ માળના મકાન તાણી બંધાયા છે. આવા કિસ્સામાં કાયદાના અજ્ઞાન સરપંચ- સભાસદોનો ગેરલાભ ઉઠાવી ઠરાવમાં 'કેબિન ટ્રાન્સફર' જેવા શબ્દો લખી વેચાણ લેનારના નામે કરી આપવામાં આવ્યા છે, આવા તમામ ઠરાવોની સ્પે.તપાસની માંગ કરાઈ છે.

## રાધનપુરમાં રૂ. ૭૫.૬૫ લાખના ખર્ચે ગૌરવપથ નવું રૂપ ધારણ કરશે

### ૧૫ દિવસમાં વાહનચાલકો ઉબડ-ખાબડ રસ્તાથી છુટકારો મેળવશે


કમલ ચક્રવર્તી

પ્રતિનિધિ રાધનપુર

રાધનપુર શહેરની આન, બાન અને શાન કહી શકાય અને આખાયે શહેરના લોકો જેનો ઉપયોગ કરેછે,તે પટની દરવાજાથી હાઈવેસુધીનો ગૌરવપથ ભારે વરસાદને કારણે ઉબડ-ખાબડ બની ગયો હતો, આ અખબારે અવાર-નવાર ગૌરવપથને નવો બનાવવા સમાચારોના માધ્યમથી ઝુંબેશ હાથ ધરી હતી,જેને સારો પ્રતિસાદ મળ્યો છે, અને પટની દરવાજાથી હાઈવે ચાર રસ્તા સુધીના આગૌરવપથને રૂ.૭૫. ૬૫ લાખના ખર્ચે ડામર રોડનું નવું રૂપ આપવામાં આવનાર છે, જેનું ટેન્ડર સોમવારે ખુલી ગયેલ છે અનેરાધનપુરની સરસ્વતી એસોસિયેટને કામ આપવામાં આવ્યું છે.શહેરનો ગૌરવપથ છેલ્લા કેટલાય સમયથી શહેરનું ગૌરવ હનન કરતો હતો, અને વાહનચાલકો પટની દરવાજાથી હાઈવે સુધી જતાતો પેટના આંતરડા અધ્ધર થઇ જતા હતા, આ અખબારે ફોટા સાથે અવાર-નવાર સમાચારોના માધ્યમથી શહેરના નાગરિકોની આગંભીર સમસ્યાને વાચા આપી હતી,જેથી નગરપાલિકાના સત્તાધીશોએ પણ લોકોની લાગણી અને વિધાનસભાની તેમજ ટૂંક સમયમાંઆવી રહેલી નગર પાલિકાની ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને તાત્કાલિક રોડ બનાવવાનું અભિયાન હાથ ધર્યું છે, જો કે શહેરનાનાગરિકોને ઉબડ-ખાબડ રસ્તાથી હવે છુટકારો મળશે. વેપારીઓની લાગણી ધ્યાનમાં રાખજો વેપારી એસોસિયેશનના પ્રમુખ મહેશભાઈ અદાના જણાવ્યા મુજબ ગૌરવપથ નવો થાય એ ખુશીની વાત છે, પરંતુ વેપારીઓની લાગણીને પણ ધ્યાનમાં રાખજો,વરસાદ પડે ત્યારે ગૌરવપથ ઉપર પાણી ભરાઈ જતા દુકાનોમાં પાણી ઘુસી જાય છે,જેથી નવું કામહાથ ઉપર લો તે પહેલા પાણીના નિકાલની સમસ્યા હાથ ધરજો, અને આ જ્યાં જરૂર પડે ત્યાં રોડ ક્રોસ કરતી પાઈપો નાખજો જેથી ભવિષ્યમાં તકલીફ ના પડે, આ ઉપરાંત દુકાનોથી થોડોક રોડ નીચો રહે તેવું કામ કરજો.જેથી પાણી દુકાનોમાં ઘુસી ના જાય.

## ઊંઝા વેપારી મંડળના સુવર્ણજયંતિ પ્રસંગે વિવિધ ટેક્ષોની થયેલી ચર્ચા

ઊંઝા

ઊંઝા વેપારી મંડળના સુવર્ણ જયંતિ પ્રસંગે વેપારીઓને પ્રતિકુળ એવા પ્રોફેશનલ ટેક્ષ, મજુર કાયદા, ગુમાસ્તા કાયદા સહિત અનેક વિસંગતા કાયદા પરત્વે ફેર વિચારણા બાબત પર ભાર મુકવામાં આવ્યો છે. વેપારમાં પડીકા, ભેળસેળ, તથા ઉઠમણા જેવા જોખમો સામે જાગૃતતા રાખી હકારાત્મક વલણ દાખવવા હાકલ કરવામાં આવી છે. ઊંઝા એપીએમસી હોલમાં ગત રવિવારે ઊંઝા વેપારી મંડળના સુવર્ણ જયંતિ પ્રસંગે યોજાયેલા કાર્યક્રમમાં વેપારી મંડળના ૫૦ વર્ષની વિકાસયાત્રામાં પૂર્વ પ્રમુખો તથા હોદ્દેદારો તથા ઊંઝાના વેપારીઓને સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે માર્કેટયાર્ડના ચેરમેન ગૌરાંગ પટેલે વેપારી મંડળની કાર્યશૈલી તથા વેપારીઓના સેલટેક્ષ, બેટ, જી.એસ.ટી. તથા નોટબંધી, સમયે ઉભા થયેલા પ્રશ્નોના નિકાલ માટે કરેલી હકારાત્મક ભૂમિકાની સાથે સાથે વિવિધ પ્રવૃત્તિઓની ઊંઝા બજારની શાખ વધારવા હાકલ કરવામાં આવી હતી. આ પ્રસંગે તમામ પ્રકારના દૂષણોથી દૂર રહેવાની ધારાસભ્ય નારાયણભાઈ પટેલે હાકલ કરી હતી.

ઊંઝા સહિત સમગ્ર રાજ્યમાં જીએસટીના અમલ બાદ હવે પ્રોફેશનલ ટેક્ષ વ્યાજબી નહિં હોવાનું જણાવતા ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સના ઉપપ્રમુખ જયેન્દ્રભાઈ ખન્નાએ આ બાબતે રાજ્ય સરકારે પ્રોફેશનલ ટેક્ષની સાથે સાથે મજુર કાયદા, ગુમાસ્તા કાયદા પણ દૂર કરવાની માંગણી કરી હતી.

## હિંમતનગર ખાતે શોર્ટ મુવીઝ અને ફિલ્મ કલાકારોનું સન્માન



હિમતનગર

મેટ્રો સિટીની દોડમાં હવે સાબરકાંઠા જીલ્લો પણ બાકાત નથી રહ્યો....ફિલ્મો અને સીરીયલો માટેના અમદાવાદ જેવા શહેરોમાં અવોર્ડનાં કાર્યક્રમાં તો યોજાય છે ત્યારે સાબરકાંઠા જીલ્લામાં સૌ પ્રથમવાર આવા કાર્યક્રમનું આયોજન કરાયું અને એ પણ શોર્ટ ફિલ્મો માટેના અવોર્ડ...

માયા મુવીઝ દ્વારા થોડાક સમય પહેલા ભારતભરમાં બનતી શોર્ટ મુવીઝ માટેની એક સ્પર્ધા યોજવામાં આવેલી.. ત્યારે આખા ભારતમાંથી ૩૫ જેટલી શોર્ટ મુવીઝનું આમાં નામાંકન થયેલું...અને એમાંથી ૭ શોર્ટ મુવીઝ પંસદ કરવામાં આવેલી.. આ ૭ ફિલ્મોના કલાકારો અને ફિલ્મ નિર્માણ ક્ષેત્રે સંકળાયેલા કલાકારોને માટે એક અવોર્ડ વિતરણનો કાર્યક્રમ હિમતનગર ખાતે યોજવામાં આવેલો...જેમાં આ ૭ ફિલ્મો રજુ પણ કરવામાં આવેલી... નિરંજન શર્મા, આયોજક, માયા મુવીઝ

તો આ કાર્યક્રમમાં ગુજરાતી સીરીયલના પીઢ કલાકાર હસમુખ ભાવસાર અને અર્બન ગુજરાતીફિલ્મ છેલ્લો દિવસના કોલેજ પ્રિન્સીપાલનું પાત્ર ભજવનાર જીગ્નેશ મોદી પણ હાજર રહ્યા

# રણાવાડા (જાગીર)ના સરપંચ પુત્ર ઉપર જીવલેણ હુમલો



વિજય શિલ્વા

પ્રતિ. શિહોરી

કાંકરેજ તાલુકાના રણાવાડા (જાગીર) ગામના રાવલ સચિનકુમાર અંબારામ ભાઈ બે ત્રણ મહિના પહેલા ધાનેરા અભ્યાસ કરતા તે વખતે નાંદલાના સુમેરસિંહ સાથે બોલાચાલી થયેલ જેને લઈ એક બીજાને મન દુ:ખ થયેલ. દરમિયાન તા.૧૬/૯/૨૦૧૭ ના રોજ સચિન રાવલને સુમેરસિંહ વાઘેલાએ ફોન કરેલ કે તું શિહોરી બનાસ કોમ્પ્લેક્ષમાં આવ આપણે સમાધાન કરવું છે તેવું કહેતા સચિન ભોળાભાવે રણાવાડા (જા) શિહોરી આવ્યો હતો ત્યારે અગાઉ થી જ ત્યાં સુમેરસિંહ ડુંગરસિંહ વાઘેલા, મહેન્દ્રસિંહ વાઘેલા, વસીમખાન મેમણ આ ત્રણ અને એક બીજો અજાણ્યો ઈસમ ચારે જણ બોલ તારે શું કરવાનું છે તેમ કહી અપ શબ્દો બોલી ચારે જણ ગુસ્સામાં આવી રાવલને ફેંટ મારી જમીન ઉપર પાડી ગડદા - પાટુનો મારમારી જાનથી મારી નાંખવાની કોશિશ કરેલ અને અન્ય જગ્યાએ ઉપાડી લઈ જવા માટે પ્રયત્નો કરેલા ત્યારે બનાસ કોમ્પ્લેક્ષમાં બીજા અન્ય ત્રણ માણસોએ વચ્ચે પડી તેને છોડાવ્યો હતો અને શિહોરી સરકારી દવાખાને દાખલ કરેલ બાદમાં પોલીસ ફરિયાદ કરતાં સમગ્ર શિહોરીમાં આ હુમલાથી ચકચાર મચી જવા પામી હતી. ફરિયાદી સચિન અંબારામ રાવલે શિહોરી પોલીસ મથકે ચાર ઈસમો વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી હતી જેથી તપાસ હેકો ધીરજીભાઈ દેસાઈ ચલાવી રહ્યા છે.

# ધાનેરામાં મુસ્લિમ બિરાદરોએ આવેદનપત્ર આપ્યું


એન.કે.મોદી

તા.પ્રતિનિધિ ધાનેરા

લેડી ડોન તરીકે કુખ્યાત મહિલા બુટલેગર સોનું ડાંગરે ઈસ્લામ ધર્મના સ્થાપક હજરત મહંમદ વિરૂધ્ધ અશોભનીય અને અભદ્ર શબ્દો ઉચ્ચાર્યા છે. જેનો વિડીયો વાયરલ થતા મુસ્લિમ બિરાદરોની લાગણીને ઠેસ પહોંચી છે. જેથી સોનુ ડાંગર વિરૂધ્ધ ઠેરઠેર આવેદનપત્રો અપાઈ રહ્યાં છે. જે અનુસંધાને ધાનેરાના મુસ્લિમ બિરાદરોએ પણ ના. કલેક્ટરને આવેદનપત્ર આપી અમારા નબી અને પયગમ્બર વિરૂધ્ધ વપરાયેલ અપશબ્દો સહન થાય તેમ નથી. ત્યારે કોમી વૈમનસ્ય ફેલાવતી સોનુ ડાંગરની તાત્કાલિક ધરપકડ કરી કડકમાં કડક સજા ફટકારવાની માંગ કરી હતી. જે પ્રસંગે મોટી સંખ્યામાં મુસ્લિમ બિરાદરો ઉપસ્થિત રહ્યા હતા.

# કોંગ્રેસના ગઢના કાંગરા ખેરવવા ભાજપના અવિરત ભરચક પ્રયાસો

**રાજ્યસભા ચૂંટણીની જીત બાદ કોંગ્રેસમાં નવસર્જનનો સંચાર**

ગત ટર્મ ૨૦૧૨ ની વિધાનસભાની ચૂંટણીમાં 'મોદી મેજીક' છવાઈ ગયો હતો. તેથી ભાજપને સ્પષ્ટ બહુમતિ મળી હતી પરંતુ ઉત્તર ગુજરાતના બનાસકાંઠાની ૯ પૈકી ૫ બેઠક ઉપર પંજો પ્રસરી ઉઠતા 'અપસેટ' સર્જાયો હતો. જેથી કોંગ્રેસની રહી સહી આબરૂ બચી ગઈ હતી. બનાસવાસીઓના આ અણધાર્યા લોક ચુકાદાથી રાજકીય પંડિતો માથું ખંજવાળવા લાગ્યા હતા. જ્યારે ભાજપ મોવડી મંડળ પણ ચોંકી ઉઠ્યું હતું. તેમ છતાં ૯ સપ્ટેમ્બર ૨૦૧૪ માં યોજાયેલ ડીસા બેઠકની પેટા ચૂંટણીમાં પણ કોંગ્રેસનો ૧૦૩૯૪ મતે વિજય થતા બનાસકાંઠા સાચા અર્થમાં કોંગ્રેસનો ગઢ પુરવાર થયો હતો તેથી કેન્દ્રિય ભાજપ મોવડી મંડળ હચમચી ઉઠ્યું હતું. જેના પગલે કોંગ્રેસના ગઢના કાંગરા ખેરવવા તત્કાલિન મુખ્યમંત્રી આનંદીબેન પટેલે જિલ્લાના પ્રાણ પ્રશ્ન દાંતીવાડા ડેમમાં નર્મદાના નીર ઠાલવવા કરોડો રૂપિયાના ખર્ચે કાંકરેજના ચાંગાથી ડેમ સુધી પાઈપ લાઈન બિછાવી હતી અને ડેમમાં પાણી પણ છોડ્યું હતું. પરંતુ બનાસવાસીઓના કમનસીબે અણઘડ આયોજનના કારણે 'નેવાના પાણી મોભે ચઢ્યા ન હતા' તેથી ભાજપનું મહત્વાકાંક્ષી આયોજન છતાં પ્રશ્ન પડતર જ રહી ગયો છે. તેમ છતાં મુખ્યમંત્રી પદેથી આનંદીબેન પટેલની અણધારી વિદાય બાદ નવા વરાયેલા મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ પણ બનાસવાસીઓના દિલ જીતવાના પ્રયાસો નિષ્ઠાપૂર્વક આગળ ધપાવ્યા છે. તેમના મંત્રીમંડળમાં જિલ્લાના ૩ પૈકી ૨ ધારાસભ્યને રાજયકક્ષાના મંત્રી બનાવાયા છે અને વિકાસ કામોનું લોકાર્પણ હોય કે પછી સામાજીક કે ધાર્મિક પ્રસંગ હોય મુખ્યમંત્રી જિલ્લાની મુલાકાતે આવવાનું ચુકતા નથી. પાલનપુરમાં અદ્યતન ડેપોના ખાતમુહુર્ત, થરાદમાં લોકસેવક જગતાભાઈ પટેલની પ્રતિમાનું અનાવરણ, લાખણીમાં સામાજીક પ્રસંગ, અંબાજીમાં મા અંબાના દર્શન વગેરે કારણોસર તેમણે અવારનવાર જિલ્લાની મુલાકાત લીધી છે. એટલુ જ નહીં, તેમની દુરંદેશી અને દીર્ઘદ્રષ્ટિના કારણે જિલ્લાની પાકિસ્તાન સાથે સંકળાયેલી નડાબેટ બોર્ડરે વાઘા બોર્ડર જેવો નજારો જોવા માળી રહ્યો છે. તેથી સરહદના વિકાસના દ્વાર ખુલ્યા છે. અને ગત દિવાળી પણ તેમણે બોર્ડરના જવાનો વચ્ચે ઉજવી હતી. આટલું ઓછું હોય તેમ તાજેતરમાં જિલ્લામાં પૂર પ્રલયની જાણ થતા જ તેઓ ઉડતા વિમાને આવી પૂરગ્રસ્ત વિસ્તારનું નિરીક્ષણ કર્યું હતું. તેના બીજા દિવસે વડાપ્રધાન સાથે ફરી જિલ્લાની મુલાકાત લીધી હતી. એટલું જ નહીં, પૂરગ્રસ્તોના પુનઃવસન માટે જિલ્લામાં સતત પાંચ દિવસ ધામા નાખ્યા હતા અને અહીંથી જ રાજયભરનાં વહીવટ કર્યો હતો. ત્યારબાદ હમણાં જ તેમણે દિયોદરમાં આવી પૂર અસરગ્રસ્તોને સહાયના ચેકોનું હાથોહાથ વિતરણ કરી સહાયની સરવાણી વહાવી હતી અને ૧૦ ગામોને અન્યત્ર વસાવવા સાથે જિલ્લાને સુવિધાઓથી સજ્જ જિલ્લો બનાવવાની ખાત્રી આપી હતી.

**વિધાનસભાની ચૂંટણીને લઈ અત્યારથી જ ઉત્તેજનાનો માહોલ**

મુખ્યમંત્રીની સાથે સાથે કેન્દ્ર અને રાજયના ભાજપના મંત્રીઓ અને પદાધિકારીઓ પણ જિલ્લાની અવારનવાર મુલાકાત લઈ લોક સંપર્ક 'ઓનલાઈન' જીવંત રાખી આમ પ્રજા સાથે આત્મિય નાતો કેળવ્યો છે. બીજી બાજુ, સાંસદ મુકેશદાન ગઢવીની આકસ્મિક વિદાય બાદ જિલ્લામાં કોંગ્રેસનું સંગઠન વેરવિખેર થઈ ગયું છે. આગેવાનોમાં પણ આંતરિક જૂથબંધી પ્રવર્તે છે પરંતુ રાજય સભાની ચૂંટણીના ખરા ટાકડે ભાજપની શામ, દામ, દંડ અને ભેદની નીતિ સામે પણ કોંગ્રેસના ધારાસભ્યોએ અભૂતપૂર્વ એકતા દાખવી હતી. જેથી રાજયસભામાં કોંગ્રેસની જીતથી સુષુપ્ત કોંગ્રેસના કાર્યકરોમાં નવ સર્જનની શકિતનો સંચય થયો છે. વળી, ભાજપના ભરચક પ્રયાસો છતાં એકેય ધારાસભ્યે પક્ષ પલટો ન કરતા આમ પ્રજામાં તેમની પ્રતિષ્ઠા બરકરાર રહેવા પામી છે. આ ધારાસભ્યોની ટીકીટ અગાઉથી પાકી થઈ ગઈ છે. તેથી આ વખતની વિધાનસભાની ચૂંટણીમાં ભાજપ અને કોંગ્રેસ વચ્ચે ઘમાસાણ મચશે તે નક્કી છે. જેના કારણે ચૂંટણીને લઈ અત્યારથી જ ઉત્તેજના છવાઈ છે.

**ઉત્તર ગુજરાતના લોકપ્રિય અખબાર રખેવાળ દ્વારા...**

કારણ વગરનું રાજકારણ — ચૂંટણી ચક્રવ્યૂહ ૨૦૧૭

ગુજરાત વિધાનસભાની ચૂંટણીના પડઘમ વાગવાને હવે ગણતરીના દિવસો બાકી છે. ત્યારે ઉત્તર ગુજરાત અને બનાસકાંઠાની તમામ વિધાનસભાની બેઠકનો વિસ્તૃત અહેવાલ, રાજકીય ઈતિહાસ, દરેક બેઠક પર કોણ દાવેદાર છે. કયો પક્ષ મજબુત છે. વગેરે વિગતો રખેવાળ ટીમ દ્વારા વાંચકો સમક્ષ મૂકવામાં આવશે. વાંચકો પણ ચૂંટણી-૨૦૧૭ના આ વિશેષ કવરેજમાં પોતાના સૂચન - અભિપ્રાય મોકલી શકશે. તો હવે રાહ કોની જુઓ છો. તમારી નકલની વ્યવસ્થા આજથી જ કરશો - તેમજ તમારા સૂચનો - અભિપ્રાયો નીચેના નંબરે વ્હોટ્સએપ તેમજ ઈ-મેઈલ પર મોકલવા વિનંતી. વ્હોટસ એપ - મો.૯૮૨૪૫૦૨૧૦૨

Email : rakheval@gmail.com

# દીઓદર પંથકના સાત ગામના લોકો રોડ પહોળો કરવા ૨ જી ઓક્ટોમ્બરે દેશી ઢોલના તાલે ગરબા કરશે


અશોક શેઠ

તાલુકા પ્રતિનીધી દીઓદર

ભારત દેશને બુલેટ યુગમાં લઈ જવાની કવાયત વચ્ચે દિયોદર તાલુકાના સાત ગામોના લોકો તેમની વિકાસ ભૂખ સંતોષવા માટે જ ભૂખ હડતાળનો આશરો લેવા મજબુર બન્યા છે. દિયોદર તાલુકાના ડુચકવાડા ગામથી ગાંગોલ, ઓઢા, સરદારપુરા (જ.), જસાલી અને નવાપુરા થઈ ખીમાણા નેશનલ હાઈવેને જોડતો રોડ ખુબ સાંકડો હોઈ અકસ્માતોની ઘટનાઓ રોજિંદી બની ગઈ છે. આ રોડને પહોળો કરવા પાંચ વર્ષથી લડત ચલાવાઈ રહી છે પરંતુ રાજ્ય સરકાર આ માંગણીને કાને ધરતી નથી જેથી આ સાત ગામોના રહીશો આંદોલનનું શસ્ત્ર ઉગામવા મજબુર બન્યા છે. સૂચિત સાત ગામ રોડ સંઘર્ષ સમિતિના નેજા

અનુસંધાન પાના નં.૬

# વડાવલ ઈન્દીરાનગર મંડળીના મંત્રીને લૂંટનાર બે આરોપી ઝડપાયા

## પોલીસે બંનેને કોર્ટમાં રજૂ કરી ચાર દિવસના રીમાન્ડ મેળવ્યા



પ્રતિનિધિ ભીલડી

ડીસા તાલુકાના વડાવલની ઈન્દીરાનગર દૂધ મંડળીના મંત્રીને લૂંટના બનાવમાં સામેલ બે આરોપીને પોલીસે ગણતરીના કલાકોમાં ઝડપી પાડી કોર્ટમાં રજૂ કરી ચાર દિવસના રીમાન્ડ મેળવી પૂછપરછ હાથ ધરી છે.

ઈન્દીરાનગર દૂધ મંડળીના મંત્રી રબારી પારસભાઈ વેરસીભાઈ બાઈક ઉપર જતા હતા તે દરમિયાન તેમનું બાઈક રોકાવી લોરવાડાના પ્રકાશભાઈ નાઈએ તેમને માથાના ભાગે ઊંધું ધારીયું અને રમેશભાઈ મણીલાલ નાઈએ ગડદાપાટુનો માર મારી તેમની પાસેનું રૂા.૨,૧૪, ૭૭૫ ભરેલું પર્સ લૂંટી લીધુ હતું. જે મતલબની તેમણે ભીલડી પોલીસ મથકે ફરીયાદ નોંધાવી હતી. જેથી પોલીસે ગણતરીના કલાકોમાં બંને આરોપીને ઝડપી પાડ્યા હતા અને ડીસા કોર્ટમાં રજૂ કરી ચાર દિવસના રીમાન્ડ મેળવ્યા હતા.જો કે લૂંટમાં ગયેલ રકમ પોલીસે હજુ સુધી રીકવર કરી નથી તેથી લૂંટને લઈ પંથકમાં અવનવી ચર્ચાઓએ જોર પકડ્યું છે ત્યારે પોલીસ ઉંડી અને તટસ્થ તપાસ હાથ ધરે તેવો જનમત પ્રવર્તે છે.

**ગતિશીલ ગુજરાતના પારદર્શી વહીવટના નામે બાહ્ય આડંબર**

# બનાસકાંઠા જિ. પ્રા.શિક્ષણાધિકારીની કચેરીમાં સી.સી.ટી.વી. કેમેરા શોભાના ગાંઠિયા સમાન

પાલનપુર

ગતિશીલ ગુજરાતમાં પારદર્શી વહીવટ કરાતો હોવાની ગુલબાંગો નો પર્દાફાશ કરતી ઘટનામાં બનાસકાંઠા જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની કચેરીમાં લાગેલા સી.સી.ટી.વી.કેમેરા માત્ર શોભાના ગાંઠિયા સમા હોવાની ચોંકાવનારી વિગતો બહાર આવી છે. આ સી.સી.ટી.વી.કેમેરામાં રેર્કોડિંગ થતું જ ન હોઈ તે માત્ર પારદર્શી વહીવટ કરાતો હોવાની ગુલબાંગો સાથે માત્ર બાહ્ય આડંબર માટે જ લગાવાયા હોવાની ગંભીર વિગતો બહાર આવતા ચકચાર મચી જવા પામી છે.

ગતિશીલ ગુજરાતમાં પારદર્શી વહીવટ કરાતો હોવાની ગુલબાંગો પોકારતા બનાસકાંઠા જિલ્લા પંચાયત ખાતેની શિક્ષણ કચેરીમાં સી.સી.ટી.વી. કેમેરા લગાવવામાં આવ્યા છે. જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની કચેરીમાં સૌજન્ય થકી લગાવેલા સી.સી. ટી.વી. કેમેરા કચેરીમાં જિલ્લાભર માંથી આવતા શિક્ષકો અને અરજદારો સહિત પ્રશાશન ની આંખોમાં ધૂળ નાખી માત્ર હાઉ ઉભો કરવા પૂરતો જ હોવાના અહેવાલ મળ્યા છે. કારણ કે, આ સી.સી. ટી.વી. કેમેરામાં કેદ થતા વિઝ્યુલ રેર્કોડિંગ તો થતા જ નથી. તો પછી આ સી.સી.ટી.વી. કેમેરા લગાવવા પાછળની કવાયત સામે અનેક

અનુસંધાન પાના નં.૬

**સી.સી.ટી.વી.ની આડમાં ગેરરીતિ????**

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી ની કચેરીમાં સી.સી.ટી.વી. લગાવવા પાછળ અહી પારદર્શી વહીવટ થતો હોવાની છાપ ઉપસાવવામાં આવી રહી છે. જોકે, સી.સી.ટી.વી. માં રેર્કોડિંગ થતું ન હોઈ અહી સી.સી.ટી.વી. ની આડમાં ગેરરીતિઓ આચરવા માં આવતી હોવાની રાવ ઉઠી છે. તાજેતરમાં જ કરોડો રૂપિયાના એક ટેન્ડરમાં લાખો રૂપિયાની ગેરરીતિ આચરાઈ હોવાની ફરીયાદમાં થયેલી આર.ટી.આઈ. માં સી.સી.ટી.વી.ફૂટેજ માંગતાં કેમેરાનું રેર્કોડિંગ સિસ્ટમ જ ન હોવાનું બહાર આવતા જ આ સી.સી.ટી.વી. કેમેરા માત્ર શોભાના ગાંઠિયા સમા હોવાનું બહાર આવતા ચકચાર મચી જવા પામી છે.

# કાંકરેજ તાલુકાના માંડલા ગામે ગૌચરના દબાણો હટાવાયા


યશપાલસિંહ ટી.વાઘેલા

## આખરે દબાણો હટતા પ્રજાને હાશકારો

તા.પ્રતિ. થરા

બનાસકાંઠા જિલ્લા પંચાયતના પૂર્વ ઉપપ્રમુખ અને ગુજકો માર્સોલના સસ્પેન્ડ કર્મચારી મસાજી નાથાજી ઠાકોરે પોતાના ગામ કાંકરેજ તાલુકાના માંડલા ગામમાં ગૌચરની જમીન પર કેટલાક તત્વોએ દબાણો કર્યા છે તે દુર થવા જોઈએ તેવી રજુઆત કરવા ઠેર ઠેર જતા હોવા છતાં તેમની રજુઆત કોઈ સાંભળતુ નથી તેવા આક્રોશ સાથે ગત શુક્રવારે જિલ્લા પંચાયત કેમ્પસમાં ઝેરી દવા ગટગટાવી આપઘાતનો પ્રયાસ કરતા વહીવટ-પોલીસ તંત્ર હરકતમાં આવ્યું હતું ને થરા પોલીસે માંડલા ગામના સરપંચ, ડે.સરપંચ તથા દબાણ કર્તા સહિત છ આરોપીઓને પકડ્યા હતા અને એક આરોપી ફરાર જાહેર કર્યો હતો. આ પ્રકરણ બાબતે ટીડીઓ-કાંકરેજ,

અનુસંધાન પાના નં.૬

# અનાપુર ગઢ ગામનું આંગણવાડી કેન્દ્ર શોભાનો ગાંઠીયો

પ્રતિનિધિ રવિયા

ગુજરાત સરકાર દ્વારા બાળકોના પાયાના શિક્ષણ અને આરોગ્યને ધ્યાને રાખી ગામડે-ગામડે આંગણવાડી કેન્દ્રો ખોલવામાં આવ્યા. આંગણવાડી કેન્દ્રો મારફતે બાળકોને કુપોષણ મુક્ત બનાવવા પૌષ્ટિક આહાર અને બાળભોગ જેવી જ ચીજવસ્તુઓનું વિતરણ કરવામાં આવે છે. ત્યારે ધાનેરા તાલુકાના અનાપૂરગઢ ગામની આંગણ વાડીઓનો જથ્થો બારોબાર કાળા બજારમાં જતો હોવાનું ગામલોકોમાં ચર્ચાસ્પદ બન્યું છે. એટલું જ નહીં આખા દિવસ દરમ્યાન આંગણવાડી કેન્દ્ર માંડ એકાદ- બે કલાક ચાલુ દેખાય છે. તેથી અનાપૂરગઢ આંગણવાડી કેન્દ્ર શોભાના ગાંઠિયા સમાન ભાસે છે. જેથી આરોગ્યતંત્ર અને જવાબદાર તંત્ર દ્વારા તપાસની માંગ ઉઠવા પામી છે.

# થરાદમાં જ્વેલર્સની દુકાનમાં તસ્કરો ત્રાટક્યા


વિષ્ણું દવે

પ્રતિનિધિ થરાદ

થરાદ શહેરમાં મુખ્ય બજારમાં સુંધા જ્વેલર્સની આવેલી છે. આ જ્વેલર્સની દુકાનના ઉપરના માળનું પતરૂં ઉંચુ કરીને પ્રવેશેલા તસ્કરે દુકાનમાંથી તીજોરી આડી પાડીને તોડી હતી.તેમજ અન્ય બોક્સમાંથી મળીને ૨૨ ગ્રામ સોનુ તથા ચાંદી અને ૮૫૫૦ની સાથે અંદાજે ૭૦ હજાર ઉપરાંતની ચોરી થવા પામી હતી. શહેરની મધ્ય બજારમાં આવેલી દુકાનમાં ચોરી થતાં અન્ય વેપારીઓમાં ભય સાથે ફફડાટની લાગણી ફેલાવા પામી હતી.

બીજી બાજુ તસ્કરે ઉપરથી દુકાનમાં ઉતર્યા બાદ પરત ઉપર જવા માટે દુકાનમાં રહેલી નિસરણીનો ઉપયોગ કર્યો હતો.તથા દુકાનનાં બહારનાં બે શટર બંધ રહેતા હોય ત્યારે પણ અંદરથી ઉપર જઈ શકાય તે દરવાજો જ્વેલર્સની દુકાનમાંથી બંધ રહેતો હોવા છતાં પણ તે દરવાજો તોડ્યા વગર ખોલીને તસ્કરે અંદર પ્રવેશ કર્યો હતો. આથી જ્વેલર્સ દરવાજો બંધ કરવાનું ભુલી ગયા હોય અથવા તો કોઇ એ પ્રી પ્લાનથીખુલ્લો રાખ્યો હોવાનો તર્ક ઉઠતાં સમગ્ર બનાવમાં કોઇ જાણભેદુનો હાથ હોવાની ચર્ચા પણ ઉઠવા પામી હતી. સોમવારની મોડી સાંજે જ્વેલર્સ મહેશભાઇ દ્વારા પોલીસ ફરીયાદ કરવાની તજવીજ હાથ ધરવામાં આવી હતી.

# ભાભરના કુવાળા ગામેથી ચાર જુગારીયા પકડાયા : ચાર ફરાર

## ૩ બાઈક, ૨ મોબાઈલ અને રોકડ મળી કુલ રૂા.૧,૦૪, ૩૨૦ નો મુદ્દામાલ કબ્જે


વનરાજસિંહ રાઠોડ

તા.પ્રતિ. ભાભર

ભાભર તાલુકાના કુવાળા ગામે તીનપત્તીનો જુગાર રમતા ચાર ઈસમો રંગેહાથ ઝડપાઈ ગયા હતા જ્યારે પોલીસને જોઈ ચાર જુગારીયા ભાગી જવામાં સફળ થયા હતા પોલીસે ૩ બાઈક, ૨ મોબાઈલ અને ૧૨૩૨૦ ની રોકડ કબ્જે લઈ કુલ આઠ ઈસમો સામે જુગાર ધારા હેઠળ ગુનો નોંધાતા ફફડાટ ફેલાયો છે.

જિલ્લા પોલીસ અધિક્ષકની સુચનાથી ભાભર પોલીસ રાત્રી દરમ્યાન પેટ્રોલીંગમાં હતી. ત્યારે ખાનગી બાતમી વાળી જગ્યા ભાભર તાલુકાના કુવાળા ગામના રમેશ શંકરજી ઠાકોરના બંધ મકાનની બહાર જાહેર જગ્યામાં તીનપત્તીનો જુગાર રમતાં ઈસમો ઉપર પોલીસ ત્રાટકી હતી જેમાં જુગાર રમી રહેલા સુડા મફાજી ઠાકોર(રહે.કુવાળા), પોપટ વેરશીજી ઠાકોર(રહે.કુવાળા), ભુદર વાહજી ઠાકોર (રહે.મીઠા) અને

અનુસંધાન પાના નં.૬

# થરાદની ખોડા ચેક પોસ્ટ પાસે કન્ટેનરમાંથી રૂા.૪૪.૧૭ લાખનો વિદેશી દારૂ ઝડપાયો

## કન્ટેનરના ચાલક અને ક્લીનરની અટકાયત


વિષ્ણુ દવે

પ્રતિનિધિ થરાદ

જિલ્લા પોલીસ અધિક્ષક નીરજ બડગૂજરની દારૂની બદી સંપુર્ણ પણે નેસ્તનાબુદ કરવાની સુચના આધારે તેમજ નાયબ પોલીસ અધિક્ષક ઉમેશ પટેલનાઓના માર્ગદર્શન આધારે થરાદ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેક્ટર એ.બી.પટેલ તથા સાથેના એ.એસ.આઇ.પ્રતાપસિહ દેવાજી તથા અ.પો.કોન્સ. દશરથભાઇ હીરાભાઇ તથા અ.પો.કો. દિલીપકુમાર સવદાસભાઇ તથા અ.પો.કો. કમલેશભાઇ મેધરાજભાઇ તથા ગુલાબભાઈ રાણાભાઇ નાઓ સાથે ખોડા પોલીસ ચેકપોસ્ટ ઉપર પ્રોહી લગત નાકાબંધી કરી બાતમી હકીકતવાળી ટ્રક નંબર એચ. આર.૬૭.બી. ૫૩૫૩ ની પંચો રૂબરૂ જડતી તપાસ કરતા સદરે ગાડી માંથી ગે.કા.અને વગર પાસ પરમીટ ની અલગ અલગ બ્રાન્ડની પરપ્રાન્તીય દારૂ ની કુલ બોટલ નંગ.૩૪૩૨ કિ.રૂ.૮, ૩૨,૮૦૦/- નો મળી તથા ચોખાના કટ્ટા નંગ-૩૯૬ કિ.રૂ.૧૫, ૮૪૦૦૦/- તથા બે મોબાઇલ તથા ટ્રક મળી

અનુસંધાન પાના નં.૬

# પાલનપુરના ગોઢ પાસે બાઇક સ્લીપ ખાતા ચાલકને ઇજા


સંજય જોષી

પાલનપુર

પાલનપુર તાલુકાના ગોઢ ગામ પાસે બાઈક સ્લીપ ખાતા ચાલકને ઈજા થઇ હતી. જેને સારવાર અર્થે પાલનપુર સિવિલમાં ખસેડાયો હતો. ગોઢ ગામ પાસે કૂતરાને બચાવવા જતા બાઈક સ્લીપ ખાઈ ગયું હતું. જેમાં જડિયાલ ગામના ૪૦ વર્ષીય સેધાભાઈ વિરાભાઈ ઠાકોર નામના બાઈક ચાલકને ગંભીર ઈજા થતા તેઓને ૧૦૮ મારફતે સારવાર અર્થે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો.